
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ 33 ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

તા. 6/XI/68

नमो अरिहं - अरहं - अरुहं ताणं |

રાગ - દ્વેષ : શત્રુને હણનારા
જ્ઞાન - દર્શન - ચારિત્રને આરાધનારા
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન - શરણાગમનને કરનારા
તમને નમસ્કાર, સત્કાર, સન્માન [illegible]
ચાલુ છે
ભવસમુદ્રમાં દ્વીપ છો. મોહાંધકારમાં દીપક છો.
તમો શરણભૂત છો, ગતિ છો, આલંબન છો
આશ્રય છો, આધાર છો

o

રાગી દોષવાન્ ન પશ્યતિ |
દ્વેષી ગુણવાન્ ન પશ્યતિ |
મોહી કારણં ન ગચ્છતિ |

જ્ઞાની સ્વદોષાન્ પશ્યતિ |
શ્રદ્ધાવાન્ પરગુણાન્ પશ્યતિ |
ચારિત્રવાન્ સ્વકારણં ગચ્છતિ |

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# નમો મણિપૂરચક્રં તૃતીયમ્ ।




મણિપૂરચક્કે અડદલે, મજ્ઝાદિસાસુ ચ પંચપરમિટ્ઠા ।
વિદિસાસુ નાણ - દંસણ - ચારિત્ત - તવાઇં ઝાએમિ ॥

: અર્થ :

મણિપૂરચક્ર આઠ પત્રવાળું છે.
તેના મધ્યમાં 'શ્રી અર્હદ્‌ભ્યો નમઃ' તથા દિશાઓમાં
'શ્રી સિદ્ધેભ્યો નમઃ' 'શ્રી સૂરિભ્યો (આચાર્યેભ્યો) નમઃ'
'શ્રી ઉપાધ્યાયેભ્યો નમઃ' 'શ્રી સર્વસાધુભ્યો નમઃ'
એ પંચ પરમેષ્ઠિ તેમ જ વિદિશાઓમાં 'શ્રી દર્શનાય નમઃ'
'શ્રી જ્ઞાનાય નમઃ' 'શ્રી ચારિત્રાય નમઃ' 'શ્રી તપસે નમઃ'
એ પ્રકાશે છે, તેમનું ધ્યાન કરું છું.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ 33 ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

**HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

**VOLUME - 33**

July 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

**PUBLISHER**



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust



Mumbai / Rajkot

team@mindfiesta.com

**SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

**SHRI AARADHNA DHAM JAIN TIRTH**


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


**ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# કલ્પનાતીત સ્વાધ્યાયના સ્વામીની આત્મજાગૃતિની સાથે...



સાત-સાત દાયકા સુધીની એ ક્ષણો કેવી હશે કે જ્યારે વીસમી સદીના એક અપૂર્વ યોગી પુરૂષે અધ્યાત્મના અદ્‌ભૂત ભાવોને સ્વ અંતઃસ્થલમાં જગાવીને રોજનીશીનાં પાનામાં ટાંકી દીધા તથા જેના સ્વાધ્યાય દ્વારા કેવી - કેટલી આત્મજાગૃતિ કેળવી હશે, તે માટે ફક્ત એક જ શબ્દ મળે છેઃ ‘કલ્પનાતીત’.

આજે એ સમયખંડ સ્મરે છે કે જ્યારે પાલીતાણાના ચાતુર્માસમાં પરમ પૂજ્ય અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં અનેક આચાર્ય ભગવંતોની વિશિષ્ટ પ્રવચન શ્રેણી ચાલતી. તેવા સમયે પૂજ્યશ્રીનાં હાથમાં ડાયરી હોય અને સાતત્યપૂર્ણ સ્વાધ્યાય કરતાં હોય! આવા માહોલ વચ્ચે પણ આ ડાયરીના ભાવોમાં તેઓને એકકાર બનેલા જોઈને અમોને થતું કે સાહેબ એવું તે શું વાંચતા હશે કે જાણે અમૃતના ઘૂંટડાનું પાન કરતા હોય તેવું લાગે છે. એક વખત આ વિષે સહજ ભાવે પુછાઈ જવાયું અને સાહેબે જે કહ્યું તેના ભાવો આવા કંઈક હતાંઃ ‘તમારા ગુરૂમહારાજ સાહેબજીની રોજનીશીઓમાં રહેલા આ અક્ષરોમાંના અચિન્ત્ય અધ્યાત્મ ભાવોનો હું નિત્ય આસ્વાદ માણું છું.’

અહાહા... મુખમાંથી ઉદ્‌ગાર થઈ જાય કે કમાલ-કમાલ!

જે ડાયરીઓ આવા યોગનિષ્ઠ મહાત્માઓનાં હસ્તકમલ અને નયનપથમાંથી પસાર થઈ છે, તેમાં રહેલા આત્મકલ્યાણગામી ચિંતનોનાં પવિત્ર ભાવો આજે અનેકોના હૃદયકમળમાં અસરભૂત બની રહ્યા છે, તેમાં કોઈ જ નવાઈ નથી. અરે કેવા-કેવા વિષયોના ચિંતનો છે આ રોજનીશીઓમાં... નમ્રતા-નિર્ભયતા- નિશ્ચિંતતા...!

'નમ્ર જીવ નિર્ભય બને છે, ભક્ત જીવ નિર્વૈર બને છે તથા વાત્સલ્યવાન જીવ ખેદરહિત બને છે. નમો = નિર્ભયતા, અરિહં = નિર્વૈરતા, તાણં = અખેદિતા. નિર્ભયતાદિ ગુણોના કારણે જીવ બીજા વડે પીડા પામે તો પણ તેનું જીવન કૃતાર્થ થાય છે. ધૂપસળી જેમ બળીને પણ બીજાને સુવાસ આપે છે, તેમ નિર્ભયતાદિ ગુણોવાળા જીવો બીજાથી પીડા પામે તો ય ગુણોની સુવાસને ફેલાવનારા થાય છે.

જ્યાં ભય છે, ત્યાં સતત અવિશ્વાસ તથા ઉદ્વેગ હોય છે.
જ્યાં ભય નથી, ત્યાં બીજા પ્રત્યે અવિશ્વાસ કે દ્વેષ હોતો નથી અને
જ્યાં એ બે હોતા નથી, ત્યાં ઉદ્વેગ કે કંટાળાની લાગણી પણ હોતી નથી.'

આવા અલભ્ય ચિંતનો સાથે સાહેબજીને આત્મા સાથેનું અનુસંધાન કેવું હશે, તે પણ આગળ જોઈએઃ 'દ્રવ્યદ્રષ્ટિએ સ્વરૂપથી આત્મા શુદ્ધ છે, પરંતુ જ્યારે પર્યાયમાં એ શુદ્ધસ્વરૂપ અનુભવગોચર થાય, ત્યારે જ તેનું સાર્થકપણું થયું કહેવાય, અન્યથા બોલવામાત્ર ગણાય. આત્માનું અવલોકન એટલે સ્વરૂપદર્શન, આત્મદર્શન યા સમ્યગ્દર્શન - બધું એક જ છે. આત્મા પ્રત્યે જેવી દ્રષ્ટિ - જેવો સ્નેહ, તેવી જ દ્રષ્ટિ જગત પ્રત્યે, તેવો જ સ્નેહ સર્વ પ્રત્યે તે સમદર્શન છે. સ્વદેહ પ્રત્યે જેવો ભાવ, તેવો સર્વદેહ પ્રત્યે રાખવો, તે પણ સમદર્શન - સમવર્તન - સમભાવ છે.'

આવા અનુપમ ચિંતનોને ઉજાગર કરવામાં સૌથી મુખ્ય નિમિત્ત બનનારા સાહેબજીનાં પરમ ભક્તાત્મા **સી.કે.મહેતા**ને યાદ કરવા સહજ છે. તેમના ઉદાર અર્થસારથિપણાં વગર આ જ્ઞાનરથ કઈ રીતે આગળ ચાલી શકત? તો મહેનત કરીને પોતાની આંતરગુરૂભક્તિ સાથે પૂર્વભવની સાધનાથી પ્રાપ્ત થયેલ સમ્યગ્જ્ઞાનના ક્ષયોપશમનો ઉપયોગ કરીને આવી રૂડી-રૂપકડી કૃતિઓ સૌના હાથમાં રમતી કરનારા પૂજ્ય પંન્યાસજી ગણિવર્યશ્રીનાં હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધુ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો શ્રમ-પરિશ્રમ એ ભક્તિના ભાવમાં જ ઓગળીને સ્પર્શ્યો છે, જેનું પરિણામ એટલે જ આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના અનુપમ ભાગ ૧ થી ૩૩.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

જુલાઈ, ૨૦૨૦









वीणापाणि माँ मुझको, दे दो यह वरदान ।
कलम सृजन जब भी करे, करे लक्ष्य संधान ॥
वास करो वागेश्वरी, जिव्हा के आधार ।
शब्द सृजन हो जब करे, विकसित हो संसार ॥

## મોક્ષનાં ચાર અંગ

મનુષ્ય ગતિમાં જન્મ, ધર્મનું શ્રવણ (જ્ઞાન),
ધર્મ ઉપર શ્રદ્ધા (દર્શન) તથા
ધર્મમાં બળ-વીર્ય ફોરવવું (ચારિત્ર) ઉત્તરોત્તર દુર્લભ છે.

પ્રશ્ન: આત્મજ્ઞાનની પ્રાપ્તિનો ખરો ઉપાય કયો?
ઉત્તર: મનની શાંત કે અક્રિય અવસ્થા કરવી તે.
સર્વથા અક્રિય થવાથી આત્મસ્વરૂપનો અનુભવ થાય છે.
શરીર, મન અને ઇંદ્રિયોને નિષ્ક્રિયપણે સ્થિર કરવા.
શરીરને અક્રિય કરવા માટે આસન સિદ્ધ કરવું જોઇએ.
નેત્રને ભ્રૂમધ્યમાં સ્થાપવાં, તેથી ત્રાટક સિદ્ધ થાય છે.

ભૂતમાત્ર પ્રત્યે અંતઃકરણને
દયાવાળું અને પ્રેમની લાગણીવાળું કરવું જોઇએ, તેથી
એકાગ્રતા થવામાં સહાય મળે છે અને
પરમાત્મતત્ત્વ, જે અંદર રહેલું છે, તેની નિકટ અવાય છે.

ભૂતમાત્ર ઉપર અમર્યાદ પ્રેમ એ
સર્વ પ્રકારની સિદ્ધિનું અમોઘ સાધન છે,
તેથી આત્મભાવના માટેની યોગ્યતા પ્રકટ થાય છે.

માણસજાતની એક ભલા માટે કરાયેલું
જીવનનું સમર્પણ જ છે જીવનની સાચી સુખદ કૂંચી.

## આત્મા એ...

સર્વ સુખનું નિધાન છે, સમગ્ર કલ્યાણનો ભંડાર છે,
સમગ્ર શક્તિનો મહાનિધિ, કૈવલ્યલાભનો મહાસાગર છે.
અહીં આત્મસ્વરૂપને અભિમુખ થવું તથા
વૃત્તિની એકાગ્રતાપૂર્વક આત્મસ્વરૂપનું ધ્યાન કરવું,
એ સર્વ પ્રકારના પ્રયત્નોમાં શ્રેષ્ઠ પ્રયત્ન છે.
આત્મસ્વરૂપમાં સુરતા સાધવી તે મહાયોગ છે.

## ભેદ તથા અભેદ એટલે શું?

ભેદ એટલે અભક્તિ અને અભેદ એટલે ભક્તિ.
વ્યક્તિરૂપે જીવોનો ભેદ હોવા છતાં
સમષ્ટિરૂપે - જાતિરૂપે અભેદ છે,
પર્યાયરૂપે ભેદ છતાં દ્રવ્યરૂપે અભેદ છે,
ગુણરૂપે ભેદ છતાં ગુણરૂપે અભેદ છે.
જાતિથી સાદૃશ્ય એ ભેદોપાસનાનું કારણ છે
અને દ્રવ્યથી એકત્વ એ અભેદોપાસનાનું કારણ છે.
o ધર્મનું મૂળ દયા અને પાપનું મૂળ અહંકાર.
દુઃખિત દુઃખ પ્રહાણેચ્છા એ દયા છે. તે ઇચ્છાનો પ્રકર્ષ
જ્યાં છે, તે દેવોના પણ દેવ છે, તેથી સદા વંદનીય છે.
દયામાં આત્મીયતાની લાગણી છે, તેથી

તેને સમર્પિત થવું એ કર્તવ્ય છે અને એ જ ભક્તિ છે.
એ ભક્તિમાં અહંકારને લેશમાત્ર સ્થાન નથી,
તેથી તે પરમ વીતરાગસ્વરૂપ છે.

અહંકારમાં દયાનો અસ્વીકાર છે અને દયામાં અહંકારનો તિરસ્કાર છે. અશાંતિનું કારણ અહંકાર છે. ભક્તિ વિના ચિત્તની શાંતિ પ્રાપ્ત થવી અશક્ય છે. તપ, જપ, શ્રુત અને ક્રિયાનો અહંકાર પણ લોકોત્તર માર્ગની પ્રગતિમાં બાધક છે. જેની કરુણાથી તપ, જપ, શ્રુત અને ક્રિયાની પ્રાપ્તિ છે, તેની સ્મૃતિ હૃદય ઉપર નિરંતર રહેવાથી અહંકાર 'અનુત્થાનહતઃ' થઈ જાય છે.

## આત્મજ્ઞાન એટલે શું?

આત્મજ્ઞાન એટલે આત્માના અનંત સામર્થ્યનું જ્ઞાન,
આત્માના અનંત માધુર્ય અને સૌંદર્યનું જ્ઞાન અને
આત્માના અનંત ઐશ્વર્યનું જ્ઞાન.

આત્મજ્ઞાન એટલે માત્ર ચિંતનાત્મક કે માત્ર પ્રયોગાત્મક જ્ઞાન નહિ કિન્તુ અનુભવાત્મક-સ્વસંવેદનાત્મક જ્ઞાન. ચિત્તના સર્વ શોક-સંતાપને દૂર કરવાનું સામર્થ્ય તે આત્મજ્ઞાનમાં જ છે, તે માટે સંજ્ઞામાંથી પ્રજ્ઞામાં જવાનું છે અર્થાત્ *From instinct to intuition.*

પ્રયત્નો સૂર તે છે કે: Thy ocean is so great but my boat is so small.
આત્મજ્ઞાન બૌદ્ધિક નહિ, તે ખૂબ ઊંડે પ્રયત્નમાં છે.
Not by intellect but by intuition.

## ભાવપૂજાનાં આઠ પુષ્પ

(૧) અહિંસા = દયા (૨) ઇંદ્રિયનિગ્રહ - શીલ = સુકૃત
(૩) સર્વભૂત દયા = અસ્તેય (૪) વિશેષતઃ ક્ષમા = શીલ
(૫) જ્ઞાન = અપરિગ્રહ (૬) તપ = જ્ઞાન
(૭) ધ્યાન = ગુરુભક્તિ (૮) સત્ય = તપ.

૦ ક્ષમા માંગવાથી જ અપરાધમાત્રની ઉત્તમોત્તમ શાંતિ થાય છે, અન્ય કોઈ પણ પ્રકારે તે થતી નહિ.

## ઉત્કૃષ્ટ કોટિનું સમત્વ એટલે...

'હું' માત્ર આ દેહમાં જ છું એમ નહિ પણ
બધા ય દેહમાં 'હું' છું એવો ભાવ.
'સમત્વં યોગ ઉચ્યતે ।'

સામાનું હૃદય જો તમારા કરતાં વધારે પવિત્ર હશે,
તો તેના પ્રત્યે સેવેલા અશુભ ભાવો
ગોશાળાએ ફેંકેલી તેજોલેશ્યાની જેમ
પાછા ફરીને તમને જ હાનિ કરશે.

૦ પર્યુષણ પર્વ એ આત્મશુદ્ધિનું મહાપર્વ છે.
પર્યુષણ પર્વ એ ક્ષમાયાચનાનું મહાપર્વ છે.
જે પોતાની ભૂલની ક્ષમા માગવા જેટલી નમ્રતા અને
બીજાની ભૂલને જતી કરવા જેટલી ઉદારતા દાખવે છે,
એ પોતાના આત્માને ફૂલ જેવો હળવો અને
કંચન જેવો નિર્મળ કરી જાણે છે.
તપની કસોટી સમતાની પ્રાપ્તિ, કષાયોની
મુક્તિ અને મૈત્રીભાવની જાગૃતિ છે.
પર્યુષણ મહાપર્વ આંતર અવલોકન કરવાની અને
ધર્મના માર્ગે ચાલવાની મહાપ્રેરણા આપે છે.
પર્યુષણ પર્વ એ આંતરખોજનું અને
ઉપવાસ દ્વારા આત્મશુદ્ધિનું મહાપર્વ છે.

## તીર્થંકરોની આજ્ઞા શી છે?

અનેકવાર દુર્લભ, મહામુસીબતે મળેલા
મનુષ્યજન્મને પામીને કોઈપણ પ્રાણીના
પ્રાણની હિંસા ન કરવી એવી તીર્થંકરોની આજ્ઞા છે.
વળી સમસ્ત જીવો તરફ સમભાવ રાખવો,
બીજાના પ્રાણોને પોતાના પ્રાણો સમાન ગણી
હિંસા અને વૈર - વિરોધથી વિરત થવું તેવી આજ્ઞા છે.

વિનોબાજી સરસ કહે છે કે:

નિદ્રા અને જાગૃતિ - એ બન્નેના ગુણ મળીને
સમાધિ બને છે અને બેઉના દોષ મળીને સ્વપ્ન બને છે.
સમાજ જો વ્યક્તિની સ્વતંત્રતાની રક્ષા કરે અને વ્યક્તિ
સમાજને પોતાની શક્તિના એક અંશનું દાન કરે, તો
વ્યક્તિ - સમાજ વચ્ચેના ઘર્ષણનું દ્વંદ્વ આપોઆપ શમે.

o ભવનિર્વેદસ્યૈવ તત્ત્વતો ભગવદ્બહુમાનત્વાત્ ।
ભવનિર્વેદ એ જ ભગવાનનું તાત્ત્વિક બહુમાન છે.
ભવ એટલે સંસાર.
તેના ઉપર નિર્વેદ - ગ્લાનિ - ખેદ કે ઉદ્વેગ થવો,
એ જ વસ્તુતઃ ભગવદ્ બહુમાન છે.
ભગવાન ભવથી મુક્ત થયા = વિષય - કષાયથી મુક્ત થયા.
તે મુક્તિને ઇચ્છવી તે ભગવદ્ બહુમાન છે.
દોષદર્શનરૂપ વૈરાગ્યથી વિષયોમાંથી મુક્ત થવાય અને
જીવોમાં ગુણદર્શનરૂપ ભક્તિથી કષાયમાંથી મુક્તિ મળે છે.
કષાયની ઉત્પત્તિ વિષયોના રાગમાંથી થાય છે.
દોષદર્શનથી વિષયોમાં વૈરાગ્ય થાય છે,
તેથી ક્રોધ - માન - માયા - લોભ - આ કષાયો મંદ પડે છે.
મંદ પડેલા કષાયો જીવોમાં ગુણદર્શનથી નિર્મૂળ થાય છે.

o જીવાદિ તત્ત્વોને તે તે સ્વરૂપે ઓળખી તેને યોગ્ય
ભાવ, વર્તણુ, આંતરપરિણતિ દિલમાં ધારણ કરવા તે
તત્ત્વરુચિ છે અને તે જ સમ્યગ્દર્શન છે.
ગુરુસ્થાન વગેરે પાપતત્ત્વને ઉકરડા માનવું અહીં
સદા નિશ્ચય ધારણ કરવો કે:
'પાપ વિના દુઃખ આવે જ નહિ અને
દુઃખ આવે એટલે પાપ રવાના જ થાય.'
ઉપદ્રવકારક કર્મ શત્રુસ્થાને છે, જ્યારે
ઉપદ્રવ કરનાર જીવ મિત્રસ્થાને છે.
જીવમાત્ર સાથે મૈત્રીભાવ તથા કર્મમાત્ર સાથે શત્રુભાવ
એ પણ એક પ્રકારની તત્ત્વરુચિ છે.
o પ્રભુ તત્ત્વના ઉપદેશક છે, પ્રભુ માર્ગના દાતાર છે,
તે મુક્તિમાર્ગ તથા દર્શનપૂજનાદિમાં પરમ આલંબન છે,
રત્નત્રયીની આરાધનામાં પ્રભુ પરમ આદર્શ છે,
મોક્ષમાર્ગની આરાધનામાં પ્રભુ માર્ગદેશક છે.
જીવાદિ તત્ત્વોનો સદુપદેશ દેવા વડે જ્ઞાનાદિ ગુણોના દાતા છે.
o સાધનાનું સાધ્ય શું છે? આત્માનો અનુભવ.
અનુભવ પ્રત્યે દોરી જાય તો અનંતદુઃખ પણ સાર્થક છે.
લાભ અને લૂંટ પણ સત્ય તરફ લઈ જાય,
તો તે લાભ કે લૂંટ નહિ પણ સત્યની જ પ્રસ્તાવના છે.

૦ સનાતન ચિરંતની દિવ્ય પ્રભા ઉપર આવરણનો પડદો
નાંખવા ચિત્ત-ચેતના એ બે મળીને એક થવું જોઈએ.
અનુભવ = સાક્ષાત્કાર = ચિત્ત - ચેતનાનું અદ્વૈત.

ત્યાં પહોંચ્યા પછી બીજે પહોંચવાનું રહેતું નથી,
જે મેળવ્યા પછી બીજું મેળવવાનું રહેતું નથી,
જે પામ્યા પછી આ વિશ્વમાં જે કાંઈ છે-હતું-હશે,
તે સઘળું આત્મામાં પૂર્ણ વિરામ પામે છે,
આત્માના અનંતકાળમાં એકીભૂત થાય છે,
બુંદ બની અનંતમાં વિલીન થઈ જાય છે તથા
વામન બની વિરાટમાં મળી જાય છે અને
ટુકડાઓ એક અખંડમાં સમાઈ જાય છે.
સર્વ પંથો, ધર્મો અને સાધનાઓ
આ આધ્યાત્મિક અનુભવ માટે જ ઊભા થયા હોય છે.

આત્માને નિર્બળ, નિસ્તેજ અને નિરાધાર માનવાની
નાનકડી ભૂલમાંથી અનંત ભવભ્રમણ ઊભું થાય છે અને
આ ભ્રમમાંથી જીવ અનંતકાળનો ત્રાસ અનુભવે છે,
પણ જ્યારે એ ભૂલનું ભાન અને ભ્રમ ખ્યાલમાં આવે,
ત્યારે અનંત દુઃખની શિક્ષાનું વળતર પણ મળી રહે છે.
જીવને લાગે છે: આટલું દુઃખ સહન કર્યું તે સાર્થક છે.

અનંત દુઃખનો અનુભવ પણ જો
સત્કેને પંથે દોરી જનારો બને,
તો તે વહાલો લાગે છે, લાગવો જોઈએ.
જે રસ્તો ઈચ્છિત સ્થળે લઈ જાય, તે
ધોરી નહિ લાગતો પણ વહાલસોયો લાગે છે, તેના જેમ.
० श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥ સૂક્તિ:
आधे दोहे में कहूं, कोटि ग्रन्थ का सार ।
परपीडा सो पाप है, पुण्य सो परउपकार ॥
કર ભલા... ભલા હોગા, કર બુરા... બુરા હોગા.
આત્મા રાગ-દ્વેષ અને મોહથી બંધાયેલો છે.
આપણામાંથી પ્રથમ દ્વેષ જવો જોઈએ.
જેવો આપણો આત્મા છે, તેવો જ બીજાનો છે,
માટે તેના પ્રત્યે દ્વેષ રાખવો ન જોઈએ.
પછી રાગ ઓછો કરવો જોઈએ. રાગ સ્વ ઉંદર છે.
આત્મસ્વરૂપમાં સ્થિર - એકાગ્ર થતાં રાગ ઘટતો જાય.
રાગ-દ્વેષ બંનેનું મૂળ મોહ છે. આત્માનું સ્વસંવેદન
જ્ઞાન વધતાં, મોહ આપોઆપ વિલય પામી જાય છે.
સમ્યગ્દર્શનથી દ્વેષ, સમ્યગ્જ્ઞાનથી રાગ અને
સમ્યક્ચારિત્રથી મોહ જાય છે.

શરીર અને ઈંદ્રિયો ઉપર કાબુ મેળવવા માટે જેમ તપ તથા ત્યાગની જરૂર છે, તેમ મન ઉપર કાબુ મેળવવા માટે જપ અને ધ્યાનની પણ જરૂર છે. તપ-ત્યાગથી શરીર પરનો મોહ છૂટે છે, તો જપ - ધ્યાનથી મનની માયા મટે છે તથા આપણું મન શુદ્ધ થઈ જાય છે.

શુદ્ધ મનમાં આત્માનું સાચું પ્રતિબિંબ પડે છે.

o મૈત્રી એ આનંદનો ગુણાકાર - શક્તિનો ભાગાકાર છે. ક્ષમાની મદદ વડે મૈત્રીનું વિસ્તૃતીકરણ કરવું જોઈએ.

ગૌતમબુદ્ધ કહે છે: કરૂણા એ ધર્મવૃક્ષનું મૂળ છે.

મહાવીર પ્રભુ કહે છે: કરૂણા સમદૃષ્ટિનું લક્ષણ છે.

સમદૃષ્ટિ તથા સમ્યગ્દર્શન - એ બન્ને એકાર્થક છે.

સમદૃષ્ટિથી જ્ઞાન સમ્યગ બને છે અને

સમ્યગ્જ્ઞાનનું ફળ વિરતિ ધર્મની પ્રાપ્તિ થાય છે.

'જ્ઞાનસ્ય ફલં વિરતિ:।'

સર્વ પાપવ્યાપારોનો ત્યાગ એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે અને સમ્યગ્જ્ઞાન સમદૃષ્ટિની અપેક્ષા રાખે છે.

દયા એ દ્વિગુણ છે.

જેની પ્રત્યે તે દર્શાવવામાં આવે તેને કાંઈને કાંઈ મળે છે અને દયા દર્શાવનારો સંતોષને અનુભવે છે.

મૈત્રી એ પરહિતચિન્તનરૂપ છે.
પર એટલે બીજા અને પર એટલે શત્રુ.
શત્રુનું પણ હિતચિન્તન એ મૈત્રીની પરાકાષ્ઠા છે,
બીજું જ બીજું નામ ક્ષમાધર્મ છે.
મૈત્રી સ્નેહપરિણામરૂપ છે,
ક્ષમા એ સ્નેહપરિણામનો જ અધિક વિકાસ છે.

પરહિતચિન્તનનો ઉત્કૃષ્ટ અર્થ:

'પોતાનું સર્વોત્કૃષ્ટ હિતચિન્તન' એમ પણ છે.
ઈશ્વરભક્તિ અને આત્મોન્નતિ - એ પર્યાયવાચી છે.
'વીતરાગ' એ રાગ-દ્વેષ અને
અજ્ઞાનરહિત શુદ્ધ આત્માનું વિશેષણ છે.
પરમાત્માનું ધ્યાન એ પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે.
વીતરાગ પરમાત્મા એ પોતાનું જ પરિશુદ્ધ સ્વરૂપ છે.

તાત્ત્વિક સ્મૃતિભ્રંશ એટલે...

પોતાના નિર્મળ - પરિશુદ્ધ આત્મસ્વરૂપનું વિસ્મરણ.
આત્મનિષ્ઠતા ગુમાવવી તે બુદ્ધિનાશ છે.

સ્મૃતિ તથા ભક્તિ એટલે...

પોતાના આત્મસ્વરૂપનું નિત્ય સ્મરણ તે સ્મૃતિ તથા
પોતાના આત્મસ્વરૂપમાં નિષ્ઠા તે ભક્તિ છે.

દયાનું સ્વરૂપ = દયાવાનને સંતોષ, દયનીયને આનંદ.

તમને જો દુઃખ અપ્રિય છે,
તો સંસારના સર્વ જીવોને પણ તે અપ્રિય છે.
સર્વ પ્રાણીઓના આત્મા એકસરખા છે, માટે
સર્વ તરફ કરૂણા, મૈત્રી, ક્ષમા, પ્રમોદ અને માધ્યસ્થ
ધારણ કરવા તે જ ખરો ધર્મ છે.

o

પાંચ શાશ્વત સત્યો - વિશ્વના સૌ ધર્મગ્રંથોનો સારાંશ

(1) unity and sanctity of life.
જીવનની એકતા અને પવિત્રતા મહત્વપૂર્ણ છે.

(2) continuity of life after death.
મૃત્યુ પછી પણ જીવનની અવિરતા રહેલ છે.

(3) Faith in absolute moral values.
નિરપેક્ષ મૂલ્યોની પ્રતિષ્ઠામાં શ્રદ્ધા આવશ્યક છે.

(4) Actions have their results.
કર્મવિપાકની અટલતા નિશ્ચિત છે.

(5) There is order in the world.
વિશ્વરચનામાં સુંદર વ્યવસ્થા રહેલી છે.

synthesis of all the religions
orders of the world.

0 ધ્યાનપૂતે જ્ઞાનજલે રાગદ્વેષમલાપહે।
યઃ સ્નાતિ માનસે તીર્થે સ યાતિ પરમાં ગતિમ્ ॥૧॥
સૂક્તિ: ધ્યાનથી પવિત્ર થયેલ, રાગ-દ્વેષરૂપી મળને
દૂર કરનાર, જ્ઞાનરૂપી જળ દ્વારા માનસરૂપી તીર્થમાં
જે સ્નાન કરે છે, તે પરમગતિમાં જાય છે.

0 ધર્મપ્રશંસા એ ધર્મનું જનક છે,
ગુણપ્રશંસા એ ગુણનું જનક છે તથા
સુકૃતપ્રશંસા એ સુકૃતનું જનક છે.
ઈર્ષા - અસૂયા તે જનકને જ બાળી નાંખે છે,
તેથી જન્માંતરમાં ધર્મ, ગુણ કે સુકૃત પામવા માટે
દુર્લભ બની જાય છે.

0 ભક્તિ એ પરમ વિરક્તિરૂપ છે, કારણ કે
તે 'અહં' પ્રત્યેના રાગની વિરોધિની છે.
સ્વદોષનો પક્ષપાત એ રાગ છે,
પરગુણનો પક્ષપાત એ તેનો પ્રતિપક્ષ છે.
ભક્તિ વડે સ્વદોષ પક્ષપાતરૂપી રાગ અને પરગુણ
ઉપેક્ષા કે માધ્યસ્થ્યરૂપી દ્વેષ ઉભયનું નિરાકરણ થાય છે.
ભવભ્રમણના સ્મરણથી વૈરાગ્ય જાગે છે
અને મુક્તિના સ્મરણથી ભક્તિ જાગે છે.

વૈરાગ્યથી મોહ ભાગે છે, ભક્તિથી વિશ્વાસ આવે છે.

'स्वकार्यं परकार्यं च साधयतीति साधुः ।'

સાધુ: પોતાના કાર્યને અને બીજાના કાર્યને સાધે,
તે 'સાધુ' કહેવાય.

o મનુષ્યને પ્રાપ્ત થયેલ વસ્તુના સુખ કરતાં
નહિ પ્રાપ્ત થયેલ વસ્તુનું દુઃખ ઘણું થાય છે,
તેનું કારણ તેઓ પોતાના મનને વર્તમાનમાં
જોડી રાખવાનો અભ્યાસ કર્યો નથી.

o શરીરનું વજન કેટલું જોઈએ?
પાંચ ફૂટ ઊંચાઈ હોય તો ૧૦૦ રતલ અને
ત્યાર પછી દર ઈંચ દીઠ ૩ રતલ વધારે.

o

God's great love is waiting for all His children, that they may become aware of their true sonship and return to Him in the joy of the omnipresent loving God.

o When a thing done is done, don't look back but look forward to your next objective.

બુધવાર, 22/11/1967

(૧) ૧૦ મિનિટથી ૪૮ મિનિટ પર્યન્ત સિદ્ધાસને બેસવું.

(૨) ૐકારં બિન્દુ સંયુક્તં શ્લોકનું સુમધુર સ્વરે ગાન અને ૧૦ મિનિટ જાપ કરવો.

(૩) પાંચ મિનિટ મનને નિર્વિચાર કરવા પ્રયત્ન કરવો.

(૪) આત્મતત્ત્વનું ચિન્તન કરવું.

(૫) પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વ જોવાનો અભ્યાસ.

(૬) રોજ એક કલાક મૌન કરવું.

(૭) ચર્ચા-વિવાદનો ત્યાગ કરીને મધ્યસ્થભાવ ભાવવો.

- અચરતલાલ

ધ્યાન પ્રક્રિયા માટે મન-વચન-કાયાને સ્થિર કરો.

મનને આત્મધ્યાને સ્થાપી તે દ્વારા આત્મરમણતા કરો.

મનને નિર્વિચાર કરી આત્મતત્ત્વનું ચિન્તવન કરો.

પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વને જુઓ.

મૌન અને માધ્યસ્થ્ય કેળવો.

દુષ્કૃતોની નિન્દા કરી સર્વ સુકૃતોની અનુમોદના કરો.

અરિહંતાદિનું શરણું સ્વીકારો.

મિત્રભાવ વડે શત્રુભાવને તથા પ્રમોદભાવને વિકસાવી તથા કરુણા અને માધ્યસ્થ્ય ભાવને કેળવો.

0 'સબ ઘટ સાંઈ રમે હૈ સૂની સેજ ના કોઈ |'

0 ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ | અર્થાત્ઃ
હે અર્જુન! ઈશ્વર સર્વ જીવોના હૃદયમાં રહે છે.

0 અહં શક્તિ - દરિદ્રઃ સંસારી ઉચ્યતે
સ્વ શક્તિવિકાસે તુ શિવ એવ સ |
અર્થાત્ઃ આ શક્તિ દરિદ્ર, સંસારી કહેવાય છે.
પોતાની શક્તિનો વિકાસ થાય તો તે જ શિવ છે.

0 મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ |
અર્થાત્ઃ મારો જ અંશ જીવલોકમાં જીવભૂત નિત્ય છે.

0 તત્ સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્ | - તૈત્તિરિય ઉ૦
અર્થાત્ઃ તે સર્જન કરીને તેમાં જ પ્રવેશ કરે છે.

ગુરુ એટલે ભગવદ્ શક્તિ

ગુરુર્વૈ પારમેશ્વરી અનુગ્રાહિકા શક્તિઃ | અર્થાત્ઃ
પરમાર્થનું ગ્રહણ કરાવવાવાળા ગુરુ ભગવદ્ શક્તિ છે.
ગુરુ એટલે માર્ગદેશક, માર્ગદર્શક, સર્વાધિષ્ઠાન, ચૈતન્યઘન.
અદ્વિતીય બ્રહ્મની સાથે સંબંધ કરાવનાર ગુરુતત્ત્વ છે.
સચ્ચિદ્ બ્રહ્મ ગુરુઃ સાક્ષાત્ પૂજ્યં સેવ્યમહર્નિશમ્ |
રામકૃષ્ણાદિદેવાનાં સદ્ગુરુબ્રહ્મતારકમ્ ||૧||

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

આ ગુરુનો માટીનો વિગ્રહ પણ ફલીભૂત થાય છે.
આ ગુરુની પત્થરની મૂર્તિ પણ સર્વ કામદ બને છે.
પત્થર અને માટીના બનેલા ગુરુમૂર્તિમાં પણ ફળ દેવાનું
સામર્થ્ય છે, તો સાક્ષાત બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુની અનન્ય
ભક્તિ સેવાપૂજા, સ્તવના કઈ વસ્તુની પ્રાપ્તિ ન કરાવે?

શિષ્યમાં વિવેક અને વૈરાગ્ય આવશ્યક છે.
વિવેકથી આત્મ-અનાત્મભેદ સમજાય છે.
વૈરાગ્યથી અનાત્મભાવ પ્રત્યે જુગુપ્સા પેદા થાય છે
અને આત્મભાવમાં સ્થિરતા આવે છે.

ભક્ત તે છે કે જે ભગવાનથી અભિન્ન છે.
યોગી તે છે કે જે ધ્યાનથી અભિન્ન છે.
શિષ્ય તે છે કે જે ગુરુથી અભિન્ન છે.
રાજા તે છે કે જે પ્રજાથી અભિન્ન છે.

શિષ્યત્વ-શિષ્યયોગ એ સર્વ યોગમાં મહાન યોગ છે.
શિષ્યત્વની સાધનાના પરિણામે ગૌતમ સાચા ગુરુ બન્યા.
શિષ્ય પોતાના અંતઃકરણમાં શુદ્ધ ભાવનાથી ગુરુ સાથે
તાદાત્મ્ય કરીને ત્વરિત તેમના સમાન બની જાય છે.

ગુરુ પોતાના તેજોમય, યોગમય, જ્ઞાનમય
મંત્રવચને શિષ્યમાં સ્થાપિત કરે છે.

ચિતિમય મંત્રવર્ય શિષ્યને
યોગાગ્નિમય શરીર દ્વારા ગુરુની સમાન બનાવી દે છે.
જે ગુરુજનોમાં દોષને જુએ છે,
તે પોતાના શિષ્યત્વનો નાશ કરે છે.
જે પોતાને પૂર્ણરૂપથી ગુરુદેવને દઈ દે છે,
તે ગુરુદેવથી સંપૂર્ણ લઈ લે છે.
એ નિયમ છે કે જેણે પૂર્ણ આપ્યું, તેણે પૂર્ણ પામ્યું.
જેણે કાંઈ બાકી રાખ્યું, તેને તે બાકી રહ્યું.
જે શિષ્યગણ સેવા કરે છે અને કાંઈ માંગતો નથી,
તેને સર્વ મળે છે, સર્વ દેવતા તેના ઉપર પ્રસન્ન
થાય છે, સર્વ દિવ્યમંત્ર તેને ફળીભૂત થાય છે તથા
સર્વ સિદ્ધિઓ તેને સહજમાં પ્રાપ્ત થાય છે.
ઈશ્વર પ્રાપ્તિ અને નિજાનંદ સ્થિતિ તેને સહજ બને છે.
વિષયાભિમુખી પ્રેમ કામનું સ્વરૂપ ધારણ કરે છે.
તે જ પ્રેમ જ્યારે આત્માભિમુખી થાય છે, ત્યારે
ભક્તિનું સ્વરૂપ ધારણ કરે છે.
દીર્ઘકાળ સુધી નિરંતર ગુરુધ્યાન અને ગુરુનામ
આદર - સત્કારની સાથે સેવન કરવામાં આવે છે,
ત્યારે પ્રેમરૂપી નિષ્કામ ભક્તિ ઉદય પામે છે.

ગુરુકૃપા સાધનાનો સર્વથી સરળ માર્ગ છે,
તેનાથી જ્ઞાન, યોગ કે પ્રેમ સુલભ બને છે.
ગુરુકૃપા તે સિદ્ધમાર્ગ છે.

ગુરુનું નિત્ય જાગૃત એવું આત્મચૈતન્ય શિષ્યના સુષુપ્ત
ચૈતન્યને સ્પર્શીને જગાડી દે છે. દીવાથી દીવો પ્રગટે છે,
તેમ જ પ્રગટ ચૈતન્યથી અપ્રગટ ચૈતન્ય પ્રગટે છે.

કાશ્મીરી શૈવાદ્વૈતમાર્ગનો સિદ્ધાંત છે કે:
જગત માયિક કે મિથ્યા નથી પણ ચૈતન્યનો વિલાસ છે.
યાવન્માત્ર જગત ચિતિમય અને પ્રકટ બ્રહ્મસ્વરૂપ છે.
ચિત્ત પણ ચિતિ છે અર્થાત્ ચિતિશક્તિનું એક તરંગ છે.

ચિદાત્મા બ્રહ્મના અનેક નામ છે:
પ્રેમ, આનંદ, સુખ, બ્રહ્માનંદ, નિત્યાનંદ, પરમાનંદ ઈત્યાદિ.
તે સર્વ એક જ બ્રહ્મનાં સ્વરૂપ છે.

પ્રેમ અનુભવસ્વરૂપ છે, તેથી વાણીને અગોચર છે.
આકાશમાં શબ્દરૂપે, વાયુમાં સ્પર્શરૂપે, અગ્નિમાં તેજરૂપે,
જળમાં રસરૂપે અને પૃથ્વીમાં ગન્ધરૂપે પ્રેમ જ વ્યાપ્ત છે.
પરમાર્થનો અર્થ પરમ અર્થ, પરમ પ્રયોજન, પરમ લક્ષ્ય.
જે સ્વયં પૂર્ણ, અખંડ અને જેનો કદી વિનાશ નથી,
તેની પ્રાપ્તિને પરમ અર્થ કે પરમ પ્રયોજન કહે છે.

## ગુરુ સરલ માર્ગદર્શક.

માનવજીવન એક અગાધ અને અજ્ઞાત જ્ઞાનનું એક સાહસ ગણાય, જેમાં ગુરુનો આશ્રય અનિવાર્ય છે. ગુરુની ઇચ્છા આડે શિષ્યના મનમાં કોઈ અંતરાય ન રહે, ત્યાર પછી ગુરુના જ્ઞાનનો પ્રવાહ શિષ્ય તરફ સરળ રીતે વહેવા લાગે છે. એ અંતરાય ટાળવા શિષ્ય ગુરુ સમક્ષ પોતાનું આત્મનિવેદન કરે, શરણાગતિ સ્વીકારે, એટલે ઉભય વચ્ચે પ્રેમની ગાંઠ બંધાય. શિષ્યનું વર્તન જોઈને ગુરુના મનમાં ભરતી ચડે અને એની સાથે ગુરુનું જ્ઞાન શિષ્યના પાત્રમાં ઠલવાઈ જાય. છેવટે આત્માને જ ગુરુપદે મૂકી દેવાનો હોય છે, કેમકે આત્મા અને પરમાત્મા વચ્ચે અભેદ છે એટલે પરબ્રહ્મ પોતે ગુરુ બને છે. ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની દેવત્રિપુટી રૂપે પણ ગણ્યા છે.

સત્યનું સંપૂર્ણ દર્શન કરવું હોય,
તો શિષ્યે પોતાના ગુરુ સાથે તાદાત્મ્ય કેળવવું જોઇએ
તથા ગુરુ જે રીતે વિચારે, તે રીતે વિચારવું જોઇએ.
ચિત્તમાં એકરાગ કેળવવો જોઇએ.
તર્ક તથા ન્યાયબુદ્ધિની વાત કરીએ તો...

તર્ક અને ન્યાયબુદ્ધિ એ તો જીવનનો એક અંશ છે તથા તે પણ ઘણો નાનો અંશ છે. મોટેભાગે તો ભાવ અને અનુભવનો છે. બુદ્ધિને ઘણી મર્યાદા છે, ચિત્તનો એ એક વિભાગમાત્ર છે તથા ચિત્ત પણ જીવના એક અંશરૂપે જ છે. બુદ્ધિમાં ઘણા વિકાર પણ સંભવે છે. ધર્મે બુદ્ધિથી ઉપર જઈને જ્ઞાન અને ભક્તિના માર્ગ ઉઘાડ્યા છે.

## મંત્રચૈતન્યનું અદ્‌ભુત માહાત્મ્ય

સાધકની ચેતના મંત્ર દ્વારા બાહ્યરૂપ લઈ લે છે.

'પ્રારંભમાં અભિવ્યક્તિ દુર્બળ હોય છે,
ધીમે ધીમે દૃઢ થતી જાય છે.'

એનો અર્થ થાય છે: બાળશિવની યુવાવસ્થા.

મંત્ર માત્ર ચૈતન્યના વિસ્તારસ્વરૂપ છે.

## મંત્રની ચેતનાશક્તિ અંતર્ગત...

વિચારોની કેન્દ્રિતતા અને ઇચ્છાશક્તિની જાગૃતતા. નામ અને રૂપ ચેતનાને અભિવ્યક્ત પણ કરે છે તથા તે આપણી ચેતનાને આવૃત્ત પણ કરે છે. અન્ય સાધનાઓમાં કેવળ સાધકની શક્તિ કામ કરે છે, મંત્રસાધનામાં સાધકની શક્તિની સાથે મંત્રશક્તિ મળે છે. બંનેનું તાદાત્મ્ય થવાથી શક્તિની માત્રા વધી જાય છે.

મંત્રશક્તિ તે વાચકશક્તિ છે.

તે દ્વારા ઈશ્વર યા પરબ્રહ્મની વાચ્યશક્તિ પ્રાપ્ત કરાય છે.
સાધનાથી મંત્રાત્મિકા સગુણ શક્તિને જાગૃત કરાય છે,
તે આવરણોને દૂર કરી વાચ્યશક્તિનો સાક્ષાત્કાર કરાવે છે.

સગુણરૂપમાં જે શક્તિ વાચક છે,
તે જ નિર્ગુણરૂપમાં વાચ્યશક્તિ બની જાય છે.
આમ બંને શક્તિ એક જ છે.

સાધક સગુણથી પ્રારંભ કરી અંતમાં નિર્ગુણ ઉપર
પહોંચી જાય છે અને ત્યાં કૈવલ્ય પ્રાપ્ત કરે છે.

સાધનાશક્તિ અને મંત્રશક્તિ દ્વારા
સાધકનું મન શુદ્ધ થાય, કુસંસ્કાર ધોવાઈ જાય અને
આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

સુરત શબ્દયોગ એટલે...

અનાહત શબ્દમાં સુરત (ધ્યાન)ને જોડવાની ક્રિયા.
પ્રત્યેક શક્તિના બે રૂપ હોય છે: ગુપ્ત અને પ્રકટ.
ગુપ્તશક્તિનું ભાન હોતું નથી, તે અરૂપ - અનામ હોય.
ક્રિયારૂપમાં પરિણત થવાથી તેનું ભાન થાય છે.
સક્રિય શક્તિનો વિસ્ફોટ ધારારૂપમાં થાય છે, ત્યારે
ચારે દિશામાં ફેલાઈને તે પોતાનું મંડળ રચે છે.

ક્રિયાશીલ શક્તિની સાથે ધ્વનિ અવશ્ય હોય છે.
શરીરમાં વિદ્યમાન એવા આત્મશક્તિઓની
અખૂટ ધારાઓથી પણ અનેક ધ્વનિઓ થાય છે.

<u>સુરત યોગનું પ્રયોજન એ છે કે</u>

અભ્યાસની સુરત (આત્મા અથવા ઉપયોગ)
ક્રમશઃ ઊંચે ચઢીને મસ્તકના ક્રિયાશીલ કેન્દ્રો ઉપરાંત
ગુપ્તચક્રો, કમળો, પદ્મોને ચૈતન્યવંત કરી,
સૂક્ષ્મ ચેતન મંડળોની રચનાઓનો અનુભવ કરાવી,
અંતે સાચા માલિકના દર્શન કરાવે.

મનની ચંચળતા અને મલિનતા
સ્મરણ અને ધ્યાન દ્વારા દૂર થાય છે.
સ્મરણ = નામમંત્રનો બાહ્ય - અભ્યંતર જપ.
ધ્યાન = અંતરમાં ચેતનસ્વરૂપનું ચિન્તન.

સાધક ધ્યાનમાં શબ્દ, જ્યોતિ અને રૂપ-
એ ત્રણે વસ્તુઓના અનુભવનો પ્રયત્ન કરે.
શબ્દ સાધના કરવાથી અંતમાં એક એવા શબ્દનો
અપરોક્ષ અનુભવ થાય છે કે જે જીવના હૃદયથી
લઈને પ્રત્યેક અણુ - પરમાણુમાં નિરંતર વ્યાપ્ત છે.
એ રીતે શબ્દસિદ્ધિ થઈ ગયા પછી તેમાં દૂજા જવાથી

એક એવા અદ્ભુત જ્યોતિનો અનુભવ થાય છે કે
તે પણ સાધકને સર્વવ્યાપક દેખાય છે.
શબ્દ અને જ્યોતિની ઉપલબ્ધિ ધ્યાન દ્વારા થાય છે,
પરન્તુ તેના એક ભિન્ન અવસ્થા પણ હોય છે,
જેને શબ્દકલ્પ યા જ્યોતિકલ્પ કહે છે.
એમાં રૂપ કે નામ જેવી કોઈ વસ્તુ હોતી નથી.
સાધકને તે શબ્દ યા જ્યોતિમાં મગ્ન રહેવું પડે છે.
તે એક માત્ર ચૈતન્યસ્વરૂપ અથવા
શુદ્ધ અહંબોધ સ્વરૂપ હોય છે.
શબ્દ કે જ્યોતિનું ધ્યાન યથાર્થ ભગવત્સાધનાનો માર્ગ છે.
શબ્દકલ્પ કરતાં જ્યોતિકલ્પનું સ્તર ઊંચું છે.
ત્રીજી વસ્તુ રૂપ છે. રૂપસાધના અંતે ઉચ્ચ પ્રભુત્વ પ્રાપ્ત
કરાવે છે. જેની જે વસ્તુ યા મૂર્તિમાં નિષ્ઠા હોય છે,
તેને માટે તે રૂપ યા વસ્તુની રચના થઈ જાય છે.
શબ્દ, જ્યોતિ યા રૂપ - એ ત્રણમાંથી કોઈ એકને
સાધના દ્વારા સ્થાપિત કરવી જોઈએ.
આટે તે ગુરુ ઉપદેશથી શાસ્ત્રો યા નીતિમય જીવનના
ઉત્કર્ષથી શાસ્ત્રો. વ્રતનિષ્ઠા, ધ્યાનનિષ્ઠા યા તપનિષ્ઠા
ત્રણમાંથી કોઈપણ પ્રકારથી તેની પ્રાપ્તિ થઈ શકે છે.

શબ્દનો એ સ્વભાવ છે કે
તે પોતાના ઉદ્‌ગમ સ્થાન તરફ આકર્ષિત કરે છે.
કેન્દ્રીય શબ્દ વર્ણાત્મક નહિ પણ ધ્વન્યાત્મક છે.
તેને 'નાદાનુસંધાન યોગ' કહે છે.

o નમસ્કાર વડે ઉપયોગની વિશુદ્ધિ થાય છે.
કરેમિ ભંતે સૂત્ર વડે યોગની સ્થિરતા પ્રાપ્ત થાય છે.
નમસ્કારમાં જ્ઞાન - દર્શન છે, સામાયિકમાં ચારિત્ર છે.
નમસ્કાર વડે મોહ દૂર થાય, સામાયિક વડે ક્ષોભ દૂર થાય.
મોહ અજ્ઞાનરૂપ છે, ક્ષોભ અસ્થૈર્યરૂપ છે. અજ્ઞાનનો
નાશ જ્ઞાનથી થાય છે, અસ્થૈર્યનો નાશ ક્રિયાથી થાય છે.
સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ક્રિયા મળીને મોક્ષમાર્ગ બને છે.
નમસ્કાર અને સામાયિક મળીને રત્નત્રયી સધાય છે.
નમસ્કારથી નમ્રતા, સરળતા, ઉદારતા, પ્રસન્નતા અનુભવાય.
ઉદારતા ગુણ ગ્રાહકતારૂપ, નમ્રતા હૃદયની કોમળતારૂપ,
સરળતા ભાવુકતારૂપ તથા પ્રસન્નતા કુશળાશયતારૂપ છે.
નમસ્કારથી ઉપરના ગુણો એક સાથે સિદ્ધ થાય છે,
તેથી નમસ્કાર ઉપયોગની વિશુદ્ધિ કરનારો છે અને
કુશળાશયતાપૂર્વક અહિંસા, સંયમ અને તપ
રૂપ યોગની સ્થિરતા કરે છે.

# નમસ્કાર એ શેનું પ્રતીક ?

નમસ્કાર એ ગુણગ્રાહકતાનું પ્રતીક છે.
મહાત્મા ગુણગ્રાહક છે, તેની પ્રતીતિ કરાવે છે નમસ્કારક્રિયા.
પોતાથી ગુણમાં અધિક શ્રેષ્ઠ પુરુષોને નમસ્કાર નહિ,
ત્યાં સુધી માનવું કે...
ગુણગ્રાહકતા, હૃદયની ભાવુકતા, પરિણામની કોમળતા,
ભાવોની સરળતા કે નમ્રતા કે આત્માની વિશુદ્ધિ
હજુ સુધી પ્રાપ્ત થઈ નથી.
નમસ્કારથી હૃદયથી વિશાળતા, ભાવોની ઉદાત્તતા,
અધ્યવસાયની ઉજ્જવળતા અને
પરિણામોની નિર્મળતા સધાય છે.
નમસ્કાર નમ્રતા, સરળતા, ઉદારતાદિનું પ્રતીક છે.
તેનું ફળ શાંતતા, પ્રસન્નતા, નિર્વૈરતા,
નિર્ભયતા, નિશ્ચિંતતાદિ શુભ ભાવોમાં આવે છે.
જ્યાં ગુણી પુરુષોને નિત્ય નમસ્કાર કરવામાં આવે છે,
ત્યાં સદા અહંકારરહિતતા, નિર્દંભતા, ઉદારતાદિ ગુણો
આપોઆપ આવે છે. માન, માયા, કૃપણતા, સંકુચિતતા,
અશાંતતાદિ દોષો ટકતા નથી ઉપરાંત નમ્રતા, સરળતા,
ઉદારતા, વિશાળતા, શાંતતાદિ ગુણો પ્રકટી નીકળે છે.

o નમસ્કાર એ શ્રુતરૂપ છે.

શ્રુતોપયોગરૂપ આત્મપરિણામ આત્મરતિ પરિણતિ અને
લબ્ધિસંવરાદિ બહુ પ્રકારના લાભવાળો છે, તેથી
શ્રુતાત્મક નમસ્કારના ઉપયોગથી કર્મક્ષય થાય છે.
નમસ્કારના ઉપયોગથી પ્રતિ સમય કર્મનો ક્ષય
થતો હોવાથી તેને સર્વકાર્યોમાં મંગળરૂપ અને
વિઘ્નવિનાશના અપ્રતિમ કારણ તરીકે માનેલ છે.
સુકૃત કર્યા પછી પણ સુકૃતની અનુમોદના કર્યા કરવાથી
સુકૃતનું ફળ વધતું જ જાય છે, તે કારણે
નમસ્કારની ચૂલિકામાં નમસ્કારનું ફળવર્ણન કરીને
નમસ્કારની ક્રિયાની ઉપબૃંહણા કરવામાં આવી છે અને
લોગસ્સ સૂત્રમાં ૨૪ તીર્થંકરોના નામગ્રહણરૂપી સુકૃત કરીને
'એવં મએ અભિથુઆ ।' ઇત્યાદિ
ત્રણ ગાથાથી સુકૃતની અનુમોદના કરવામાં આવી છે.
એ નિયમ બીજે બધે પણ સમજી લેવો.
નમસ્કારનો સ્વામી નમસ્કાર્ય છે, કેમકે
(૧) દાન કરાયા પછી વસ્તુ દાતારની ગણાતી નથી.
(૨) નમસ્કાર એ પૂજ્યની પ્રતીતિ
કરાવનાર હોવાથી પૂજ્યનો ધર્મ છે.

(3) નમસ્કારનો પરિણામ નમસ્કાર્યનો છે, કેમકે
તે નમસ્કાર્યનું નિમિત્ત પામી ઉત્પન્ન થાય છે.

(૪) નમસ્કાર કારક નમસ્કાર્યનું દાસત્વ પામે છે,
ઋજુસૂત્રના મતે નમસ્કાર એ નમસ્કારકર્તાનો છે, કેમકે:

(1) નમસ્કાર એ કર્તાને આધીન છે.
(2) નમસ્કાર એ કારકના જ્ઞાન, ક્રિયા, શબ્દાદિરૂપ છે.
(3) નમસ્કાર એ ફળનો ભોક્તા કારક છે.
(4) ક્ષયોપશમ અને પરિણામ કારકમાં થાય છે.

## નમસ્કારનો અર્થ:

દાસોઽહં, સોઽહં, ઓં અથવા ૐ

એ ત્રણે પ્રકારના અર્થ એક નમઃ પદમાંથી નીકળે છે.

o जगदेव गुरुः गुरुरेव जगत् ।

અર્થાત્: જગત જ ગુરુ છે, ગુરુ એ જ જગત છે.

o श्री गुरुः परमकारणभूता शक्तिः ।

અર્થાત્: શ્રી ગુરુ પરમ કારણભૂત શક્તિ છે.

क्रियाशक्तिः पीठम् । અર્થાત્: ક્રિયાશક્તિ એ પીઠ છે.

o कुंडलिनी ज्ञानशक्तिर्गृहम् ।

અર્થાત્: કુંડલિની એ જ્ઞાનશક્તિનું ઘર છે.

o इच्छाशक्तिर्महात्रिपुरसुन्दरी ।

અર્થાત્: ઇચ્છાશક્તિ એ મહાત્રિપુરાસુંદરી છે.

૦ હિટલરે ૧૯૪૧માં રશિયા ઉપર કરેલા આક્રમણમાં ૧૭૦૦ શહેરો, ૭૦૦૦૦ થી વધુ ગામડાં, ૩૧૮૫૦ કારખાનાંને નુકશાન, ૯૮૦૦૦ લોકોનો સામૂહિક સંહાર અને ૨॥ ક્રોડ મનુષ્યો ઘરબાર વિનાનાં થયા હતાં તેમ જ ૬૭૯ અબજ રૂબલની કિંમતની મિલ્કતનો નાશ થયો હતો. બધા દેશોના મળીને એ વિગ્રહમાં તથા યુદ્ધોત્તર દુર્દશામાં ઉપરોક્ત વિનાશ - સર્વનાશ થયો હતો.

૦ ઈશ્વર કોઈને ય સંતોવિહોણા,
સંત કે સદ્ગુરુવિહોણા જનતી નથી,
એ જ આ સંસારમાં એક આશાનું ચિહ્ન છે.

શુદ્ધ ચરિત્ર કે સ્નેહસભર હૃદય સાથે વિશ્વમાં જાઓ.

૦ સુખને ખાતર જીવવું છોડી દો,
હિતને ખાતર જીવો.

- વિજય રામચંદ્રસૂરિજી

o

The truth of the nature is not satisfactorily explained by experimenting something outside. They are better known by manifesting something within.

o यो परमे वीर्यवत्तरम् । श्रुतिः

ક્રિયા શમતાં કર્મ વધુ વીર્યવાન બને છે.

ક્રિયાની અસર કરતાં હૃદયશુદ્ધિની અસર વધારે છે.
જો તે ક્રિયા હૃદયશુદ્ધિપૂર્વક - સ્નેહસભર હોય, તો
ઓછામાં ઓછી ક્રિયામાં ય વધુમાં વધુ તાકાત રહેલ છે.

મનુષ્ય તે છે કે જે
કેવળ મનથી પણ વિશ્વાસ મૂકી શકે છે,
પશુ પ્રત્યક્ષ જોયા વિના વિશ્વાસ મૂકતો નથી.

ચિત્તશુદ્ધિ એટલે...

અહં વિસર્જન, સર્વ સર્જન, અહં નિરસન, સર્વ સમર્થન.

આપણે ખાલી થવા કદી રાજી થતાં નથી અને
એટલે જ આપણે ખાલી રહીએ છીએ.

આપણું મન સતત વિચારોની હારમાળામાં ગૂંથાયેલું રહે છે
અને એ પણ એવા વિચારોની હારમાળામાં કે જેમાંનો
એક પણ વિચાર આપણો પોતાનો તો હોતો જ નથી.
બધા વિચાર આપણે ક્યાંકથી સાંભળી રાખ્યા છે,
આપણી અંદર ઠાંસોઠાંસીને ભરી રાખ્યા છે.
એ વિચારો આપણને આપણા પોતાના લાગવા માંડે,
ત્યાં સુધી એને જ રટ્યા કરીએ છીએ અને વળી ઉપરથી

આખરે અહમ્ કરીએ છીએ કે આ વિચાર મારા છે,
આ તો મને આવેલો વિચાર હતો !
જીવન આખું આપણું આવા ઉછીના વિચારોથી ચાલતું રહ્યું છે.
જેમ જેમ આપણે આ વિચારોને
દૃઢપણે પોતાના માની રાખીએ છીએ,
તેમ તેમ તેના પ્રતિ મમત્વ ઊભું થતાં એ
વિચારો આપણા અહમ્‌નો ભાગ બની જાય છે.
જેમ આપણા અહમ્ ઘવાતા લાગે, તેમ તે વિચારો પણ
આપણને ઘવાતા લાગે છે, પછી તેના માટે આપણો
જાન પણ આપી દેવા તત્પર થઈ જઈએ છીએ.
આ સ્થિતિ ટાળવા માટે મનને જેમ બને તેમ
વધુ વિચારવિહીન બનાવવું એ પણ જરૂરી છે.
મન પારકા વિચારોથી મુક્ત થશે, ત્યારે જ શાંત થશે.
ત્યારે જે નવી અનુભૂતિ થશે, એ કંઈક જુદી જ હશે.
શૂન્ય દશાની એ સ્થિતિમાં જે અનુભૂતિ થશે,
તે કાં તો સત્યનું દર્શન હશે, જ્ઞાનની નવી ક્ષિતિજ હશે
અથવા તો સાક્ષાત્ પરમાત્માનો સાક્ષાત્કાર હશે.

o

Love your enemies તે
શરીર અને મનના સર્વ રોગોની દવા છે.

## શક્તિ, ભક્તિ અને જ્ઞાન

એ ત્રણેનું જ્યાં મિલન, ત્યાં જ પરમાનંદ છે.
કર્મ દ્વારા શક્તિ અભિવ્યક્ત થાય છે.
પ્રેમ દ્વારા ભક્તિ અભિવ્યક્ત થાય છે.
પ્રકાશ દ્વારા જ્ઞાન અભિવ્યક્ત થાય છે.
આમ એ ત્રણેની પૂર્ણતા દ્વારા જ મુક્તિ સધાય છે,
ત્રણેમાંથી એકેની શૂન્યતા દ્વારા નહિ.

આત્મા ના જીવનની ક્રિયા સ્વાભાવિક છે,
તેના સ્વભાવમાં જ ક્રિયાનું મૂળ રહેલું છે, બહાર નહિ.
તે કરે છે, કોઈના પાસે કરાવતું નથી.

આપણા કર્મો જ્યારે સ્વાર્થની સંકુચિતતામાં જ ફર્યા કરે છે, ત્યારે ભયંકર બંધન બની જાય છે. તે વખતે આપણી શક્તિ પેલી પરાશક્તિની વિરુદ્ધ ચાલતી હોય છે. કર્મને સ્વાર્થની દિશામાંથી પરમાર્થની દિશામાં લઈ જવું એનું નામ જ 'મુક્તિ' છે. કર્મનો ત્યાગ એ મુક્તિ નથી. આપણે ગમે તે કર્મ કરીએ, તે નાનું હોય કે મોટું હોય, તેને પરમાત્માની સ્વાભાવિક વિશ્વક્રિયાની સાથે મુક્ત કરીએ, પછી તે કર્મ આપણને બાંધી શકતું નથી, તે કર્મ મંગલ અને આનંદનું કર્મ બની જશે.

## ત્રણ પ્રકારના ઋણ

(૧) દેવઋણ ધર્મ - પૂજનાદિ વડે ચૂકવાય છે.
(૨) પિતૃઋણ ઉત્તમ પુત્ર-પુત્રીથી ચૂકવાય છે.
(3) ઋષિઋણ ગુરૂસેવા અને શાસ્ત્રાધ્યયનથી ચૂકવાય છે.

Important

જેઓ તને ચાહે છે, તારી સેવા કરે છે અને વસ્ત્ર આપે છે, તેઓ ફક્ત તારા દેહનું ભલું કરે છે પણ જેઓ તને હેરાન કરે છે, તારા પર ગુસ્સો કરે છે, તને દુઃખ પહોંચાડે છે, તેઓ તારા આત્માનું ભલું કરે છે. તારી પોતાની જાત સિવાય તારો ક્યાંય કોઈ દુશ્મન નથી.

o પરગુણના પારખ થવું, જોવા નિત નિજ દોષ;
નરસિંહ પ્રભુભક્તિ કરો, ધરો ખરો સંતોષ.

o સુખનું કારણ સાદગી અને બંદગી છે,
એશ - આરામ કે મોજ - મજા નહિ.

વાસનાઓથી મુક્તિ ત્યારે મળે કે જ્યારે તેની ક્ષુદ્રતા સમજાય તથા આત્મજ્ઞાન વડે પરમાનંદનો અનુભવ થાય.

## Mysticની ઓળખાણ

Mystic = આંખો બંધ કરીને જોવાની શક્તિવાળો.
બહારની આ રંગીન અને વિચિત્ર દુનિયા તો એની અંદર રહેલા દુનિયાની એક સાધારણ શી છાયા છે.

અંદરની દુનિયામાં જે રંગાતા રહેલા છે, તે આસમાનના ઇંદ્રધનુષના રંગોને પણ પરાજિત કરે તેવા હોય છે.

પ્રારંભ સ્થળ છે ઈશ્વર,
તે પ્રેમ અને સૌંદર્યનો અપરિસીમ સમુદ્ર છે,
તેને આપણે ભગવાન કહીને પુકારીએ છીએ.

ભગવાનનો અનુગ્રહ ભક્તના ભાવની અપેક્ષા રાખે છે.
ભગવાન જ્યારે કોઈ ભાવગર્ભ હૃદયને જુએ છે,
કે તુરંત તેના ઉપર અનુગ્રહ કરે છે.

કર્મફળની ઇચ્છા એ ભાવની ચોરી છે.
ભાવચોરને ભગવત્ પ્રાપ્તિ થતી નથી. ભગવાન પાસે કાંઈ પણ માગવું તે ભગવાન પ્રત્યેના ભાવની ચોરી છે.

અનન્ય ભાવમાં માગવાનું હોતું નથી,
કિન્તુ માત્ર આપવાનું જ હોય છે.

'माहात्म्यज्ञानपूर्वक - सर्वाधिक - सुदृढस्नेहो भक्तिः ।'
અહીં સુદૃઢ સ્નેહ અને પ્રભુ પ્રત્યેનો ભાવ,
જે એક જ અર્થને કહે છે.

0 જેની પાંચે ઇંદ્રિયો પોતાના જ વશમાં નથી,
એ પોતે એક એવું મકાન છે,
જેની ચારે દિવાલો જ પડી ભાંગેલ છે.

## ૭ ચક્રો ઉપર મંત્રાક્ષરોની સ્વરૂપ

(૧) અતિમનસ - 'સત્યં' - બ્રહ્મરંધ્ર ચક્ર
(૨) અધિમનસ - 'તપઃ' - આજ્ઞા ચક્ર
(૩) તેજોમનસ - 'જનઃ' - વિશુદ્ધિ ચક્ર
(૪) ઉર્ધ્વમનસ - 'મહઃ' - અનાહત ચક્ર
(૫) મનસ્ - 'સ્વઃ' - મણિપુર ચક્ર
(૬) પ્રાણ - 'ભુવઃ' - સ્વાધિષ્ઠાન ચક્ર
(૭) જડ કે અચિત - 'ભૂઃ' - મૂલાધાર ચક્ર

## રાગ - વૈરાગ્ય - રુચિ - ઉત્સાહ

(૧) રાગથી વૈરાગ્ય જાગે છે.
(૨) રુચિથી ઉત્સાહ પ્રગટે છે.
(૩) વૈરાગ્ય એ પુદ્ગલ પ્રત્યે અરુચિરૂપ છે.
(૪) ઉત્સાહ એ જીવો પ્રત્યે મૈત્રીરૂપ છે.

o

As He thinketh in his heart,
so is he or he becomes.
one with God is always a majority.
Ascent & descent = આરોહણ - અવરોહણ.

| Aspiration | Rejection | surrender. |
|---|---|---|
| = | = | = |
| શુદ્ધ અનુમોદન | દુષ્કૃતગર્હા | શરણાગમન. |

## માનસ - ઉપાંશુ - ભાષ્યજાપ

પ્રેમરૂપી ઘૃતથી ભરેલો ભાવરૂપી દીપક
મંત્રજાપના પ્રભાવે પ્રકટ થવાથી આત્મમંદિરમાં બિરાજમાન
અંતર્યામી પરમાત્માનાં દર્શન થાય છે.

જાપથી ધ્યાન અને ધ્યાનથી જાપ, એ રીતે
જપ અને ધ્યાનની સિદ્ધિથી પરમાત્માનો પ્રકાશ થાય છે.

નિરંતર જાપ થવાથી
ભક્તના ચિત્તમાં ભગવાનની ચાહ પ્રકટે છે.

બહારના પદાર્થ બહારની ક્રિયાની અપેક્ષા રાખે છે. સ્થૂલ પદાર્થની પ્રાપ્તિ મનથી પ્રેરિત સ્થૂલ ઇંદ્રિયોની ક્રિયાથી થાય છે. પરમાત્મા સૂક્ષ્મતમ છે અને સહુની અંદર પરિપૂર્ણ છે. તે વિવેક - વિચાર અને ભાવ - ભક્તિ આદિ સૂક્ષ્મ અને અંતરંગ સાધનોની અપેક્ષા રાખે છે. પ્રણવ મંત્ર સર્વ સત્યોનું કેન્દ્ર, સર્વ પવિત્રતાઓનું મૂળ તથા સર્વ શુભ સંસ્કારોનું બીજ છે.

ભક્ત જ્યારે ચિત્તમાં પ્રણવચિંતન કરે, ત્યારે તદ્વારા ભગવાન અંદર હોવાથી પરમ તૃપ્તિકારક અમૃતરસનો આસ્વાદ અનુભવે છે. તે અનુભવનો આસ્વાદ મેળવવા માટે માત્ર અભ્યાસની જરૂર છે. એ અભ્યાસ માનસ અથવા ઉપાંશુ કે વાચિક ભાષ્યજાપની ક્રિયાથી થાય છે.

ઋતુભ્રાતાદિ અર્થવિચાર સહિત જાપ કરનારનાં
સમસ્ત કષ્ટ દૂર થાય છે અને
અંતરાત્મામાં પરમાત્માનું સાક્ષાત દર્શન થાય છે.
કહ્યું છે કે : તતઃ પ્રત્યક્ ચેતનાધિગમોઽન્તરાયાભાવશ્ચ।
અર્થાત્ : ત્યાર પછી ચેતનાનું જ્ઞાન
અને અંતરાયનો અભાવ થાય છે. - પાતંજલ ૧-૨૯

ક્રોધના દોષ અને ક્ષમાના ગુણ

ક્રોધ પ્રીતિનો વિનાશ કરે છે.
ક્રોધ ઝેર છે અર્થાત્ પ્રીતિ ઉચ્છેદક છે.
માનવસંબંધોનું નિર્માણ પ્રીતિ ઉપર આધારિત છે.
પ્રીતિનો નાશ કરી ક્રોધી ચારેબાજુ શત્રુઓ ઊભા કરી
તે જીવન જીવવાનો આનંદ ગુમાવી બેસે છે.
તેનું શારીરિક સ્વાસ્થ્ય પણ કથળે છે, કારણકે
તેના મગજની નસો સતત ખેંચાયેલી રહે છે.
હૃદયરોગ, લોહીનું અસમતોલ દબાણ, આંતરડામાં ચાંદા
વગેરે જીવલેણ રોગો વ્યગ્રતા કે ટેન્શનમાંથી થાય છે.
ક્રોધી માનવનું મન ઉગ્રતા - વ્યગ્રતાનો જે
અનુભવ કરે છે, તે સૌને અનુભવસિદ્ધ છે.
માનવતા આપવામાં છે, લેવામાં નહિ.

ક્ષમા એ તપ છે, કારણ કે તેમાં ક્રોધ કરવાની ઇચ્છાનો નિરોધ છે. ક્ષમામાં ક્રોધ ન કરવો એટલું જ નહિ પણ ક્રોધ કરનાર દુશ્મનને કે જેના ઉપર ક્રોધ આવે છે, તે વ્યક્તિને ક્રોધના બદલે શુદ્ધ પ્રેમ વરસાવવો તે છે.

શુદ્ધ પ્રેમ પત્થર જેવા પત્થર પણ
ફૂલ ઉગાડી શકવાનું સામર્થ્ય ધરાવે છે.

ક્ષમાની આરાધના નમ્ર માનવ જ કરી શકે છે.
નમ્ર માનવનું માન ભાગ્યે જ ઘવાય છે,
તેથી તેને ક્રોધના પ્રસંગ ભાગ્યે જ આવે છે.
જ્યારે માનવનું માન ઘવાય, ત્યારે જ ક્રોધ આવે.
ક્રોધનું કારણ માન છે તથા માયાનું કારણ લોભ છે.
સૌને ઊંચે બેસવાનો મોહ છે, તેથી
જ્યારે નીચે બેસવાનો વારો આવે, ત્યારે ક્રોધ ચઢે છે.
નમ્ર માનવને ઊંચે આસન લેવાની વૃત્તિ કોઈપણ પરિસ્થિતિમાં હોતી નથી, તેથી એનું માન ઘવાતું નથી તથા માન ન ઘવાવાથી તેને ક્રોધ પણ ભાગ્યે જ આવે છે.
'જેમ હું ભૂલો કરું છું, તેમ બાળક પણ ભૂલો કરે છે'
આવું સામાન્ય સત્ય માનવ સમજે,
તો ક્રોધ ઘણો ઓછો થઈ જાય.

ભૂલને સમજવા પ્રયત્ન કરવો,
તે ક્ષમાને આહ્વાન કરવા જેવું છે.
જેના હૃદયમાં ભૂલની હિતચિંતા વસે છે,
તેનાથી કર્મના ઉપર ક્રોધ કરી શકાતો નથી.
'ક્રોધ એક ભૂલ છે, માનવ ક્રોધથી ભૂલ કરે છે' એમ
કહેવું તેના કરતાં 'ક્રોધની ભૂલ તેનાથી થઈ જાય છે'
તેમ માનવું વધુ ઠીક છે.
ક્રોધાગ્નિથી પ્રજ્વલિત ભાલ આંખો પરિસ્થિતિનું શાંત
માપ કાઢી શકતી નથી. જે દૂર જોઈ શકતો નથી,
તેના ભાગ્યમાં ભયાનક અકસ્માતો લખાયેલાં છે.
શાંત મનમાં જ પરમાત્માનું પ્રતિબિંબ પડે છે.
ક્ષમાશીલનું મન સદા શાંત રહે છે.
કરુણ હૃદય એ સૌથી મોટો સદ્ગુણ છે.
એટલું જ નહિ પણ બધા જ સદ્ગુણો એમાંથી પ્રગટે છે.
દંભ સમાન કોઈ પાપ નથી.
ભૂલ પાપનાં પ્રાયશ્ચિત છે, દંભનું નથી.
૦ હિંદી ભાષામાં ૮ થી ૯ લાખ શબ્દો છે,
અંગ્રેજી ભાષામાં માત્ર ૩ થી ૩॥ લાખ શબ્દો છે, તેથી
હિંદી ભાષા અંગ્રેજી ભાષા કરતાં ૩ ગુણા સમૃદ્ધ ભાષા છે.

ગઢસીવાણા, શ્રાવણ ૨૦૨૪

એકડા વિનાના મીંડાની કિંમત એમ શૂન્ય છે, તેમ એકતા વિનાના લાખો મનુષ્યોની કિંમત પણ મીંડા જેટલી જ છે. એકડા સહિત એક જ મીંડું દશની સંખ્યા ધરાવે છે, તેમ એકતાવાળા બે જ મનુષ્ય. એકતા વિનાના લાખો મનુષ્ય કરતાંય વધુ બળવાન છે.

૦ પાત્ર જોઈને ઉપદેશ અપાય તો ઠીક,
નહીં તો સુગરી જેવા હાલ થાય.
વાંદરાને ઉપદેશ આપવા જનાર સુગરીએ
પોતાનો રહેવાનો માળો પણ ગુમાવ્યો,
તેથી અપાત્રને ઉપદેશ ન જ અપાય.

૦

There is nothing in the world inferior to me. - આ નમસ્કારનો લાભ છે. Nothing is ever going wrong: something is always going right. I am superior to many and am inferior to few, is a fact which gives relief to every person who knows and thinks.

## મૈત્રી, પ્રમોદ અને કરૂણામાં માધ્યસ્થ્ય

મૈત્રીમાં માધ્યસ્થ્યનું પાલન છે, ઈર્ષ્યામાં નહિ.
પ્રમોદમાં માધ્યસ્થ્ય જળવાઈ રહે છે, અસૂયામાં નહિ.
કરૂણામાં માધ્યસ્થ્ય રહેલું છે, ઉપેક્ષામાં નહિ.
ઉદાસીનતામાં માધ્યસ્થ્ય જળવાય છે, તિરસ્કારમાં નહિ.
ઉત્કૃષ્ટ મૈત્રીમાં અપાયાપગમાતિશય,
ઉત્કૃષ્ટ પ્રમોદમાં પૂજાતિશય, ઉત્કૃષ્ટ કરૂણામાં વચનાતિશય
અને ઉત્કૃષ્ટ ઉદાસીનતામાં જ્ઞાનાતિશય છુપાયેલો છે.
ઉદ્યોતન મહર્ષિના સાત્વિક જીવનની
રસપ્રદ કથાઓ વાંચીને સર્વ સત્ત્વનો
મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્યભાવમાં
ઓતપ્રોત બને છે. ઉપરાંત અવિચ્છિન્ન પ્રભાવશાળી
ત્રિકાળાબાધિત વીતરાગધર્મની પૂર્ણ શ્રદ્ધા સાથે ઉત્તરોત્તર
કલ્યાણને સાધે છે, એ શુભભાવોનું માહાત્મ્ય છે.

### વચનાનુષ્ઠાન

દાસ્ય ભક્તિમાં સાધક પ્રભુને સ્વામી - પોતાને દાસ માને
તથા પ્રત્યેક કાર્ય પ્રભુની સેવા - આરાધના સમજીને કરે છે.
તે પ્રભુઆજ્ઞાથી વિરૂદ્ધ એક પણ કાર્ય કરતો નથી.
તે ભોજન - વસ્ત્રાદિનો ઉપભોગ પણ
ભગવાનની સેવાના ફળરૂપે કરે છે.

દાસ્યભાવથી પ્રતિદિન અહંકાર ઓછો થતો જાય છે.
પોતાને તૃણથી પણ નીચ સમજે છે, તેથી
માન માંગતો નથી અને વૃક્ષથી પણ અધિક સહિષ્ણુ
બનીને બધાને માન આપે છે. એ સ્થિતિમાં કરેલી
ભક્તિને જ સાધકગણ સાચી ભક્તિ સમજે છે.

## સત્સંગ

દાસ્યભાવમાં સાધક પોતાને નાનો અને ભગવાનને મોટા,
પોતાને સેવક અને ભગવાનને સેવ્ય માને છે, જ્યારે
સખ્યભાવમાં નાના - મોટાની ભાવના વિલીન થાય છે
અને સ્નેહ તથા આકર્ષણની માત્રા વધતી જાય છે.
પ્રીતિમાં મધુરભાવ છે, ભક્તિમાં વાત્સલ્યભાવ છે,
વચનમાં દાસ્યભાવ છે તથા સત્સંગમાં સખ્યભાવ છે.
સેવકમાં ભેદબુદ્ધિ હોવાથી થોડો સંકોચ રહે છે,
મિત્રમાં તે સંકોચ ન્યૂન થતો જાય છે.

## મિત્રતામાં આવશ્યક ત્રણ વસ્તુ

(૧) સાહચર્ય : સહ ઉપસ્થિતિમાં આનંદ અનુભવાય છે.
(૨) સમર્પણ : મિત્રને માટે જેટલું કષ્ટ ઉઠાવવામાં આવે
અને જેટલો ત્યાગ કરવામાં આવે, તેટલો અધિક
આનંદ આવે છે. દુઃખ પણ સુખ બની જાય છે.

(3) પરામર્શ : પ્રત્યેક કાર્યમાં જિનની સલાહ અને માર્ગદર્શન મુજબ પ્રવૃત્તિ થાય છે. ભગવાન હૃદયમાં પણ પ્રદર્શક બને છે. જીવનરૂપી રથની લગામ પ્રભુના હાથમાં સોંપી દેવામાં આવે છે. જે લાભદાયક હશે, તેને કરવાની અને જે હાનિકારક હશે, તેને છોડવાની પ્રેરણા સ્વયં આપશે, એવા શ્રદ્ધા મૈત્રીમાં ટકી રહે છે.

પ્રતિદિન સવાર - સાંજ એ પ્રકારની અનુભૂતિ કરવાથી મનની ગતિ ભલાઈ તરફ થાય છે અને કુમાર્ગ પ્રત્યેનો ઝુકાવ મટી જાય છે.

o વાત્સલ્યમાં અનુકંપાભાવ હોય છે અને મધુરમાં ઉત્કટ સ્નેહભાવ હોય છે.

ભક્તિ અનુષ્ઠાન પ્રભુના વાત્સલ્યભાવનું પ્રતીક છે.

પ્રીતિ અનુષ્ઠાન મધુરભાવનું પ્રતીક છે.

એકમાં માતાનું દૃષ્ટાંત તથા બીજામાં પત્નીનું દૃષ્ટાંત છે. પ્રીતિ અનુષ્ઠાનમાં મધુરભાવ પતિ-પત્નીની વચ્ચે રહેલા સ્નેહની સમાન છે. ભક્તિ અનુષ્ઠાનમાં વાત્સલ્યભાવ માતા-પુત્રની વચ્ચે રહેલ વાત્સલ્યના રૂપે છે. વચનાનુષ્ઠાનમાં દાસ્યભાવ અને અસંગાનુષ્ઠાનમાં સાહચર્ય-સખ્ય-ભાવ મુખ્ય છે. એ રીતે ચારે પ્રકારના અનુષ્ઠાન ચાર પ્રકારના ભાવમાં વહેંચાઈ જાય છે.

મધુરભાવની ત્રણ અવસ્થા: શ્રદ્ધા, ભક્તિ અને રતિ.

શ્રદ્ધામાં ઉપાસ્ય પ્રત્યે આદરની દૃષ્ટિ છે
તથા ઉપાસ્યના પ્રત્યેક વચનમાં વિશ્વાસ છે.
ભક્તિમાં ક્રિયાત્મક રૂપ છે, તેમાં
શ્રદ્ધેયની સેવા, પૂજા, વંદન આદિની ચાહ પ્રગટે છે.
રતિમાં સદા પાસે રહેવાનું મન થાય છે,
દર્શન તથા સ્પર્શનું સુખ અનુભવવા લલચાય છે.
પરસ્પર પ્રેમને 'રતિ' કહે છે. તેનો વિષય જ્યારે
પરમાત્મા બને છે, ત્યારે તે શાંતભાવમાં પરિણમે છે.
પ્રેમનું સર્વોત્તમ સ્વરૂપ રતિ છે.
તે સાંસારિક વિષયોમાં હોય ત્યારે પતનનું કારણ અને
આધ્યાત્મિક વિષયોમાં હોય ત્યારે ઉત્થાનનું કારણ બને.
સાધક દાસ્યભાવથી સાલોક્યમુક્તિને મેળવે છે,
સખ્યભાવથી સામીપ્યમુક્તિને પ્રાપ્ત કરે છે,
વાત્સલ્યભાવથી સાયુજ્યમુક્તિને મેળવે છે તથા
મધુરભાવથી અભેદમુક્તિને પામી તદ્રૂપતા મેળવે છે.
આ જ રીતે દાસ્યભાવની ઘનિષ્ઠતા સખ્યભાવને,
સખ્યભાવની ઘનિષ્ઠતા વાત્સલ્યભાવને તથા
વાત્સલ્યભાવની ઘનિષ્ઠતા મધુરભાવને મેળવી આપે છે.

## ભક્તિનાં ત્રણ રૂપ: ક્રિયા, ભાવ અને સ્વભાવભક્તિ.

ક્રિયાભક્તિ સ્થૂળશરીર સાથે, ભાવભક્તિ સૂક્ષ્મશરીર
સાથે તથા મહાભાવ અથવા સ્વભાવભક્તિ
કારણશરીર સંબંધ ધરાવે છે.

મહાભાવને 'સ્વભાવ' પણ કહી શકાય.
તેને 'અસંગાનુષ્ઠાન' શબ્દથી પણ ઓળખાવી શકાય છે.
ક્રિયાભક્તિમાં ગુરુ અને શાસ્ત્રની અપેક્ષા છે.
ભાવભક્તિમાં પોતે જ ગુરુ અને શાસ્ત્ર બને છે.
સ્વભાવભક્તિ એ બેનું અંતિમ પરિણામ છે.

o શાસ્ત્રોમાં સમગ્ર વિશ્વને
દર્પણમાં યા પાણીમાં પડતા પડછાયા જેવું કહેલું છે.
માયામાં ભગવાનનું પ્રતિબિંબ તે વિશ્વ છે.
પડછાયો હંમેશા ઉલ્ટો પડે છે.
શરીરમાં જે વસ્તુ જમણી બાજુએ હોય છે,
તે વસ્તુ તેના પડછાયામાં ડાબી બાજુ દેખાય છે અને
જે ડાબી બાજુએ હોય, તે જમણી બાજુ દેખાય છે.
આવી જ રીતે સંસારમાં પણ
ભગવાનનું પ્રતિબિંબ તેના ઉલ્ટા રૂપમાં દેખાય છે.
આધ્યાત્મિક લક્ષ્યમાં જે વસ્તુ ઉપાદેય જણાય છે, તે
જ વસ્તુ સાંસારિક લક્ષ્યમાં હેય જણાય છે અને

આધ્યાત્મિક દૃષ્ટિએ જે વસ્તુઓ હેય હોય છે,
તે જ વસ્તુઓ સાંસારિક દૃષ્ટિએ ઉપાદેય હોય છે.

Imp.

## પરમ સુખ પામવાનો માર્ગ

પોતાનું સુખ બીજાને આપવું તે સુખી થવાનો માર્ગ છે.
બીજાનું દુઃખ પોતે લેવું તે દુઃખમુક્ત થવાનો ઉપાય છે.
'દુઃખ લ્યો અને સુખ દ્યો'
એ જ દુઃખમુક્તિ અને સુખપ્રાપ્તિનો માર્ગ છે.
દુઃખ લેવાથી દુઃખ ભૂલાય છે નહીં,
સુખ દેવાથી સુખ ભૂલાય છે.
સુખ-દુઃખનું વિસ્મરણ જ પરમસુખ પામવાનો માર્ગ છે.
દુઃખ એ દુઃખ નહિ પણ કૃપા છે,
પાપથી બચવાનો ઉપાય નથી, ભવ તરવાની નાવ છે.
Sorrow means quarrel with God.

## ભક્તિ અને વૈરાગ્ય

ભક્તિ એ 'અહં' પ્રત્યેના રાગની વિરોધી છે,
તેથી પરમ વિરક્તિસ્વરૂપ છે.
વિષયવૈરાગ્ય 'અપર' છે, ગુણવૈરાગ્ય 'પર' વૈરાગ્ય છે.
વિષયવૈરાગ્યમાં 'અહં'નો નાશ થતો નથી.
ગુણવૈરાગ્યમાં 'અહં'નો નાશ છે.

ગુરુવૈરાગ્ય ભગવદ્ ભક્તિસ્વરૂપ છે.

ભગવદ્ભક્તિ એ પરમ વૈરાગ્યસ્વરૂપ છે,

જેનું કારણ તેમાં 'અહં'નો પ્રતિકાર થાય છે.

વિષયવૈરાગ્યથી 'મમ' - પ્રભુભક્તિથી 'અહં' જાય છે.

વિષયવૈરાગ્ય દોષદર્શનજનિત છે,

પ્રભુભક્તિ ગુણદર્શનજન્ય છે. બાહ્યમાં દોષદર્શન અને

અંતરમાં ગુણદર્શન મળીને વૃત્તિનો નિરોધ સધાય છે.

ભગવાન્નામ સુલભ છે તથા જીહ્વા સ્વાધીન છે, છતાં

જીવો નરકમાં જાય છે, એ આશ્ચર્ય છે.

ભક્તિહીન બુદ્ધિજીવો નરકમાં જાય છે અને

ધર્મહીન જીવો તિર્યંચમાં જાય છે.

દરરોજ જીવો યમના મંદિરમાં જઈ રહ્યા છે, તો પણ

બાકી લોકો દુનિયામાં સ્થિર રહેવા ઈચ્છે છે,

એથી મોટું આશ્ચર્ય બીજું કયું હોઈ શકે?

o નાસ્તિત્વ માયાવી છે અને અસ્તિત્વ સત્ય છે.

નાસ્તિત્વ જાણવા બાકી પ્રત્યે કઠોર વર્તન તથા

અસ્તિત્વને જાણવા કોમળ વર્તન કરવું પડે છે.

નાસ્તિત્વ એ ટક્કરો ટકરાવા છે,

અસ્તિત્વ એ સ્વત્વની રક્ષા છે.

એકમાં ક્રાંતિ અને બાકીમાં શાંતિ છે.

'આમને આમારા દુઃખ મળો' તે ક્રાંતિ અને
'આમને આમારું સ્વરૂપ મળો' તે શાંતિ છે.

વ્યક્તિત્વ માયાવી છે અને સ્વત્વ-અસ્તિત્વ એટલે
પોતાનું જોવાયેલું સ્વરૂપ, તે સત્ય છે.

દુઃખ મેળવવા માટે અર્થાત્ વ્યક્તિત્વ જાળવવા માટે
જીવન પ્રત્યે અયોગ્ય વર્તન કરવું પડે છે.
સ્વરૂપ મેળવવા માટે અર્થાત્ સ્વત્વ મેળવવા માટે
જીવન પ્રત્યે સુયોગ્ય વર્તન કરવું પડે છે.

૦ કામને જે આધીન થાય તે જીવ, કામને આધીન કરે તે શિવ. કામને જે મારે, તે જ કામને જીતી શકે. ઈશ્વર સાથે મિલન કરે તો જીવ પણ ઈશ્વર બને છે. શરીરની ઉત્પત્તિ જ કામથી થયેલ છે, તેથી મનુષ્યોના શરીર વિલાસી છે, તેમાં યોગમાર્ગ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.
જાણે બધા પણ જીવનમાં ઉતારે કોઈક જ.

૦ લૌકિક કાર્યો પણ જો તન્મયતા માંગે છે, તો
અલૌકિક કાર્યો તન્મયતા વગર કેમ સિદ્ધ થાય?

રાગ અને તેથી આગળ અને અનુભવ વડે ગાઢ થયેલું ત્યાગ અને એવો વૈરાગ્ય ભક્તિ વડે જ પ્રાપ્ત થાય છે.
ધર્મના ઉત્સવો એ ભેદબુદ્ધિ ટાળવા માટેનાં પર્વો છે.

○ 'માન આપવા લાયક એક ઈશ્વર જ છે
અને સર્વમાં તે રહેલો છે'

આ ભાવના તે ભક્તિસ્વરૂપ ભાવના છે.
આ ભાવના પ્રમાણે વિશ્વસ્વરૂપ ભગવાન એ
અનાદિ, અનંત, સુસ્થિત,
સુપ્રતિષ્ઠિત, મહાકાય તથા ભીમકાય છે.
વિશ્વસ્વરૂપ અધર્મીઓને પકડી રાખે છે,
ધર્મીઓને છાતી સરસું આલિંગન કરે છે અને
મુક્ત પુરુષોને મસ્તકે ચઢાવે છે. બધામાં આ વિશ્વ-
સ્વરૂપ તથા વિશ્વસ્વરૂપમાં આ બધા, એનું જ નામ
'યથા પિંડે તથા બ્રહ્માંડે' અને 'યથા બ્રહ્માંડે તથા પિંડે।'
આર્હંત્ય દર્શનની એ પ્રભુઆરાધના સર્વત્ર વ્યાપક છે.
સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ આ વિશ્વસ્વરૂપનો
આધાર છે. બધાં શાસ્ત્રો તેને વર્ણવે છે અને
બધાં શાસ્ત્રો વડે તે પોતાને કહેવડાવે છે.

વિશ્વસ્વરૂપ તે હું અને હું તે વિશ્વસ્વરૂપ.
તે જ પ્રત્યેક જીવ અને પ્રત્યેક જીવ તે પ્રભુ તે જ.
જીવાજીવમય, નવતત્ત્વમય, ષડ્દ્રવ્યમય પ્રભુ તે જ.
એનું ભાવથી ભજન કરતાં હૃદય અતિ વિશાળ અને

આદિ બને છે. સંગ્રહથી તે સત્યમાં છે અને એવંભૂતથી
તે [illegible] આત્મામાં નથી. કવિઓ તેને એમ ગાય છે:

'સબમેં હૈ ઔર સબમેં નાંહી, તૂં નટરૂપ એકલો.'

## શિવનું તાંડવ નૃત્ય

શિવ એ નટરાજ છે, જગત એ નટરાજનું અર્ધાંગ છે.
ધ્રુવ તે શિવ અને ઉત્પાદ-વ્યય તે તાંડવ નૃત્ય છે.

એ રીતે 'ઉત્પાદ વ્યય ધ્રૌવ્યયુક્તં સત્ ।'
એ સૂત્રનો તાંડવ નૃત્યમાં સમન્વય થઈ શકે છે.

o ધ્યાન ઉપર આદરબુદ્ધિ તે શ્રદ્ધા છે અને
ધ્યેય ઉપર આદરબુદ્ધિ તે ભક્તિ છે.

અભ્યાસથી તમોગુણ ઉપર વિજય પ્રાપ્ત થાય છે.
વૈરાગ્યથી રજોગુણ જીતાય છે.

તમોગુણ જવાથી નિર્મળતા આવે છે અને
રજોગુણ જવાથી એકાગ્રતા આવે છે.

o જે ધર્મ જીવનમાં નથી ઉતરતો, તે પંથ બને છે
અને જે પંથ જીવનમાં ઉતરે છે, તે ધર્મ બને છે.

o બુદ્ધિ અને મનની એકતાનું નામ 'ભાવના' છે.

ઉપાસનામાં તર્ક ન હોય. તર્કથી ભરેલા ગ્રન્થોમાં જ તર્ક
માટે કેવો અભિપ્રાય છે, તે નીચેના સૂત્રમાં કહ્યો છે:

तत्त्वनिर्णयशून्याभिर्बाधिताभिः परस्परम् ।
अभिधानैकसाराभिर्जिह्रीमस्तर्कयुक्तिभिः ॥ स्तुतिः

તત્ત્વનિર્ણયરહિત પરસ્પરબાધિત અભિધાનના સારભૂત એવા તર્ક-યુક્તિઓ વડે શરમ અનુભવીએ છીએ.

શાન્તભાવથી ઉપાસના કરવાવાળાને
રાગ - દ્વેષઆદિનો અનુભવ થાય છે.

૦ અવિદ્યા = તમસ. પ્રકૃતિ, મહત્, અહંકાર અને પાંચ તન્માત્રાઓમાં આત્મત્વની ભ્રાંતિ.

અસ્મિતા = મોહ. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વનો અહંકાર.

રાગ = મહામોહ. શબ્દાદિ પાંચ લૌકિક તથા અલૌકિક વિષયોમાં આસક્તિ.

દ્વેષ = તામિસ્ત્ર. અહંકારના ૮ તથા રાગના ૧૦ મળી કુલ ૧૮ ભેદ તામિસ્ત્રના છે.

અભિનિવેશ = મહાતામિસ્ત્ર - અંધતામિસ્ત્ર. રાગ અને અહંકારની પૂર્તિ થવા છતાં મનમાં તે ચાલી જવાનો ભય ઊભો રહે છે, તેથી ભયના પણ (૧૮) ભેદ છે. બધાનું મૂળ અવિદ્યા છે, જૈનદર્શનમાં તેને 'મોહ' કહે છે અને બૌદ્ધદર્શનમાં તેને 'તૃષ્ણા' કહે છે.

## પ્રભુના ચારે નિક્ષેપા

નામનિક્ષેપ, આકૃતિનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ અને ભાવનિક્ષેપ એમ ચારે નિક્ષેપા વડે કરૂણા અભિવ્યક્ત થાય છે.

તેનો સાક્ષાત્કાર કરવો એ આત્માર્થીનું કર્તવ્ય છે.

અન્યથા કૃતઘ્નતા, અભક્તિ આદિ દોષો પોષાય છે.

દુ:ખીના દુ:ખનાશ કરવાની શક્તિ જેમાં હોય,
તે તત્ત્વ કરૂણાકર કહેવાય.

નામથી પાપ જાય છે, સ્થાપનાથી પાપ જાય છે તથા પ્રભુના દ્રવ્ય-ભાવનિક્ષેપના આરાધનથી પણ પાપ જાય છે.

પ્રભુનું નામગ્રહણ તે પાપનું પ્રાયશ્ચિત્ત છે.

નામગ્રહણથી પાપનાશ અને પાપ જવાથી દુ:ખ જાય છે.

કરૂણાભાવ શુદ્ધ જીવનો સ્વભાવ છે.

પાપ એટલે પ્રભુની આજ્ઞાનું અપમાન, પ્રભુની સામે થવાનો અપરાધ. દીનતા અને ભવનિર્વેદ એકાર્થક છે. અહંકાર ન છૂટે ત્યાં સુધી દીનતા આવે નહિ, દીનતા આવે નહિ ત્યાં સુધી પ્રભુ પ્રસન્ન થાય નહિ. ભક્તિ વિના કોઈ રીતથી ભવ તરાય નહિ. મેલા કપડાને ધોકા પડે જ. ડુબતાંને બચાવવા માટે વાળ ખેંચવા પડે જ.

પાપ કરવાની શક્તિ માનવની છે,
માફ કરવાની શક્તિ પ્રભુની છે.

o મનને નિયંત્રિત કરવાની પદ્ધતિ

અંકુશ કરવાનો વૈજ્ઞાનિક ઉપાય એ યંત્ર છે.

મનને નિયંત્રણ કરે તે યંત્ર,

મનનું રક્ષણ કરે તે મંત્ર,

મનનો વિસ્તાર કરે તે તંત્ર.

તંત્ર અને મંત્રશાસ્ત્ર પરમાત્માના સ્થાને છે. વેદ એ આત્મા, દર્શનશાસ્ત્ર એ જ્ઞાનેન્દ્રિયો, પુરાણશાસ્ત્ર એ સ્થૂલશરીર અને સ્મૃતિઓ વિભિન્ન અંગ છે.

તંત્ર એ મંત્રના રૂપમાં ચિદાત્માની શક્તિઓ છે. પરબ્રહ્મ પોતે જ શબ્દબ્રહ્મ યા સગુણ બ્રહ્મના રૂપમાં આત્માની અંદર નિવાસ કરે છે, એમ વિશ્વ સારતંત્રના બીજા અધ્યાયમાં કહ્યું છે: મંત્રશબ્દ બ્રહ્મનું શરીર છે. કુંડલિની શક્તિ શબ્દબ્રહ્મનું જ સ્વરૂપ છે અને તે પ્રત્યેક વ્યક્તિના શરીરમાં વિદ્યમાન છે. - શારદાતિલક અ. ૧

આ શબ્દબ્રહ્મથી જ વાણી અને અર્થના રૂપમાં સમસ્ત જગતની સૃષ્ટિ થાય છે, તેને અક્ષર અને શબ્દો દ્વારા પ્રકટ કરાય છે. એ કારણે દેવતા અને સમસ્ત વિશ્વ શબ્દરૂપ કહેવાય. સિદ્ધિ જેનું અવશ્યંભાવી પરિણામ છે એવો નાદ સૃજન શક્તિરૂપ છે, તે બ્રહ્મ યા ઈશ્વર છે.

અભિવ્યક્ત અવસ્થામાં જે શિવ - શક્તિરૂપ છે,
તે તુરીયાવસ્થામાં નાદ યા બિંદુરૂપ છે.

પાતંજલ યોગદર્શન મુજબ એકાગ્રતા સાધવાના ૯ ઉપાય

(૧) અભ્યાસ (૨) વૈરાગ્ય (૩) ઈશ્વરપ્રણિધાન
(૪) પ્રાણાયામ (૫) વિષયવતી પ્રવૃત્તિ (૬) જ્યોતિષ્મતી પ્રવૃત્તિ
(૭) વીતરાગધ્યાન (૮) સ્વપ્ન નિદ્રાલંબન (૯) અભીષ્ટ ચિંતન.

o ઉ = સ્થૂળશરીર, ર = સૂક્ષ્મશરીર,
ઈ = કારણશરીર, મ = તુરીયાવસ્થા.

o જડ અને ચેતન, પુરુષ અને પ્રકૃતિ -
એક જ તત્ત્વની બે અભિવ્યક્તિઓ છે.

ઉપાદાન કારણના રૂપમાં તે 'પ્રકૃતિ' કહેવાય છે અને
નિમિત્ત કારણના રૂપમાં તે 'પુરુષ' કહેવાય છે.

શાસ્ત્રમાં મૈત્રી તથા વૈરાગ્યભાવના
મૈત્રીભાવના દ્વેષબુદ્ધિને દૂર કરે છે
અને હૃદયમાં પ્રસન્નતા ભરી દે છે.

વૈરાગ્યભાવના તે સ્થિતપ્રજ્ઞની ભાવના છે અને
તે વિષયો પ્રત્યેની આસક્તિને ઘટાડે છે.

'શરણ' એટલે તે લોકોની શરણાગતિ કે સદ્ગુરુ,
કે જેઓએ તે માર્ગે ચાલીને સફળતાને પ્રાપ્ત કરી છે.

## વ્યક્તિત્વની ઘટક છ વસ્તુઓ

શરીર, પ્રાણ, ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને આત્મા.
'પ્રજ્ઞ' વિવેકના અર્થમાં છે. વિચારી અને સમજીને
જે ક્રિયા થાય, તે વિવેકપૂર્વકની કહેવાય છે.
મનનો અર્થ ઇચ્છાશક્તિ - બુદ્ધિનો અર્થ વિવેકશક્તિ છે.
ઇચ્છા અને વિવેકમાં સામંજસ્ય હોવું આવશ્યક છે.
અન્યથા અશાંતિનું કારણ બને છે.

## સામંજસ્ય એટલે...

બુદ્ધિ જે વાતને હિતકારી માને, તે કાર્યને કરવાની જ
ઇચ્છા જાગ્રત થાય, ત્યારે તે 'સામંજસ્ય' ગણાય છે.
શરીર પ્રાણને અનુસરે, પ્રાણ મનને અનુસરે અને
મન બુદ્ધિને અનુસરે તો મહાન કાર્યો પણ સુલભ બને.

## ઉપદેશ કરતાં આદર્શ વધુ પ્રેરક છે.

આદર્શ પ્રત્યેની નિષ્ઠાને 'ભાવ' કહેવાય છે.
પોતાને ભૂલીને આદર્શ - ઉપાસ્યનું રૂપ લઈ લેવું તે ભાવ.
ભાવ કે ભાવના દ્વારા સાધક પોતાની અંદર
દેવત્વનું અસ્તિત્વ અનુભવવા લાગે છે.

°

The youth of the soul is ever-lasting. The eternity is youth.

## વિશ્વ પણ એક વિરાટ શરીર

શરીરનો પ્રત્યેક ભાગ પોતપોતાના સ્થાને આવશ્યક છે.
એકના વિના બીજા ભાગ કે અંગનું કામ ચાલતું નથી.
એમ શરીરના પ્રત્યેક અંગ જો પરસ્પર ઘૃણા કરે, તો
અવ્યવસ્થા ફેલાય તેમ વિશ્વ પણ એક વિરાટ શરીર છે,
તેમાં પણ એક વ્યવસ્થિત અવસ્થા છે.
કોઈ વસ્તુ કે વ્યક્તિ તરફ ઘૃણા કરવાનો અર્થ એ છે કે
તે અવસ્થાને ખરાબ માનવી અથવા તો
બીજા શબ્દોમાં વિશ્વવ્યવસ્થાનું અપમાન કરવું.

ધ્યાન = વ્યક્તિત્વને સંગઠિત કરવાનો વૈજ્ઞાનિક ઉપાય.

ધ્યાનને તીવ્ર બનાવવા માટે 3 વસ્તુ જોઈએ:
(૧) પ્રત્યક્ષ યા સાક્ષાત્કાર (૨) લક્ષ્યની આત્મીયતા
(3) સાક્ષાત્કાર તથા લક્ષ્ય દ્વારા સ્વાર્થની સિદ્ધિ.
ભાષા પરિવર્તનરૂપ અર્થ એ વાસ્તવિક અર્થ નથી
પણ તદ્રુપયોગરૂપ પરિજ્ઞાન એ વાસ્તવિક અર્થ છે.
એ અર્થની પ્રાપ્તિ માટે
સતત ઉપયોગયુક્ત બનવા પ્રયત્નશીલ થવું જરૂરી છે.
એનો જ બીજો અર્થ
ધ્યાન છે, તલ્લીનતા છે, એકાગ્રતા છે, એકતાનતા છે.

## ધ્યાનના આભ્યંતર તથા બાહ્ય આલંબનો

આભ્યંતર આલંબનો: શરીર, પ્રભુ, મન તથા આત્મા છે.
અંગુષ્ઠથી મસ્તક સુધીના અવયવો, ષટ્ચક્રો, શ્વાસોચ્છ્વાસ,
હૃદયની ગતિ તથા અનંત ચતુષ્ટયવાન આત્મા વગેરે છે.
ધ્યાનના બાહ્ય આલંબનો: તારા, ચંદ્રમા, સૂર્ય, પાણીમાં
પ્રતિબિંબ, દર્પણમાં દીપકનો પડછાયો તથા પૃથ્વી-જલાદિ
તત્ત્વો, ચિત્ર, પ્રતીક, મૂર્તિ, મંત્ર, મંડલ, યંત્રાદિ અનેક છે.

## રાગ - દ્વેષ - વિવેક - પ્રશમ - મોહાદિ કઈ રીતે જાગે?

વિકૃત શ્રદ્ધા તે રાગ છે અને અવિકૃત રાગ તે શ્રદ્ધા છે.
બંનેમાં સ્નિગ્ધતા સરખી છે, માત્ર પાત્રનો ભેદ છે.
દ્વેષ અને બુદ્ધિમાં દોષદર્શનથી દ્વેષ જાગે છે અને
દ્વેષ અને બુદ્ધિમાં ગુણદર્શનથી વિવેક જાગે છે.
વ્યક્તિને દોષિત માનવાથી દ્વેષ જાગે છે.
દોષમાં દોષબુદ્ધિ તે વિવેક યા પ્રશમ છે.
મોહનો પ્રતિપક્ષ વિતર્ક-કલ્પના છે. મોહમાં વ્યાકુળતા છે,
વિતર્કમાં અસ્થિરતા છે પણ તે વિચારાત્મક છે.
તૃષ્ણા અને અહંકાર રાગાન્તર્ગત છે, દૃષ્ટિ મોહાન્તર્ગત છે.
સ્વર્ગથી આવનારમાં રાગ પ્રાધાન્ય, નરકથી આવનારમાં દ્વેષ
પ્રાધાન્ય અને તિર્યંચગતિથી આવનારમાં મોહ પ્રાધાન્ય છે.

મોહમાં પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વની અધિકતા છે,
દ્વેષમાં અગ્નિતત્ત્વ અને વાયુતત્ત્વની અધિકતા છે અને
રાગમાં ચારે તત્ત્વો સમાનરૂપથી છે.
જેનામાં ત્રણે દોષ બળવાન છે, તે લોભી, મૂર્ખ, દ્વેષી છે.
જેનામાં લોભ મંદ છે અને દ્વેષ તથા મોહ તીવ્ર છે,
તે સંતોષી સાથે મૂર્ખ અને દ્વેષી (ક્રોધી) છે.
જેને મોહ પ્રબળ છે પરંતુ શેષ બે મંદ છે,
તે મંદબુદ્ધિ, ક્ષમાશીલ અને સંતોષી છે.
જેનામાં દ્વેષ બળવાન અને શેષ બે મંદ છે,
તે દ્વેષી છતાં સંતોષી અને પ્રયત્નવાન છે.
જેને ત્રણે મંદ છે, તે સંતોષી, ક્ષમાશીલ અને બુદ્ધિમાન છે,
શ્રદ્ધાવાન્ સંતોષી-ક્ષમાશીલ છે, પ્રયત્નવાન બુદ્ધિચરિત છે.
શ્રદ્ધા, બુદ્ધિ તથા વિતર્ક તે રાગ, દ્વેષ, મોહના પ્રતિપક્ષ છે.
રાગચરિતને સ્નિગ્ધ અને મધુર ભોજન પ્રિય છે.
દ્વેષચરિતને રૂક્ષ અને ખાટું ભોજન ગમે છે અને
મોહચરિતની રુચિ અનિયત હોય છે.
રાગી ગુણ જુએ છે, દ્વેષી દોષ જુએ છે અને
મોહી સ્વયં નિર્ણય કરી શકતો નથી,
તે બીજાઓ જેમ કરે તેમ કરે છે.

૬ ચર્યાનાં નામ : રાગ, દ્વેષ, મોહ, શ્રદ્ધા, બુદ્ધિ, વિતર્ક.

એ છ ચર્યા સાધકના સ્વભાવને કહે છે.

૬ ચરિતોમાં શું અધિક હોય?

(૧) રાગચરિતમાં માયા, શાઠ્ય, પાપેચ્છા, અસંતોષ, લોભ તથા માનની અધિકતા હોય.

(૨) દ્વેષચરિતમાં ક્રોધ, દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્ય, દંભાદિ હોય.

(૩) મોહચરિતમાં વિચિકિત્સા, સંદેહશીલતા, આળસ, વિક્ષેપ, અકર્મણ્યતા, પશ્ચાત્તાપ, દુરાગ્રહ, હઠાગ્રહાદિની અધિકતા હોય.

(૪) શ્રદ્ધાચરિતમાં અનાસક્તિ, સત્સંગ, ધર્મ શ્રવણાદિની ઉત્સુકતા, પ્રીતિ અને ભાવયુક્ત પ્રેમ અધિક હોય.

(૫) બુદ્ધિચરિતમાં મધુર ભાષણ, સદાચાર, બધાનું સારું ભલું ચિંતવવું, જાતિસ્મરણ, શાસ્ત્રશ્રવણ, ભવનિર્વેદ અનુકંપા, દયા આદિ અધિક હોય.

(૬) વિતર્કચરિત અવ્યવસ્થિત હોય છે. તે સામાજિક જીવન પસંદ કરે છે. એક આલંબનમાં સ્થિર રહી શકતો નથી.

ઉપરોક્ત છ વસ્તુઓના પરસ્પર મિશ્રણથી અનેક પ્રકારના સ્વભાવ માનવમાં ઘડાય છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે તમોગુણમાં પશુભાવ, રજોગુણમાં વીરભાવ તથા સત્ત્વગુણ જીવમાં દેવભાવ-દિવ્યભાવ હોય છે.

જ્ઞાનભાવમાં રાગ ભક્તિનું રૂપ લે છે,
દ્વેષ વૈરાગ્યનું સ્વરૂપ લે છે અને
અજ્ઞાન વિતર્કનું સ્વરૂપ લે છે.
સાત્ત્વિક જીવ પરમાત્મામાં જ્ઞાનભાવને જુએ છે,
રાજસિક જીવ પરમાત્મામાં સર્વ શક્તિમત્તા જુએ છે
તથા તામસિક જીવ વિવિધ ઐશ્વર્ય સંપન્નતા જુએ છે.
તત્ત્વવેત્તા જેને અભેદ તત્ત્વરૂપે જુએ છે,
તેને જ સત્ત્વ, રજ અને તમ પ્રકૃતિવાળા અનુક્રમે
જ્ઞાન, પરમાત્મા અને ભગવાન કહે છે.
જ્ઞાનમાં જ્ઞાન, શક્તિ અને ગુણ - એ ત્રણે ગુણ છે.
કર્મયોગ શક્તિને અભાવ કરે છે,
ભક્તિયોગ ગુણને અભાવ કરે છે અને
જ્ઞાનયોગ જ્ઞાનને અભાવ કરે છે.
જીવની વૃત્તિમાં રાગ અને દ્વેષ છે તથા
પ્રવૃત્તિમાં પુણ્યકર્મો અને પાપકર્મો છે.
એ ચારેની નિવૃત્તિ અનુક્રમે
મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષાની ભાવનાથી થઈ જાય છે.
એ રીતે મૈત્ર્યાદિ ભાવનાઓથી
વૃત્તિ અને પ્રવૃત્તિ બંને વિશુદ્ધ બને છે.

## ત્રણે પ્રતિભાવ શેની ખોજ કરે ?

સાત્ત્વિક પ્રતિભાવ સત્યની ખોજ કરે છે,
રાજસિક પ્રતિભાવ સમાજકલ્યાણ તરફ ઝૂકે છે અને
તામસિક પ્રતિ હિંસાત્મક વલણને આવકાર કરે છે.
આમ પ્રતિ આત્મવિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે.

o અહિંસા = અન્ય જીવો તરફ સદ્ભાવ.
અનેકાન્ત = અન્યના સદ્વિચારો તરફ સદ્ભાવ.
અપરિગ્રહ = અન્ય પદાર્થો તરફ નિઃસ્પૃહભાવ.

અહિંસામાં સત્ય, અચૌર્ય તથા બ્રહ્મચર્ય આવી જાય છે,
અનેકાન્તમાં સહિષ્ણુતા આવી જાય છે અને
અપરિગ્રહમાં નિઃસ્પૃહતા તથા સંતોષ સમાઈ જાય છે.

## કોની સાથે કેવો સંબંધ રાખવો ?

વસ્તુઓ સાથેનો સંબંધ જરૂર પુરતો રાખવો,
કિન્તુ તૃષ્ણાવાળો રાખવો નહિ.
જગતની સર્વ વ્યક્તિઓ સાથે
ન્યાયપૂર્વકનો સંબંધ રાખવો,
કિન્તુ કેવળ લૌકિકસંજ્ઞા માટે જ રાખવો નહિ.
વિચારો સાથે તત્ત્વ સમજવા પુરતો સંબંધ રાખવો,
પરંતુ સ્વઆગ્રહને પોષવા માટે રાખવો નહિ.

o પાંચ પ્રકારે યજ્ઞો : દેવ, પિતૃ, ભૂત, અતિથિ, ઋષિ.
તેનાં સાધનો : દાન, પૂજા, સત્કાર, દયા, અધ્યયન આદિ.
અર્થાત્ દેવપૂજા, અતિથિ સત્કાર, ભૂતદયા,
શાસ્ત્રાધ્યયન અને યજ્ઞ - નિષ્કામ કર્મ.
વિશ્વ કે સંસારમાં મનનું રાજ્ય છે,
કિન્તુ મોક્ષમાં આત્માનું સામ્રાજ્ય છે.
જ્યાં સુધી મન ન જિતાય, ત્યાં સુધી મોક્ષ નહિ.
મનને જીતવું એટલે નમનરૂપ બનવું અથવા
મનને જીતવું એટલે મનોરાજ્યનું વિસર્જન કરી,
નમન દ્વારા મળતાં આત્મરાજ્યનું સર્જન કરવું.
o ઉત્તમાધિકારી આત્માઓ માટે અભ્યાસ અને વૈરાગ્ય,
મધ્યમાધિકારી માટે તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન
અને મંદાધિકારી આત્માઓ માટે શાસ્ત્રમાં
યોગના આઠ અંગોનું અનુષ્ઠાન બતાવ્યું છે.
o દેવે તે દેવ અને રાખે તે રાક્ષસ.
માગે કે પોતાના માટે લે, તેને આપવાથી બમણો લાભ
મળે પણ જે ન માગે એટલે કે આપણી ખાતર લે,
તેમને આપવાથી શાસ્ત્રોમાં ચાર ગણો લાભ કહ્યો છે.
દેવ - ગુરુ લે છે, તે આપનારની ખાતર અને
દીન - અનાથાદિ લે છે, તે પોતાની ખાતર.

બંને પ્રકારના દાન એ ધર્મનાં પ્રથમ સોપાન છે.
એક દાન ભક્તિદાન છે, બીજું દાન અનુકંપાદાન છે.
ભક્તિમાં આપનારને તથા અનુકંપામાં લેનારને ગરજ છે,
તેથી એક મુક્તિપ્રદ અને બીજું ભોગપ્રદ મનાય છે.
કર્મના રૂડ સ્વરૂપને બોધ્યા વિના
ધર્મના ભદ્ર સ્વરૂપનો સાચો મહિમા સમજાતો નથી.

**ચારે અનુષ્ઠાનમાં કઈ ભાવનાની મુખ્યતા?**

પ્રીતિ અનુષ્ઠાનમાં મૈત્રીભાવનો વિકાસ છે,
ભક્તિ અનુષ્ઠાનમાં પ્રમોદભાવની સાધના છે,
વચન અનુષ્ઠાનમાં કારુણ્યભાવની પ્રધાનતા છે અને
અસંગ અનુષ્ઠાનમાં માધ્યસ્થ્યભાવની મુખ્યતા છે.

**યતમાન સંજ્ઞા વૈરાગ્ય એટલે શું?**

ચિત્તમાં રહેલા રાગાદિ દોષો વડે ઇંદ્રિયો
પોતે વિષયો પ્રતિ અશ્વની માફક પ્રવર્તે છે.
ઇંદ્રિયોને તે તે વિષયોમાં
રાગ-દ્વેષપૂર્વક ન પ્રવૃત્ત થવા દેવાની ઇચ્છાથી
ચિત્તના તે મળોનો દાહ કરવા
મૈત્ર્યાદિ ભાવનાનો આરંભ પ્રયત્ન,
તે 'યતમાન સંજ્ઞા વૈરાગ્ય' છે.

પ્રેમ ભેદભાવ ગણતો નથી, વિશ્વને પોતાનું ઘર ગણે છે.
પ્રેમ અને મૈત્રી, હિતચિંતા અને સદ્ભાવ એકાર્થક છે.

મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષાનું
સાવધાનતાપૂર્વક તથા ચિરકાળપર્યંત અનુષ્ઠાન કરવાથી
ચિત્તમાંના રાગાદિમલ નિવૃત્ત થઈ જાય છે અને
ત્યારે અભ્યંતર શૌચ સ્થિરત્વને પામે છે.

નિસર્ગ સમ્યગ્દર્શનમાં ભવ્યત્વનું સીધું અનુમાન છે.
અધિગમમાં તે દેવ-ગુરુ-શાસ્ત્ર દ્વારા પ્રાપ્ત થાય છે.
બંનેમાં વિશ્વની ઉપકારકતાનું ભાન છે.

## નવકાર અને મૈત્રીભાવ

નવકારથી સ્નેહ અને મૈત્રીના અભાવરૂપ પાપ જાય છે અને પ્રમોદ અને સ્નેહના સદ્ભાવરૂપ મંગલ આવે છે. મૈત્રીનો અભાવ તે પાપ છે અને સ્નેહનો સદ્ભાવ તે ધર્મમંગલ છે. નમસ્કાર સમસ્ત સત્વવિષયક સ્નેહ-પરિણામને વિકસાવે છે અને અસ્નેહ અટકાવે છે. નમો શબ્દ ન + મન અર્થાત્ ઉન્મનીભાવનો વાચક છે, નમો નામની ચક્રવર્તી ચાવી વડે આત્માના સદ્ગુણોનું, સદાચારોનું અને સદ્વસ્તુઓનું મૂલ્યાંકન થાય છે. મૂલ્યાંકન થવું એટલે ભેદની છેદ્યતા, ઉદાસીનની ઔદાસીનતા અને ઉપેક્ષાભાવની ઉપેક્ષાનો નિષેધ થવો તે.

તત્ત્વમસિમાં તત્ + ત્વમ્ = તત્ત્વમ્ ।
તે એટલે 'જગતના જીવો અને પરમાત્મા તું જ છે.'
એવો અભેદભાવ 'અસિ' શબ્દથી નિર્દેશે છે, તેથી
'તત્ત્વમસિ' એ વિશ્વનું મહાવાક્ય છે.

ક્ષાન્તતા = દુઃખને ખમવું તે.
દાન્તતા = સુખને દમવું તે.
શાન્તતા = સુખ - દુઃખની ઇચ્છાને રૂંધવી તે.

શાન્તતા માટે તપ, દાન્તતા માટે સંયમ અને
ક્ષાન્તતા માટે અહિંસાનું પાલન આવશ્યક છે.

પાપ = અમૈત્રી. પાપનો પ્રતિઘાત = અમૈત્રીનો અભાવ.
ગુણ = અહિંસાદિ. ગુણબીજ = મૈત્રી, મુદિતાદિ.
ગુણાધાન = ગુણોનું આસેવન.

દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદન - શરણાગમન

દુષ્કૃતગર્હા તપરૂપ છે, કેમકે તે કર્મરોગની ચિકિત્સા છે,
સુકૃતાનુમોદન રસાયણરૂપ છે, કેમકે
તે મોહવિષ વિનાશક મંત્રતુલ્ય છે અને
શરણાગમન એ ઇશ્વરપ્રણિધાનરૂપ છે, કેમકે
તે આંતરશત્રુઓના ભય વખતે રક્ષણ આપનાર છે.
બીજા અર્થમાં દુષ્કૃતગર્હા એ સ્વાત્મગર્હારૂપ છે,

સુકૃતાનુમોદના એ પરાર્થપ્રશંસારૂપ છે અને
શરણાગમન એ ભક્તિસ્વરૂપ છે. તે સ્વાર્થરહિત તથા
પરાર્થવંત પુરૂષો પ્રત્યેના આદર-બહુમાનને વધારનાર છે.
આપત્તિ = દેવ - ગુરૂ - ધર્મ ઉપરના વિશ્વાસની કસોટી.
એક વિશ્વાસ જ આપત્તિમાં અડગ રહેવાનું સાધન છે,
તેથી પ્રત્યેક આપત્તિ વિશેષે ભવના વિશ્વાસમાં
વૃદ્ધિ કરવાનું એક આવશ્યક સાધન છે.

એવું કૃપાપાત્રને જ સમજાય છે કે:
હૃદય ચિંતિત કરતાં વિધિકૃત કાર્ય સદા ઉત્તમ હોય છે.

સુખ - દુઃખની સમજણ

જો એમ સદ્દહવામાં આવે કે:
'પોતે બાંધેલાં પાપના પ્રમાણમાં મને આવેલું દુઃખ તો
ઓછું છે' તો જ દુઃખને સહન કરવાની શક્તિ આવે.
દુઃખ ગમે તેટલું મોટું હોય પણ પોતાની અયોગ્યતાથી
ઓછું જ છે. સુખ ગમે તેટલું થોડું હોય પણ
પોતાની તે માટેની યોગ્યતાથી હંમેશા મોટું જ છે.
સુખને દમવાની શક્તિ પણ તો જ આવે કે
'પોતાની સુકૃત કરવાની યોગ્યતાથી સુખ અધિક છે'
એ વાતને શ્રદ્ધાપૂર્વક સ્વીકારાય.

Imp દુઃખ વખતે પોતાથી અધિક દુઃખીનો અને
સુખ વખતે પોતાથી અધિક સુખીનો
વિચાર કરવાથી સમત્વ ટકી રહે છે.

સુખની ઇચ્છાના બદલે એનું મૂળ ધર્મ ઇચ્છાય અને
દુઃખથી ડરવાના સ્થાને એનું મૂળ પાપથી ડરાય, તો તે
તપસ્વરૂપ બનીને મનની શાંતિ ટકાવી આપે છે.
આર્તધ્યાન નિવારણ - ધર્મધ્યાન સેવનનો તે ઉપાય છે.

## જ્ઞાન અને ધ્યાનનું સામર્થ્ય

આકાશ અપાર છે, કાળ અનંત છે.
એવા અપાર અને અનંત આકાશ અને કાળને પણ
એક જ સમયમાં જાણી લેવાની તાકાત જ્ઞાનમાં છે,
તેથી એનું સામર્થ્ય કલ્પનાતીત છે.
ધ્યાન દ્વારા પ્રાપ્ત થયેલું જ્ઞાન એ ઉત્તમ જ્ઞાન છે.
જ્ઞાનપ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય ધ્યાન છે.
મુક્તિ માટે એક ધ્યાન જ સાધન છે.

o તુલસી યે સંસાર મેં પંચરત્ન હૈ સાર,
સાધુમિલન અરુ હરિભજન દાન, દયા, દીન ઉપકાર ...(૧)
ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોય,
તુલસી નીચા જો ચલે, પ્રભુસે ઊંચા હોય. ...(૨)

શ્રાવણ વદ ૧૧

મન ઉપર આત્માનું પ્રભુત્વ તે મોક્ષ અને
આત્મા ઉપર મનનું સ્વામિત્વ તે સંસાર.

છળપ્રપંચ અને ભૌતિક અભ્યુદયના આ યુગમાં
અધ્યાત્મની બધી વાતો ભુલા ગઈ છે. આપણો દેશ
અર્થકારણ, રાજકારણ, ભોગકારણમાં ભુલા ગયો છે. હવે
તેને પ્રકાશમાં લાવનાર અંતર્મુખ આત્માઓ જોઈએ.
સહજ રીતે થાય, એકાંત શાંત જીવન જીવાય તથા
વાહ્ય આકર્ષણ ઘટે તો જ બધી વાતો પુનર્જીવિત થાય.

જ્ઞાન તો ઠીક પણ સાધુ - સંતો
આ ભૂમિકાને અપનાવે તો ઘણું થઈ શકે.
સૌને ધ્યાનનો રસ વધ્યો છે પણ ધ્યાન સધાતું નથી.
મુક્તિ માટે ધ્યાન જ જોઈશે.

ઝંખના તો ઘણા ને થાય છે, પરન્તુ
દેવ - ગુરૂનો અનુગ્રહ ઉતરશે, ત્યારે એ ઝંખના ફળશે.

આશાનું માહાત્મ્ય

કોઈ ગંભીર રોગનો દર્દી હોય, તો એ
દર્દીને સારવાર અને દવા કરતાં વધુ જરૂર આશાની છે.
આશાવાદી દર્દી ચિકિત્સકની અડધી મહેનત ઓછી કરી દે.

## પ્રાર્થનાની શક્તિ

શ્રાવણ વદ ૧૩

ભૌતિકવિજ્ઞાન જેટલું અલ્પશક્તિક તથા મર્યાદાજનક છે,
તેનો સ્રોત પુરાવો પ્રાર્થનાની શક્તિ છે.
આ સ્રોત આધ્યાત્મિક ચૈતન્ય છે.
વિશાળ દુનિયામાં જેવી જેવી શક્તિઓ જ્યાં જ્યાં છે
એ બધું પ્રાર્થનાની શક્તિમાંથી ઘણું જાણવા મળે છે.
બીજાને સાંભળવા માટે નહિ તો યે જગતના શ્રેય માટે
આવી પ્રાર્થનાની શક્તિઓની પ્રાદુર્ભૂતિ જરૂરી છે.

## ચાર પુરૂષાર્થના લક્ષ્ય

ધર્મ પુરૂષાર્થનું લક્ષ્ય, સાધ્ય કે તત્ત્વ મોક્ષ છે.
અર્થ પુરૂષાર્થનું લક્ષ્ય ન્યાય - નીતિ છે.
કામ પુરૂષાર્થનું લક્ષ્ય સંયમ - સદાચાર છે.
મોક્ષ પુરૂષાર્થનું લક્ષ્ય કે સાધ્યતત્ત્વ પરોપકાર છે.
લક્ષ્યહીન પુરૂષાર્થ વાસનાપોષક બની જાય છે.

## જિનધર્મ એટલે અશરણાનુપ્રેક્ષા

દયાવાન હોય તે પરોપકારની બુદ્ધિવાળો અવશ્ય હોય.
પરોપકારની બુદ્ધિવાળો હોય તે દયાવાન અવશ્ય હોય.
સમ્યક્ત્વ સહિત જિનધર્મ જ જન્મ - જરા - મરણનાં
દુઃખ નિવારવા સમર્થ છે, બાજું કોઈ શરણ સમર્થ નથી.

જૈનધર્મ = દયાપ્રધાન પરોપકાર, મૈત્રીપ્રધાન કરુણા.

સર્વાત્મભાવની સાધના જરૂરત છે તથા

પરમાત્મભાવની સાધના બીનજરૂરત છે.

એક પરાર્થભાવના રૂપ છે, બીજી પરમાર્થભાવના છે.

વિશ્વાત્માનો વિચાર = પરાર્થ. એ સ્વાત્મા માટે છે.

સ્વાત્માનો વિચાર = પરમાર્થ.

પરમાર્થ એ વિશ્વાત્મભાવથી સિદ્ધ થાય છે.

o નમસ્કાર એ મનસ્કારનો વિરોધ છે.

નમનભાવ એ ઉન્મનીભાવનું કારણ છે.

મનને વિકલ્પમાં જોડનાર બાહ્ય પદાર્થ છે,

નિર્વિકલ્પ બનાવનાર આભ્યંતર પદાર્થ છે.

આમનસ્કતા તરફ લઈ જનાર બધી જ ક્રિયાઓ

આંતરનમન અર્થની સૂચક છે.

મન આત્મા સાથે મળે ત્યારે દિવ્યભાવ જાગે છે,

મન મન સાથે મળે ત્યારે નરભાવ જાગે છે તથા

મન જડરૂપ દેહ સાથે મળે ત્યારે પશુભાવ જાગે છે.

દિવ્યભાવ આત્મિક - નરભાવ માનસિક - પશુભાવ દૈહિક.

પશુ - પાશ એકાર્થક છે.

અજ્ઞાન, મોહ, લોભ એ પાશ છે, જીવને બંધન છે.

પશુભવમાંથી નરભવમાં જવા માટેના
મુખ્ય સાધનો પૂજા અને સ્તોત્ર અને જાપ છે.
નરભવમાંથી દિવ્યભવમાં જવા માટેના
મુખ્ય સાધનો ધ્યાન અને લય અને તન્મયભાવ છે.
પૂજા ઉપરથી સ્તોત્ર, સ્તોત્ર ઉપરથી જાપ,
જાપ ઉપરથી ધ્યાન અને ધ્યાન ઉપરથી લયમાં જવાય છે.
લય એ અભેદભાવની ઉપાસના છે.

આત્મજાગ્રત મોક્ષ એટલે...

અનાત્મ પદાર્થો પ્રત્યે જતાં આપણા મનને રોકીને
આત્મપદાર્થને અથવા આંતરતત્ત્વને નમનશીલ થવું તે.
સાધુસેવા એ જિનભક્તિ છે.
'સત્ત્વેષુ મૈત્રી' એ જપમંત્ર છે.
એકમાં અનુમોદન અને બીજામાં કરાવણ છે.
આત્મજાગ્રત - મોક્ષમાં કરણ છે.
કરણ, કરાવણ અને અનુમોદન એટલે
ચારિત્ર, દર્શન અને જ્ઞાન.
એ ત્રણ મળીને જ મોક્ષમાર્ગ બને છે.
કરણમાં ચારિત્રગુણ, કરાવણમાં દર્શનગુણ અને
અનુમોદનમાં જ્ઞાનગુણ પ્રધાન છે.

## ત્રણ પ્રકારના લક્ષ

બહિરાત્મલક્ષ, અંતરાત્મલક્ષ તથા પરમાત્મલક્ષ.
ત્રિધર્મક વસ્તુને માત્ર
ઉત્પાદ ને વ્યયધર્મવાળી જોનાર બહિરાત્મલક્ષવાળો છે,
બંનેને જોનાર અંતરાત્મલક્ષને પામે છે અને
ત્રિધર્મક જોનાર આત્મા પરમાત્મલક્ષનો અધિકારી થાય છે.
મનરૂપી સિંહ પર આત્મા જ્યારે પોતાનું આસન જમાવે,
ત્યારે તે સિંહાસન ઉપર બિરાજમાન પરમાત્મા બને છે
અને તેની વાણી ધર્મોપદેશ બને છે.
'સિંહાસન ઉપર બિરાજમાન થઈ પ્રભુ દેશના આપે છે'
એનો તાત્વિક અર્થ: મન ઉપર આત્માનું પ્રભુત્વ છે
અને એ પ્રભુત્વ પ્રાપ્ત થયા પછી
થતી બધી ક્રિયા એ જગતના જીવોને તારનારી છે.
જ્યાં સુધી મનનાં તરંગો શમ્યાં નથી,
ત્યાં સુધી બધું ક્ષણિક જ છે.
આત્મા જ્યારે મનની પારના સ્થિર પ્રદેશે આવી પહોંચે છે,
ત્યારે પછી કશું ક્ષણિક રહેતું નથી.

o નમ્રતા એ પાત્રતા છે અને
તે પરદ્રવ્યનો ઉપકાર માનવાથી જ પ્રગટે છે.
પરદ્રવ્યનો ઉપકાર માનવા વ્યવહારનયથી ભાવિત થવું.

'પાત્રમાયાન્તિ સંપદઃ |' આ સૂક્ત મુજબ વ્યવહારનયથી ભાવિત બનતા ગુણવાળાને જ નિશ્ચય-નયના વિષય રૂપી સંપત્તિ આપોઆપ પ્રાપ્ત થાય છે. (નિશ્ચયનયનો વિષય = શુદ્ધ આત્મદ્રવ્ય રૂપી સંપત્તિ)

o જીવોનું અસ્તિત્વ પરસ્પર ઉપગ્રહકારક છે.

પ્રકૃતિની દૃષ્ટિ તૃષ્ણાનો, અભેદની દૃષ્ટિ ઈર્ષ્યાનો તથા અસૂયાદિ ક્લેશનો છેદ કરે છે.

વૈરાગ્ય માટે પ્રકૃતિનું ભાવન ઉપકારક છે અને ભક્તિ માટે ઉત્કૃષ્ટતાનું ભાવન ઉપકારક છે.

**સમત્વના બે પ્રકાર**

રાગ-દ્વેષરાહિત્ય તથા પક્ષપાતરાહિત્ય.

રાગ-દ્વેષરાહિત્ય આત્માના ઊર્ધ્વતાસામાન્યના ભાવથી અને પક્ષપાતરાહિત્ય તિર્યક્સામાન્યના ભાવથી થાય છે.

એક આંતરાપેક્ષિક છે, બીજું બાહ્યાપેક્ષિક છે.

એકમાં ભેદવિજ્ઞાનની અપેક્ષા, બીજામાં વાસીચંદનકલ્પતા કે ઉપસર્ગ કરનાર ઉપર પણ ઉપકારકતાની ભાવના છે.

o

Seek truth in meditation, not in mouldy books. Look in the sky to find the moon, not in the pond.

## અરિહંતોની આજ્ઞાનું માહાત્મ્ય

આજ્ઞા એ આજ્ઞાકારક અને આજ્ઞાપાલક -
ત્રણેય ઉભયથી કથંચિત્ અભિન્ન છે.
આજ્ઞા, ઉપદેશ, આગમ, પ્રવચન,
શ્રુત, સિદ્ધાંત, સૂત્ર, ગ્રન્થ આદિ એકાર્થક નામો છે.
આજ્ઞારહિત અનુષ્ઠાન પલાલપુંજ-ઘાસના સમૂહ જેવું છે,
આજ્ઞાસહિત અનુષ્ઠાનમાં આજ્ઞાકારક ઉપર ભક્તિ તથા
આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા જાગે છે.

આજ્ઞાકારક અરિહંતોનો ત્રણ પ્રકારે ઉપકાર છે:
(૧) ગુણપ્રકર્ષરૂપતા આદર્શરૂપે મંગલ છે.
(૨) માર્ગદેશકતા માર્ગદર્શકરૂપે ઉત્તમ છે.
(3) માર્ગરૂપતા આલંબનરૂપે શરણ છે.

અરિહંત પ્રભુ આપણને...
દર્શન - પૂજનાદિ વડે આલંબનનો વિષય પૂરો પાડે છે,
ઘોરતપશ્ચર્યાદિ વડે આલંબનનો આદર્શ પૂરો પાડે છે
અને શાસન - આગમાદિના દાન વડે
આલંબનની પ્રેરણા પૂરી પાડે છે.
એક ક્ષમાપનામાં જ ત્રણે પ્રકારનો ધર્મ આરાધાય છે.
ક્ષમાપનામાં આદર્શ અરિહંતો છે.

## પ્રભુ આપણને શેના વડે શું આપે છે ?

પ્રભુ નામાદિ વડે આલંબન (શરણ) આપે છે,
તીર્થ વડે ઉપદેશાદિ (લોકોત્તમતા) આપે છે,
સાધના અને સિદ્ધિ વડે (મંગળ) આદર્શ આપે છે.
વળી પ્રભુ આપણને
આલંબન, ઉપદેશ અને આદર્શ આપે છે અને
તેના ફળસ્વરૂપ શુક્લધ્યાન અને સદ્ગતિ પણ આપે છે.
આ વસ્તુઓ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં છે, તેથી
પ્રભુ લોકોત્તમ છે, મંગળમય છે, શરણભૂત છે.
પ્રભુ ગુણપ્રકર્ષવાન હોવાથી મંગળમય છે,
મોક્ષમાર્ગદર્શક હોવાથી લોકોત્તમ છે અને
નામાદિ વડે આલંબનદાયક હોવાથી શરણભૂત છે.

o તત્ત્વથી પરમાત્મરૂપ સર્વ જીવો સાથે
ભાવાનુસંધાન થતાં જે આહ્લાદ ઉત્પન્ન થાય છે,
તે જગતને ધારણ કરે છે, માટે ધર્મ છે. યોગીઓ
એ પરિણામને સ્પર્શવાનાં સતત પ્રયત્નોમાં રહે છે.
દર્શન, જ્ઞાન, ચારિત્રનો આત્મા પૂર્વોક્ત સમસ્ત જંતુ-
વિષયક સ્નેહનો પરિણામ છે. આ સ્નેહ પરિણામની
ભાવપરિણતિ, સ્વરૂપલાભ સિદ્ધ ભગવંતોમાં પૂર્ણ છે.

સંભવે છે. આ દૃષ્ટિએ વિચારતાં મૈત્ર્યાદિભાવોનો પરમ પ્રભાવ આજે જગતમાં ચોપાસ દૃષ્ટિગોચર થાય છે.

ધર્મ જગતને ધારણ કરે છે, એ વાત સ્પષ્ટ છે.
'પ્રવણ પરિણામઃ।' અને 'મૈત્ર્યાદિભાવ સંયુક્તં।'
બંને એક જ વસ્તુને કહે છે.

પ્રવણ પરિણામની સાથે મૈત્ર્યાદિનો અભેદ છે.
મૈત્ર્યાદિભાવ વિના દુર્ગતિમાં પડતા
જીવને કે જગતને કોણ ધારણ કરી શકે?

એક પણ જીવના હૃદયમાં જ્યાં સુધી મૈત્રી હશે, ત્યાં સુધી આ જીવોને ધારણ કરવાનું કાર્ય ચાલુ રહેશે.

સર્વથી અધિક અશુભ પરિણામ,
તેના કરતાં એક માત્રા અધિક અંશો અશુભ પરિણામ દુર્ગતિમાં જતાં જીવોને થતો નથી, એનું કારણ એ છે કે સત્પુરુષોના હૃદયમાં મૈત્ર્યાદિરૂપ ભાવધર્મ છે. એ ન હોય તો જીવોના અશુભ પરિણામની કોઈ મર્યાદા ન રહે. સર્વોત્કૃષ્ટ અશુભ પરિણામની અપેક્ષાએ તેથી એક પણ માત્રા હીન અંશો અશુભ પરિણામ પણ અપેક્ષાએ શુભ છે. અહીં અશુભની માત્રામાં જે ન્યૂનતા થઈ, તેમાં પણ કારણ સત્પુરુષોના હૃદયમાં રહેલો જીવવિષયક શુભપરિણામ છે.

## ધર્મક્રિયાઓ શા માટે ?

પરમાત્મરૂપ સર્વ જીવો સાથે ભાવાનુસંધાન થતાં જ અનુભવાતો આલ્હાદ જગતને ધન્ય કરવા સમર્થ છે. રત્નત્રયીનો આત્મા તે શુભપરિણામ જ છે. શાસ્ત્રો જેને પરમ કારણ તરીકે સંબોધે છે, તે આ શુભભાવ છે. ભાવને ટકાવવા, વધારવા તથા પરાકાષ્ઠાએ પહોંચાડવા માટે જ આ જૈનશાસનમાં બધાં ધર્મક્રિયાઓ કહ્યાં છે.

## નામ અને રૂપ

જેમ જે ભૂમિ ઉપર મનુષ્ય પડે છે, તે ભૂમિનો ટેકો લઈને જ તે ઊભો થાય છે, તેમ નામ અને રૂપ જીવને બંધનમાં પણ નાંખે છે અને નામ અને રૂપ દ્વારા જીવ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે.

શબ્દ એ નામમય અને રૂપ એ ભાવમય છે. નામની સાથે રૂપ અને રૂપની સાથે નામ જોડાયેલું છે. તે બે વડે જે સાધના થાય, તે 'મંત્રયોગ' ઇત્યાદિ છે.

## મંત્રસિદ્ધિ એટલે...

મંત્રશક્તિની સાથે સાધકની શક્તિનું તાદાત્મ્ય. તાદાત્મ્યનો અર્થ છે કે : ધ્યેય, ધ્યાયક અને ધ્યાનની અથવા તો સાધક, મંત્ર અને દેવતાની એકરૂપતા.

गुरु - मन्त्र - देवता - आत्म - मनः - पवनानामैक्य -
निष्कलनात् अन्तरात्मसंवित्तिः ।

અર્થાત્ઃ ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પવનનું
ઐક્ય અનુભવવાથી અંતરાત્માનું જ્ઞાન થાય છે.

મનનું મંત્રના રંગમાં રંગાઈ જવું, તે 'ભક્ત' છે.

મન અને મંત્રની એકતા થતાં
ગ્રાહ્ય અને ગ્રાહકનો ભેદ ભુલાઈ જાય છે તથા સાધક
પોતાનું પૃથક્ અસ્તિત્વ ભૂલીને દેવતારૂપ થઈ જાય છે.

દેવતાના સાક્ષાત્કારની ઇચ્છા જ પોતે
બળવત્તર બનીને કાર્યસિદ્ધિ કરે છે.

બધા વિધિવિધાનનું તાત્પર્ય
મનને એકાગ્ર કરીને ભાવનાને દૃઢ કરવી તે છે.
ભાવના પોતે ઘનીભૂત થઈને શક્તિનું રૂપ લે છે.
મંત્ર, યંત્ર, મૂર્તિ આદિ તેનાં સાધન છે.

બંને એટલે શિવ - શક્તિરૂપ છે.

બંનેનો મેળ - મિથુન થવાથી જે બિન્દુ પ્રકટે છે,
તે દેવતાનું બીજ છે અર્થાત્ દેવતા સાધકનું સંતાન છે.

'મોક્ષ ન મળે ત્યાં સુધી' એનો અર્થ સર્જક સાથે એક
ન થઈએ, ત્યાં સુધી ફરી ફરી અવતાર લેવો પડે છે.

## અપવર્ગની પ્રાપ્તિ

તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનો નાશ, તેથી રાગદ્વેષનો વિલય,
તેથી પ્રવૃત્તિનો અંત, તેથી કર્મબંધનો અંત, તેથી
જન્મ-મરણનો અંત અને અંતે અપવર્ગની પ્રાપ્તિ થાય છે.
શરીર ભોગનો વિષય છે, મન-ઇંદ્રિયો ભોગના સાધન.
આત્મા ભોક્તા છે, મન-ઇંદ્રિયોના કારણે શુભાશુભ
જે સંસ્કાર આત્મામાં પડે છે, તેનું નામ 'અદૃષ્ટ' છે.
સાધના દ્વારા આ સંસ્કાર દૂર થાય છે અને
આત્મા બંધનોથી છૂટે છે, તેનું નામ 'રાજયોગ' છે.
સમસ્ત દાર્શનિક પરંપરા રાજયોગમાં સમાવેશ પામે છે.
દર્શનશાસ્ત્રોનું લક્ષ્ય મોક્ષ તત્ત્વજ્ઞાન દ્વારા પ્રાપ્ત થઈ શકે
તેવું તેનું પ્રતિપાદન છે અને તે જ રાજયોગ કહેવાય.
સાંખ્યદર્શન પ્રકૃતિ અને પુરુષ - બે તત્ત્વને માને છે.
પ્રકૃતિ જ પુરુષના બંધ-મોક્ષનું કારણ છે.
પરસ્પર ભેદનું જ્ઞાન થવાથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.
આ દર્શનમાં સાધનાના રૂપમાં મુખ્યપણે
રાજયોગને જ સ્વીકારવામાં આવ્યો છે.

योऽन्तः सुखोऽन्तरारामस्तथाऽन्तर्ज्योतिरेव यः ।
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥

(પરિશિષ્ટ-૨)

## 'પુષ્ટિ' શબ્દનો અર્થ પોષણ.

સમગ્ર જગતનું પોષણ એક માત્ર પરમાત્મા જ કરે છે,
એ મૂળ આધાર ઉપર જીવ જ્યારે આવે છે,
ત્યારે તેના ઉપરથી અહંકારનો બોજ
અને મમકારનું બંધન ચાલ્યું જાય છે.

ભગવદ્ ઇચ્છામાં જેણે પોતાની ઇચ્છા મેળવી દીધી અને ભગવદ્ આજ્ઞાને જ માથે ચડાવવાનું જેને કર્તવ્ય રહ્યું, તેને પછી કોઈ કાળે કોઈ ચિંતા રહેતી જ નથી. ભક્તની પુષ્ટિમાં ભગવાન કદી વિલંબ કરતાં જ નથી. એ તો સદાયમાં સત્વર હાજરાહજુર ઉભા જ રહે છે.

મનોરંજન કર્મબંધનું કારણ છે, જ્યારે
મનોમંથન વૈરાગ્યજનક હોઈ કર્મક્ષયનું કારણ છે.
નમસ્કાર એ સર્વ શાસ્ત્રોનો સાર છે. જેનું મન
નમસ્કારમાં જોડાય, તેને સર્વ શાસ્ત્રોનો સાર પ્રાપ્ત થાય.

ૐ નમઃ સિદ્ધમ્ । આ મંત્રનો અર્થ છે કે:
ૐ કે જે સિદ્ધ છે, તેને નમસ્કાર થાઓ.
'નમઃ ।' એ સિદ્ધપદ છે, તેને હું સ્વીકારું છું.
સિદ્ધને નમસ્કાર થાઓ ૐપૂર્વક અર્થાત્
ૐપૂર્વક સિદ્ધ નમસ્કાર સકળ કાર્યસિદ્ધિનું અંગ છે.

ॐ અર્હં સિદ્ધ છે, નમઃ સિદ્ધ છે, આત્મા પણ સિદ્ધ છે.

તેને સાધવાનો નહિ કિન્તુ ઓળખો કાળ તે સિદ્ધ છે.

He is infinite and eternal.

Believe it and bow down to it.

સિદ્ધપદ પમાડવાની ભાવનામાત્રથી અરિહંતપદ પ્રાપ્ત થાય,
તેથી સિદ્ધપદ એ સિદ્ધ છે અને સકલ સિદ્ધિનું કારણ છે.

આચાર્યો આચાર પાળે છે, તે સિદ્ધપદ માટે.

ઉપાધ્યાયો જ્ઞાન આપે છે, તે સિદ્ધપદ સંબંધી.

સાધુઓ રત્નત્રય વડે સિદ્ધિના માર્ગને સાધે છે.

ધર્મ પણ સિદ્ધપદનું સાધન હોવાથી ઉપાદેય છે.

સિદ્ધપદની રુચિ તે દર્શન છે.

સિદ્ધપદની સર્વ શ્રેષ્ઠતાનો બોધ તે જ્ઞાન છે.

સિદ્ધપદની પરિણતિ તે ચારિત્ર છે અને
સિદ્ધપદની સાધના માટેનો શ્રમ તે તપ છે.

સિદ્ધપદ સિદ્ધશિલા ઉપર છે. અપ્રગટ તે સર્વત્ર છે.

સર્વ જીવ સિદ્ધ સમ છે, માટે જ મૈત્રી, પ્રમોદભાવ,
કારુણ્ય અને માધ્યસ્થ્યભાવની જરૂર ઊભી થાય છે.

सर्वे जीवाः उपादेयाः शक्तिरूप - शिवात्मकाः ।
व्यक्तिरूपोल्लसन्मोक्षाः पंचाऽपि परमेष्ठिनः ।

સિદ્ધપદ ઉપાદેય છે, માટે જ સંસાર હેય છે. કર્મબંધના હેતુઓ વર્જવા લાયક છે, કેમકે તે સિદ્ધપદના વિરોધિ છે.

સિદ્ધપદ સર્વ આત્માઓમાં સિદ્ધ હોવાથી
સર્વ આત્માઓ ઉપાદેય છે.

૦ સાચો સાધક અહિંસા, સંયમ, તપ આદિને જીવનમાં ઉતારે છે અને છતાં પોતે બધા પ્રત્યે નમ્ર રહે છે. ધર્મ અહંકાર અને સ્વાર્થ ઉપર દમન કરવાનું કહે છે.

સ્વાર્થના દમન માટે પરહિતચિંતા અને
અહંકારના દમન માટે નમ્રતા જરૂરી છે.
જૈન ધર્મ સમતાને પ્રધાન સ્થાન આપે છે.

અહિંસાથી વ્યવહારિક જીવનમાં સમતાનું સ્થાપન થાય છે, અનેકાંતથી વૈચારિક જીવનમાં સમત્વ સ્થિર થાય છે. અસ્મિતાનું મિથ્યા થવાથી સમતા વિષમતામાં પલટાય છે.

ધર્મ બુદ્ધિને કુંઠિત કરતો નથી પણ
સત્યનું સ્વાગત કરવા માટે સદા ઉદ્યત રહે છે.
ધર્મ હંમેશા નમ્રતા અને ઉદારતાને પોષે છે.

ધર્માન્ધ બુદ્ધિનું બીજું નામ જ પાપ છે. જ્યાં નમ્રતાના સ્થાને અહંકાર અને ઉદારતાને સ્થાને સ્વાર્થ આવે છે,
ત્યાં ધર્માન્ધ વૃત્તિ ઉભી થાય છે.

અપ્રકૃતિથી પ્રકૃતિ તરફ જવું તે ધર્મમાત્રનું પ્રયોજન છે.
ધર્મનું પ્રધાનફળ સ્વર્ગ નહિ પણ મોક્ષ છે.
સ્વર્ગને પ્રધાન માનવાથી ધર્મ સ્વર્ગાદિ ફળમાં ઉતરતો
અજાત થાય, તે ઉચિત નથી. સ્વર્ગાદિ ફળ આનુષંગિક છે.
મુખ્ય ફળ મોક્ષ યા આત્મોદ્ધાર છે.
ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ ।
જેના મનમાં સમત્વભાવ આવ્યો,
તેણે આ જ જન્મમાં સ્વર્ગ પ્રાપ્ત થયો સમજવો.
ગરીબોને પ્રભુ એમ નહીં પૂછે કે
દાન કેમ આપ્યું નહિ? પણ એમ તો જરૂર પૂછશે કે
મેં આપ્યું હતું તેનો શું ઉપયોગ કર્યો?
પ્રભુએ જે આપ્યું છે,
તેનો સદુપયોગ એ પુણ્ય અને દુરુપયોગ એ પાપ.
ધર્મને માટે ધન તો શું પણ
પ્રાણ આપવા પડે તો પણ ઓછા છે.
ઈશ્વર એટલે આનંદ.
આનંદને પકડવા જે બહાર જાય, એને આનંદ ન મળે.
આનંદ સ્ત્રીમાં - પુરુષમાં કે કોઈ પદાર્થમાં નથી.
આનંદ તો માનવના અંતરાત્મામાં જ છે.

# જૈનધર્મ શું કહે છે?

મેઘ શ્યામ છે, છતાં તે મહાન છે. પોતે ખારું પાણી પી
જગતને મીઠું જળ અર્પણ કરે છે, તે એની મહાનતા છે.

પ્રતીયમાન જડ અસ્તિત્વની પાછળ
કોઈક ચેતન અસ્તિત્વ અવશ્ય છુપાયેલું છે.

બાહ્યવ્યક્તિત્વ નશ્વર અને આત્મતત્ત્વ શાશ્વત છે. તે
અભિવ્યક્ત થવાની સાથે સમસ્યાઓનું સમાધાન થાય છે.

ધર્મ સર્વ પ્રાણીઓની સાથે મિત્રતાનો સંદેશ આપે છે.
સમતા એ ધર્મનું સર્વસ્વ છે, પરંતુ
તેમાં જ્યારે પણ અહંકાર ભળે, ત્યારે વ્યક્તિ
સમતાના સ્થાને વિષમતાનો ઉપાસક બની જાય છે,
પોતાને ઉત્કૃષ્ટ તથા બીજાને નિકૃષ્ટ સમજવા લાગે છે.

પ્રાણીમાત્રની સાથે મિત્રતા-સમતાનો ઉપદેશ આપનાર
જૈનધર્મ કહે છે કે:
જે વ્યક્તિ કોઈની સાથે એક વર્ષથી અધિક સમય
સુધી શત્રુતા રાખે છે, તે વ્યક્તિને પોતાની જાતને
'જૈન' તરીકે ઓળખાવવાનો અધિકાર નથી.

પર્યુષણ પર્વ આ તથ્યને પ્રગટ કરે છે.

ધર્મમાં આત્માધિકરણનું સ્થાન જ્યારે અહંકાર લે છે,
ત્યારે વૈમનસ્યનો પ્રવેશ થાય છે.

શ્રદ્ધાનો અર્થ છે આદર ભાવના.

તેનો પ્રારંભ ગુણથી થાય છે.

જે વ્યક્તિ ગુણવાન છે, તેની પ્રત્યે શ્રદ્ધા પ્રગટ થાય છે.

સાધુની શક્તિ તે આત્મશક્તિ છે.

કષાયચતુષ્ટય ઉપર વિજય પ્રાપ્ત કરી અનંત ચતુષ્ટયનો વિકાસ કરવો તે જ એક ધ્યેય સાધુધર્મનું હોવું જોઈએ. દર્શનથી ક્રોધ, જ્ઞાનથી માન, ચારિત્રથી માયા અને તપથી લોભ જીતાય છે અને અનંત ચતુષ્ટય પ્રાપ્ત થાય છે.

## સંગઠન સંગઠનમાં ફેર...

સંગઠન ઘેટાઓનું, કીડીઓનું,
મધમાખીઓનું અને હરિણ-પશુઓનું હોય છે.
પહેલાં ઘેટાઓના સંગઠનમાં ધ્યેયશૂન્યતા,
બીજા કીડીઓના સંગઠનમાં સ્વાર્થપૂર્તિનું ધ્યેય,
ત્રીજા મધમાખીઓના સંગઠનમાં સંચયનું ધ્યેય અને
ચોથા હરિણ-પશુઓના સંગઠનમાં સુરક્ષાનું ધ્યેય હોય છે.

અનુયાયીઓની સાધનાને નિર્વિઘ્ન બનાવવા માટેનું નેતૃત્વ એ શુદ્ધ સંગઠન છે.

ડાહ્યા માણસો જ્યાં એક પગલું ભરતાં ભય પામે છે, ત્યાં બેવકૂફો દોડી જાય છે!

જે વ્યક્તિ સત્યમાં વિશ્વાસ રાખે છે,
તે આસ્તિક છે અને સમ્યગ્દૃષ્ટિ છે.
આસ્તિકતાનો અર્થ કુદરત પરલોક કે ઈશ્વરમાં વિશ્વાસ
એટલો જ નહિ, કિન્તુ પોતાની જાત ઉપર વિશ્વાસ,
આત્મવિશ્વાસ અથવા આત્મશ્રદ્ધા તે આસ્તિકતા છે.
વેદાન્તમાં સમષ્ટિરૂપનું નામ ઈશ્વર છે અને
વ્યષ્ટિરૂપનું નામ જીવ છે.
વૃક્ષ - વન, સૈનિક - સેના, બૂંદ - સરોવર:
એ સર્વ એક જ તત્વના વ્યષ્ટિ - સમષ્ટિ સ્વરૂપ છે.
કર્તૃત્વના પણ બે રૂપ છે: સમષ્ટિ અને વ્યષ્ટિ.
સમસ્ત સૃષ્ટિનું સંચાલન કરનાર તત્વ ઈશ્વર છે તથા
ભિન્ન ભિન્ન કર્મો ઉપર ભિન્ન ભિન્ન
વ્યક્તિઓનું નિયંત્રણ કરનાર તે જીવ (વ્યષ્ટિ) છે.
o ધર્મગ્રન્થોનો પ્રતિપાદ્ય વિષય આચાર છે, વિજ્ઞાન નહિ.
ગૃહવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનમાં તે પ્રમાણ ન ગણાય.
બાળના દૃષ્ટિકોણને આદરની દૃષ્ટિએ જોવો,
તે જૈનદર્શનનો સાર છે, અનેકાન્તવાદનો આદર છે.
o માટી પડે તો મહાસુખ માણો.
સુખ અંતરમાં રહેલું છે, તેને ત્યાં શોધવું જોઈએ.

o મનની ત્રણ વૃત્તિઓનું સામંજસ્ય તે ચરિત્ર છે.
વિચારપૂર્વક કરાયેલી ઇચ્છા તે ઉદ્દેશ્ય કે Purpose છે.
વિનય, આચાર, ધર્મ એકાર્થક છે.
ધ્યેય એક સિદ્ધાન્ત અનુસાર શિક્ષા કે અભ્યાસ દ્વારા
વૃત્તિઓનો પરિષ્કાર, તે ધર્મ છે.
મોક્ષ પ્રાપ્તિના 3 ઉપાય : જ્ઞાન, ઇચ્છા અને કૃતિ.
Knowledge is virtue. દુર્દાન્ત ઇચ્છાશક્તિની
વિવેકશક્તિ સાથે સુમેળ થાય, તેને સદાચાર કહે છે.
o નારકી તથા તિર્યંચ દુઃખ ભોગવવાને પાપનો નાશ કરે,
દેવો સુખને ભોગવવાને પુણ્યનો નાશ કરે છે, માત્ર
મનુષ્ય યોનિમાં જ પાપ અને પુણ્ય ઉત્પન્ન થાય છે.
o સોટીનો માર ભૂલાય પણ શબ્દનો માર કદી ન ભૂલાય.
'કલહનું મૂળ કર્કશ વાણી છે' એ સનાતન સત્ય છે.
o મંદિરનાં દર્શન એ સાધારણ દર્શન છે, તેથી
શાંતિ પણ સાધારણ મળે છે. મંદિરની મૂર્તિમાં ભાવનાથી
ભગવાનનો નિવાસ છે, અહીં જ ભાવનાથી પ્રત્યેક
પ્રાણીમાં ભગવાનનો નિવાસ તો અસાધારણ શાંતિ મળશે.
પ્રત્યેક સ્ત્રીપુરુષમાં રાધા-કૃષ્ણ, શિવ-પાર્વતી,
લક્ષ્મી-નારાયણ અને સીતા-રામનાં દર્શન કરો,
તેથી મન પાવન થશે. શાંતિ અપૂર્વ મળશે.

શિવ = કલ્યાણની મનોકામના. શક્તિ = આત્માનું બળ.
એ બંનેના પરસ્પર સમન્વયનું નામ
શિવ - શક્તિનું સમ્મીલન.
તંત્રશાસ્ત્રને પંચમ વેદનું નામ આપેલ છે.
શબ્દમાત્રમાં તેમાં સમાયેલા ભવ્ય પ્રમાણે
માનવજીવન ઉપર અસર કરવાની શક્તિ છે.
મંત્રમાત્રમાં દૈવશક્તિ રહેલી છે,
તેમાં પણ બીજમંત્રો વધુ અસરકારક છે.
'બીજ' એટલે મંત્રનો સંક્ષિપ્ત શબ્દ.
દેખાવે નાનો પણ શક્તિએ પ્રચંડ.
જેમ અણુએ વાવેલું અને સિંચેલું બીજ વિશાળ વૃક્ષમાં
પરિણમે, તે રીતે મંત્રબીજમાં ગુપ્તશક્તિ રહેલી છે.
ૐ બીજનું સ્મરણ કામનાઓનો નાશ કરી
મોક્ષને આપનાર મનાય છે.
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમામ્યહમ્ | અર્થાત્:
ઇચ્છિત આપનાર અને મોક્ષને આપનાર
ૐકારને હું નમસ્કાર કરું છું.
મંત્રશાસ્ત્રમાં પરમાત્માના નામસૂચક ઘણા શબ્દો છે,
તેમાં 'પ્રણવ' શબ્દ ઉત્કૃષ્ટ છે, ઉત્કૃષ્ટ સ્તુતિવાચક છે.

મસ્તક પરે નમન = સર્વ સમર્પણની ભાવનાનું પ્રતિક.

સત્ત્વ એ સર્જનનું, રજસ્ એ પાલનનું અને

તમસ્ એ સંહારનું પ્રતિક છે.

તંત્રમાર્ગ = પ્રભુપ્રાપ્તિ માટે કલિયુગમાં સૌથી સરલ ઉપાય.

મદ્ય એ અભિમાનનો ત્યાગ સૂચવે છે,

માંસ એ પરોપકારાર્થે શરીરનો પણ ત્યાગ સૂચવે છે.

મીન ચંચળતાના ત્યાગસૂચક છે.

મુદ્રા સ્વાદના ત્યાગને અને

મૈથુન તીવ્રતમ ભોગના ત્યાગને સૂચવે છે.

ઉપા. અમર મુનિ કહે છે કે:

મહાપુરુષોનું નામ અને તેમને નમસ્કાર એ સંસારી આત્માઓના ઉત્થાનમાં પ્રબળ નિમિત્ત કારણ બને છે. આધ્યાત્મિક ક્રિયામાં નિમિત્તમાત્રથી પણ કર્તૃત્વનો સ્વીકાર કર્યો છે. સાક્ષાત ક્રિયાનો કર્તા નામ લેનારો કે નમસ્કાર કરનારો છે. નિમિત્ત કર્તૃત્વ કે પ્રેરક કર્તૃત્વ નામ કે નમસ્કારમાં આલંબન આપનારાઓનું છે. ઉપાદાનની ક્રિયામાં નિમિત્તનું કર્તૃત્વ આપોઆપ આવી જાય છે.

નિમિત્તની બળવત્તરતા જ ઉપાદાનમાં વિશિષ્ટ - શક્તિનું આધાન કરવાને સમર્થ હોય છે.

સત્ત્વસંપન્નયા બુદ્ધ્યા મન આત્મવશં નયેત્ | મહર્ષિ
સત્ત્વસંપન્ન બુદ્ધિ દ્વારા મનને આત્મવશ કરવું જોઈએ.

વિદ્ = To know = જ્ઞાન.

વિદ્ = To obtain = લાભ.

વિદ્ = To think = જ્ઞાનનું સાધન - જ્ઞાતા.

વેદો - ગાયત્રી છંદમાં રચાયા હોવાથી 'છંદાંસિ' કહેવાયા.
ગદ્ય બ્રાહ્મણ ગ્રન્થો બ્રહ્મપ્રતિપાદક હોવાથી 'બ્રહ્મ' પણ છે.
સાંભળીને ભણાતાં માટે શ્રુતિ કહેવાયા અથવા
હૃદયાકાશમાં શ્રવણ થવું માટે પણ શ્રુતિ કહેવાયા.
જે વસ્તુ પ્રત્યક્ષ કે અનુમાનથી ન જાણી શકાય,
તે વેદથી જાણી શકાય છે, માટે તેને 'શ્રુતિ' કહે છે.
સ્મૃતિ હંમેશાં શ્રુતિને અનુસરે છે,
તેથી વેદના વિસ્તારને 'સ્મૃતિ' કહે છે.
જે વાક્ય કોઈ પુરુષે નહિ પણ ઈશ્વરે કહેલું હોય,
તે અપૌરુષેય વેદવાક્ય છે.
જેમાં ધર્મ અને બ્રહ્મનું પ્રતિપાદન હોય, તે વેદ છે.

મન એટલે શું?

માનવનું મન ખરેખર ટેવોનું સંગ્રહસ્થાન છે.
મન હંમેશાં અંધકારમાં રહે છે, વૃત્તિઓનું બનેલું છે.

તે અત્યંત પરિવર્તનશીલ અને કાળુ વિનાનું છે.
મનને બાંધવાથી, દબાવવાથી કે ઉપદેશો આપવાથી
મનનું પરિવર્તન શક્ય નથી. પરિવર્તનને સમજશક્તિ
અને વિવેકશક્તિની સાથે સંબંધ છે. વિચાર - વાણી
- વર્તનનું સાંગોપાંગ નિરીક્ષણ કરવાથી મનનું સ્વરૂપ
સમજાય છે અને પરિવર્તન કરવું સહજ બને છે.
આત્મા કર્તા છે, મન કર્મ છે.
મનને પ્રકાશ આત્મામાંથી મળે છે.
મનનો અંધકાર દૂર થતાં તેને આત્માનો પ્રકાશ
પ્રાપ્ત થાય છે. શુદ્ધ મન અસલ સ્વરૂપે પ્રકાશે છે.
તે વડે મનનું કુદરતી બળ તથા સામ્રાજ્ય અનુભવાય છે.

<u>સમતા એક આભૂષણ</u>

સમતા = સામાયિક, આત્મસ્થિરતા, આત્મભાવમાં રમણતા.
આમ સમતા આત્મસ્થિરતારૂપ છે અને
આત્મસ્થિરતારૂપ ચારિત્ર સિદ્ધોમાં પણ હોય છે.
સમતા એ સાધ્ય અને સાધન ઉભયરૂપ છે.
आया सामाइए आया सामाइयस्स अट्ठे ।
<u>- ભગવતી સૂત્ર શતક-૧, ઉદ્દેશો-૯</u>
સમતા એ સમભાવ માનસિક શાંતિનું સૂચક છે.

## સામાયિક એટલે...

કષાયાદિકભાવોથી રહિત એવું આત્માનું શુદ્ધ સ્વરૂપ.
સામાયિકનું પ્રયોજન - ફળ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્તિ.

દ્રવ્યાર્થિક નયથી આત્મા સામાયિક છે,
પર્યાયાર્થિક નયથી આત્મગુણ તે સામાયિક છે,
સંગ્રહ નયથી આત્માનું શુદ્ધ સ્વરૂપ તે સામાયિક છે તથા
એવંભૂત નયથી તે સ્વરૂપને પામવું તે સામાયિક છે.

જ્યાં અભેદ ત્યાં અભય છે અને ભેદ ત્યાં ભય છે, નોકરને પત્નીની બીક લાગતી નથી અને માલિકની બીક કેમ લાગે છે? એક બાજુએ અભેદ છે તથા બીજે ભેદ છે.

o યૌગિક આસનોનો હેતુ શ્વાસતંત્ર અને ગ્રન્થિઓને મજબુત બનાવવાનો છે. શારીરિક કસરતનો હેતુ લોહીની ગતિ અને શરીરને માંસલ બનાવવાનો છે. એક પ્રકૃતિ તરફ લઈ જવાનો ઉપાય છે, બીજો કેવળ શારીરિક છે.

o કપૂર અને કેસરનો સ્પર્શ ચંદનને સુવાસ આપે, તો પ્રભુ ચરણનો સ્પર્શ કરી તો આનંદ કેમ ન આપે?

## પંચમંગલમહાશ્રુતસ્કંધ શું છે?

નવકાર એ શબ્દનો હિમાલય, વિચારરત્નોનો સાગર અથવા રત્નાકર અને અમરફળને આપનાર કલ્પવૃક્ષ છે.

## અહિંસાનું તત્ત્વજ્ઞાન એટલે...

'હું સર્વનો - સર્વ મારા!' એ નિશ્ચયપક્ષ છે.

## અહિંસાનો નીતિમાર્ગ એટલે...

'મારું સુખ સર્વનું - સર્વનું દુઃખ મારું.' એ વ્યવહારપક્ષ છે.

## અનેકાન્ત, સ્યાદ્વાદ - અહિંસા

અનેકાન્તદૃષ્ટિ વિચારમાં અહિંસા પ્રગટાવે છે.
સ્યાદ્વાદ વળી ભાષામાં નમ્રતા અને
વિચારમાં સહિષ્ણુતાપૂર્વક સત્યનું કથન કરે છે.
અનેકાન્ત એક દૃષ્ટિ તથા સ્યાદ્વાદ એક ભાષાશૈલી છે. બંનેનું મૂળ સમન્વયભાવ છે. એ માટે સમાન વિચારોમાં એકતા અગર વિભિન્ન વિચારોમાં મધ્યસ્થતા જરૂરી છે. સમન્વયવાદ, સ્યાદ્વાદ, અનેકાન્તવાદનું તાત્પર્ય એ છે કે પોતાનો વિચાર કાયમ રાખી સર્વની સાથે મેળ સાધવાનો પ્રયાસ કરવો. જૈનધર્મ સમભાવની સાધના માટેનો ધર્મ છે.
સમદૃષ્ટિ, સમભાવ, સમતા એકાર્થક છે.
સમતાયુક્ત આચાર અને સમતાયુક્ત વિચાર એ જ
જૈનોનો સામાયિકધર્મ છે.

ષડાવશ્યકમાં પહેલું આવશ્યક સામાયિક છે.
આચારની સમતા = અહિંસા. વિચારની સમતા = અનેકાન્ત.
ભાષાની સમતા = સ્યાદ્વાદ. સામાજિક સમતા = અપરિગ્રહ.

આચારનું મુખ્ય કેન્દ્ર શરીર છે, ભાષાનું વચન તથા વિચારનું મુખ્ય કેન્દ્ર મન છે. તે ત્રણેની શુદ્ધિ તે સામાયિક છે.

અનેકાન્ત એક દૃષ્ટિ છે, દૃષ્ટિકોણ છે,
ભાવના, વિચાર અથવા વિચારવાની એક પદ્ધતિ છે.

જીવનની આચારશુદ્ધિ વિચારશુદ્ધિ પર અને વિચારોની શુદ્ધિ નયમતિ - નયવાદ - નયદૃષ્ટિ ઉપર આધારિત છે.

વિચાર એ જ્ઞાન છે, આચાર એ ક્રિયા છે.
એક પંગુ છે અને એક અંધ છે.

ભાષાની નમ્રતા સ્યાદ્વાદ છે, વિચારની નમ્રતા અનેકાંત છે
અને વર્તનની નમ્રતા અહિંસા છે.
નમ્રતામાં અહિંસા, નમ્રતામાં સત્ય અને
નમ્રતામાં જ તપ - સંયમ રહેલાં છે.

## નયવાદ અને અપેક્ષાવાદ

સત્ય અને યથાર્થ જ્ઞાનથી જ શાંતિ અને જનહિત થઈ શકે છે. પ્રકાશ આવતાંની સાથે અંધકાર દૂર થઈ જાય છે, તેમ નયવાદથી સત્યનો બોધ થતાંવેંત જ કલહ, દ્વેષ, કલુષિત ભાવ, ખેંચાતાણ, સંઘર્ષ અને સંકીર્ણતા આદિ વિલય પામી જાય છે અને શાંતિનું એક મધુર અને મૈત્રીપૂર્ણ વાતાવરણ બની જાય છે.

વિરોધનું વિષ ટળી શાંતિ - સમન્વયનું અમૃત વરસે છે.
અહિંસા માનવમાં અદ્વૈતભાવ પેદા કરે છે, તેથી
અહિંસાનો સાધક અભય બની જાય છે.

અહિંસા સર્વ સુખોનું મૂળ છે. સુખ સર્વને પ્રિય છે.
જે બીજાને અભય આપે છે, તે અભય પામે છે.
અભયની ભવ્ય ભાવનામાંથી જ અહિંસા અને મૈત્રીનો જન્મ થાય છે, બીજાથી ભય થાય છે પણ જ્યારે સમગ્ર જગત પોતાનું સ્વરૂપ સમજાય છે, ત્યારે બીજો રહે છે જ કોણ? બધા તેના છે અને તે બધાનો છે પછી દ્વૈતભાવ રહેતો નથી. 'હું જગતનો અને જગત મારું' એ અહિંસાનું દર્શનશાસ્ત્ર છે. 'મારું સુખ સર્વનું અને સર્વનું દુઃખ મારું' એ અહિંસાનું વર્તન શાસ્ત્ર છે.
એક નિશ્ચય પક્ષ છે, બીજો વ્યવહાર પક્ષ છે.
અહિંસા મનુષ્યના મનની એક વૃત્તિ, વિચાર ભાવના છે.

અહિંસા અમૃત છે, હિંસા વિષ છે.
અહિંસા જીવન છે, હિંસા મરણ છે.
અહિંસા કોમળ વૃત્તિ છે, હિંસા ક્રૂર વૃત્તિ છે.
અહિંસા ધર્મ છે, હિંસા અધર્મ છે.
અહિંસા પ્રકાશ છે, હિંસા અંધકાર છે.

અનેકાંત તે માનસ અહિંસા છે,
સ્યાદ્વાદ તે વાચિક અહિંસા છે તથા
અહિંસા ખાતર પ્રાણ - વધનો ત્યાગ એટલે કે
સર્વસ્વનો ત્યાગ તે કાયિક અહિંસા છે.

અહિંસાદિ કઈ કઈ વૃત્તિ વિકસે ?

(૧) અસત્ય તરફ ઉપેક્ષાવૃત્તિ.

(૨) ગુણદર્શનની વૃત્તિ.

(3) નમ્રતાદિ શૂન્યતા - પ્રકૃતિ તરફ જવાની વૃત્તિ.

સાત નયોનું સ્વરૂપ

પદાર્થના બે ધર્મ છે:
સામાન્ય અને વિશેષ તથા દ્રવ્ય અને પર્યાય.
આકૃતિ જાતિ અને વ્યક્તિ અને ગુણ તથા ગુણા.
પ્રમાણના વિષયભૂત ઉભય છે,
નયના વિષયભૂત બેમાંથી એક છે.

(૧) સામાન્ય અને વિશેષને ગૌણ મુખ્યભાવે
ગ્રહણ કરવો તે નૈગમનયનો વિષય છે.
બંનેને પ્રધાનભાવે ગ્રહણ કરનાર પ્રમાણ છે.

(૨) દ્રવ્યમાં રહેવાવાળી સત્તા પર સામાન્ય છે.
દ્રવ્યમાં રહેવાવાળું દ્રવ્યત્વ અપર સામાન્ય છે.

(3) વ્યવહારનયનું પ્રયોજન વ્યવહારની સિદ્ધિ છે.
પ્રત્યેક શબ્દનો અર્થ ચાર વિભાગમાં વહેંચાય છે:
જેનું નામ નિક્ષેપ, ન્યાસ અથવા વિભાગ કરાય છે.

(૪) અપ્રસ્તુતાર્થ નિરાકરણ - પ્રસ્તુતાર્થ-
વ્યાકરણાન્નિક્ષેપઃ ફલવાન્ । (પરિશિષ્ટ-૩)

સ્વકીય સ્વતઃ વર્તમાનને ગ્રહણ કરનાર
ઋજુસૂત્ર અથવા ઋજુશ્રુત છે.

(૫) શબ્દભેદ છતાં અર્થભેદ ન સ્વીકારનાર શબ્દનય છે
અને કાળ, કારક, લિંગ, ઉપસર્ગ આદિના ભેદથી
અર્થભેદને સ્વીકારનાર શબ્દનય છે.
અર્થાત્ શબ્દના ધર્મોથી અર્થનો ભેદ સ્વીકારે છે.

(૬) વ્યુત્પત્તિભેદે અર્થભેદ સ્વીકારનાર સમભિરૂઢનય છે.
પર્યાયભેદથી અર્થભેદ માનવો જોઈએ.
એક અર્થમાં અનેક શબ્દોની પ્રવૃત્તિ થઈ શકે નહિ.

(૭) વ્યુત્પત્તિ ભેદે અર્થભેદ છે, તેમ પ્રવૃત્તિ નિમિત્ત અર્થભેદ પણ માનવો જોઈએ. એવંભૂતનય વિશિષ્ટપણે શબ્દાર્થમાં પ્રવૃત્ત થાય છે. ક્રિયા થઈ રહી હોય ત્યારે જ તેને સંબંધિત એવા નામનો વ્યવહાર કરવાવાળી દૃષ્ટિ તે એવંભૂતનય છે. ઉત્તરોત્તરનય પૂર્વપૂર્વનય કરતાં વિશુદ્ધ અર્થાત્ સૂક્ષ્મ છે. અવિશુદ્ધ એટલે સ્થૂળ.

## ચાર પ્રકારના શરીર

સ્થૂલશરીર - ૩॥ હાથપ્રમાણ - રક્તવર્ણ - પંચભૂતમય.
સૂક્ષ્મશરીર - અંગુષ્ઠપ્રમાણ - શ્વેત વર્ણ - સ્થાન કંઠ.
કારણશરીર - પર્વાર્ધપ્રમાણ - કૃષ્ણ વર્ણ - સ્થાન હૃદય.
મહાકારણશરીર - બિંદુપ્રમાણ - નીલવર્ણ - સ્થાન નાભિ

તે બિંદુ પ્રમાણ કે મસૂરની દાળ પ્રમાણ ગણાય છે.

## શબ્દબ્રહ્મ ને પરબ્રહ્મ

સ્વરવ્યંજનાનુસંધાનાત્મક મંત્ર નાભિસ્થાને હોય છે. શબ્દબ્રહ્મમાં નિષ્ણાંત અર્થાત્ શબ્દબ્રહ્મમાં સિદ્ધ થવાથી પરબ્રહ્મની ઉપલબ્ધિ થાય છે. શબ્દાતીત પરમ પદનો સાક્ષાત્કાર કરવો હોય તો શબ્દનો આશ્રય લઈને જ શબ્દરાજ્યનો ભેદ કરી શકાય છે. સમગ્ર વિશ્વ શબ્દથી ઉદ્ભૂત અને શબ્દમાં વિધૃત છે. શબ્દ જ સૃષ્ટિનું મૂળ છે. સૃષ્ટિથી પર થવું હોય તો શબ્દ જ એક આલંબન છે. જપયોગમાં શબ્દનું આલંબન લઈને શબ્દાતીત પરબ્રહ્મપદમાં જવાનો ઉદ્દેશ છે. જપ એ સર્વમાન્ય મુખ્ય સાધન છે. જપથી સર્વસિદ્ધિ છે, જપથી જીવન્મુક્તિ છે, જપ કરનાર પ્રભુરૂપ થઈ પુણ્ય-પાપથી મુક્ત થઈ જાય છે.

o પદાર્થમાત્રમાં બે અંશ વિદ્યમાન છે:

એક સમાન અંશ અને બીજો અસમાન અંશ.

ગઢસીવાણા, આસો સુદ ૨, ૨૦૫૪, તા. ૨૩-૯-૯૮, સોમવાર

અનન્ય દાસત્વ

આપના સ્વરૂપપાનથી જે પ્રેમ ઉત્પન્ન થાય છે,
તેનાથી કાંઈ વધુ ન માગતું દાસત્વ મને આપો.
આપના દાસત્વથી બીજી કોઈ ગતિ મારે જોઈતી નથી.
આપ મને એવો બનાવો કે
આપનામાં જ મારી અનન્ય પ્રીતિ રહે.

ચારિત્ર ધર્મ એટલે...

મોહ અને ક્ષોભરહિત આત્માનો શુભ પરિણામ.

મોહરહિત એટલે...

અજ્ઞાન, સંશય, વિપર્યાસરહિત, મિથ્યાત્વરહિત પરિણામ.

ક્ષોભરહિત એટલે...

રાગ-દ્વેષ, વિષય-કષાય, તૃષ્ણા-વાસનારહિત પરિણામ.
નવકારના પ્રથમ પદ મંત્રમાં દ્રવ્ય-ગુણપર્યાયથી અરિહંતના
ચિન્તવન વડે અજ્ઞાન અને મોહનું નિવારણ થાય છે
અને 'નમો' અને 'તાણં' પદની અર્થ ભાવના વડે
ક્ષોભનું નિવારણ થાય છે.

જીવો વવગયમોહો ઉવલદ્ધો તચ્ચ અત્તાણો સમ્મં ।
જહદિ જદિ રાગદોસે સો અપ્પાણં લહદિ સુદ્ધં ॥
(પરિશિષ્ટ-૪)

## શ્રાવકના કર્તવ્યો

(૧) દેવાધિદેવની પ્રતિમાની નિત્ય પૂજા - વંદના કરવી.
(૨) તીર્થયાત્રા કરવા. (3) ધર્મદેશના સાંભળવા.
(૪) અનુકંપાબુદ્ધિથી દીન - દુ:ખીનો ઉદ્ધાર કરવો.
(૫) ધર્માચાર્યની આજ્ઞા શિર ઉપર ધરવા.
(૬) સાધર્મિક બંધુ - બ્હેનોનો ઉદ્ધાર કરવો, મદદ કરવા તથા ધર્મમાર્ગમાં સ્થિર કરવા.
(૭) જ્ઞાનભંડારો બનાવી તેનું રક્ષણ કરવું.
(૮) જ્ઞાનશાળા, અનાથશાળા, ભોજનશાળા, ઔષધશાળા, ધર્મશાળા આદિ સ્થાપવા.
દુ:ખીના દુ:ખમાં ભાગ લેઈ તે ઓછા કરવાં.

o केशोत्तारणमल्पमल्पमशनं निर्व्यंजनं भोजनं
निद्रावर्जनमह्नि मज्जनविधित्यागश्च भोगश्च न।
पानं संस्कृतपाकमाणविरतं येषां किलेत्थं क्रिया
तेषां कायमयामयः स्फुटमयं स्पष्टो हि श्रूयते॥ अर्थ:

વાળ ન રાખવા, થોડું થોડું અને શાક વિનાનું જમવું, દિવસે ઉંઘવું નહિ, સ્નાન ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું, હંમેશા ખાંડ વગેરે નાંખેલા ખાર ખાવા.
ખરેખર આટલા વસ્તુ જેઓ પાળે છે, તેઓના કમજન્ય રોગો નક્કી દૂર પામે છે.

## માનવજીવન માટે જાણવો સદ્બોધ

(૧) આયુષ્ય અસ્થિર છે.
(૨) સંસારનું સુખ સ્વપ્નતુલ્ય છે.
(૩) સંયોગ તે વિયોગ અંતવાળા છે.
(૪) ધર્મ વિના કોઈ રક્ષણહાર નથી.
(૫) લક્ષ્મી વિજળીની માફક ચપળ છે.
(૬) જીવનું શરીર જરા જર્જરિત છે.
(૭) જીવન સંપદા - વિપદાથી ભરપૂર છે.
(૮) ઈંદ્રાદિ દેવો પણ મરણને શરણ છે.
(૯) વિપદાઓ ચારે બાજુથી આવી પડે છે.
(૧૦) માનવજન્મની એક ક્ષણ પણ દુર્લભ છે.
(૧૧) મરણનું ચક્ર સદા માટે માથે ફરી રહ્યું છે.
(૧૨) મોહનિદ્રાનો પરિત્યાગ કરીને જાગ્રત થાઓ, સાધકો - ઉઠો, પરમ શાંતિના માર્ગમાં પ્રયત્ન કરો.

### વાસનાને ટાળવાનો માર્ગ

પરિપૂર્ણ પ્રેમ અને નિર્વિચાર ધ્યાનથી વાસનાને ઉપાસનામાં પરિવર્તિત કરી શકાય છે. પ્રેમ અને નિર્વિચાર ધ્યાન એટલે જ પરમાત્મા. ઉપાસનાથી વાસનાનો નાશ કરી શકાય છે.

શ્રી વીરજિનં નત્વા યશોદેવં ગુરું વિબુધચન્દ્રમ્ ।
શ્રી વર્ધમાન-વિદ્યા-કલ્પં વક્ષ્યામિ જિનભક્ત્યા ॥૧॥

(પરિશિષ્ટ-૫)

ભક્ત તે છે કે જે ભાવની સંચારી અવસ્થામાં પહોંચી શકે.

'શ્રી વર્ધમાન વિદ્યાકલ્પ'ના

ઉપરના શ્લોકમાં જે જિનભક્તિ દર્શાવી છે,

તેનો ઉત્કટ સંચારિભાવ તે આહ્લાદ દેવતા છે.

તે આહ્લાદ દેવતા મનને ઉજ્જ્વળ તથા વિશદ રાખે છે. જેઓ કુંડલિની દેવી કે શક્તિનો પ્રસાદ બોધે - જાણે છે, તે પણ દેવ અને ગુરૂના અનુગ્રહને આહ્લાદ દેવતાથી વંદે છે, અથવા સ્વીકારે છે. આ ઉપરથી આહ્લાદ દેવતા અને કુંડલિની દેવી બે એક નહિ, તે સાબિત થાય છે.

ભાવ અથવા ભક્તિસાધનાની ચરમ પરિણતિમાં

એક બાજુ રસની અભિવ્યક્તિ થાય છે અને

બીજી બાજુ મહાભાવનો વિસ્તાર થાય છે.

રસની વિશુદ્ધિ અને અકૃત્રિમ સ્વરૂપની પ્રાપ્તિ અથવા ઉપલબ્ધિ મહાભાવના વિસ્તાર વિના નહિ થઈ શકતી. શાંતરસની માધુર્યમાં પરિણતિ કે મધુરભાવ સ્વભાવ સિદ્ધ થયા વિના મહાભાવનો માર્ગ પ્રાપ્ત થતો નહિ.

જિનભક્તિ એ જ આગમનો સાર છે.
તે ભક્તિની ચરમ પરિણતિ તે જ આહ્લાદ દેવતા છે.
'ૠદ્ધાદિ'ની શક્તિ એ
ઉત્કૃષ્ટ ભાવભક્તિનું પરિણામ કે તેની ફલશ્રુતિ છે.
ભાવભક્તિ પ્રયત્નસાધ્ય નથી.
આત્મામાં પરમાત્મભાવનું સ્ફુરણ થવાથી
ૠદ્ધાદિની શક્તિરૂપે જે અભિવ્યક્તિ થાય છે,
તે આહ્લાદ દેવતા કહેવાય છે.
નિર્ગુણ બ્રહ્મરૂપે ભગવાનની ઉપાસના એ શાંતભાવ છે.
તે શાંતભાવ જ્યારે મધુરભાવમાં પરિણમે અને પછી
સામંજસ્ય કે સાધારણીકરણ વડે સામર્થ્ય પ્રાપ્ત કરીને
મહાભાવમાં તેની ચરમ પરિણતિ થાય,
ત્યારે તે ૠદ્ધાદિની શક્તિ કે આહ્લાદ દેવતારૂપે પ્રગટ થાય છે.
વાત્સલ્યભક્તિના પરિપાકથી
સાધક ઈશ્વર સાથે સાયુજ્ય ચાહે છે.
માધુર્ય ભક્તિવાળો પણ તેમાં જ લીન થવાનું ચાહે છે.
લઘુશાંતિમાં 'ભાવરતિ વા રમાયેગાં।'
એ શબ્દો 'શાન્તિ' પદના મર્મનો નિર્દેશ કરે છે.
તે પણ માધુર્યભાવની ચરમ પરિણતિમાં લીન થવાનું કરે છે.

'રમ્યા યોગમાં |' એ શબ્દ
અંતરાત્માનું પરમાત્મા સાથે સાયુજ્ય સૂચવે છે.
કહ્યું છે કે : ભક્તિભગવતી બીજં પરમાનન્દસમ્પદામ્ |
નમસ્કારના પ્રથમ પદની વિચારણામાં પણ આ ઉપયોગી છે.
'બ્રહ્મવિદાં વચસાઽપિ બ્રહ્મવિલાસાનનુભવામઃ |'
અર્થાત્ : બ્રહ્મજ્ઞાનીના વચનથી પણ અમે
બ્રહ્મના વિલાસને - ચિદાનંદને અનુભવીએ છીએ.
કલ્યાણ સાધનાંક, પૃ-૨૩૭માં લખ્યા પ્રમાણે
'યોગા' શબ્દ અક્ષરમાં લીન થાય છે અને અંતે અશબ્દ
પરબ્રહ્મ સનાતન આનંદના પરમધામને પ્રાપ્ત કરે છે.
'પ્રતિમા શતક'ના શ્લોકમાં કહ્યું છે કે:
એ પછી અનિર્વચનીય ચિન્મય અખંડ
પરબ્રહ્મ નામની જ્યોતિ સ્ફુરે છે,
તેના સ્ફુરણથી જ સર્વ ક્રિયાઓની સફળતા થાય છે.
શ્યામ ! મને નિરાધાર કેમ મૂકી,
કોઈ નહીં હું કોન શું જોઉં ?
સહુ આલંબન ટૂંકી, શ્યામ. મને... આનંદઘન પદ-૯૪
અહીં સુમતિ ચેતનને વિનવી રહી છે.
માધુર્યરસ સૂચક અહીં આ પદનું તાત્પર્ય એ છે કે
મધુરભાવ વિના મહાભાવનો માર્ગ પ્રાપ્ત થતો નથી.

Lunava, Dt. 1-10-68

જેમ રાજયોગની સમાધિને 'નિર્વિકલ્પ' કહે છે,
હઠયોગની સમાધિને 'મહાબોધ' કહે છે,
લયયોગની સમાધિને 'મહાલય' કહે છે,
તેમ મંત્રયોગની સમાધિને 'મહાભાવ' કહે છે.
મંત્રયોગમાં અનુક્રમે શાંતરસ ઉપરાંત
મધુરભાવ અને મહાભાવ પ્રાપ્ત થાય છે.
મહાભાવમાં જ જ્યોતિ, પરમાનંદ, બ્રહ્મવિલાસ સંભવે છે.
તે જ આહ્લાદ દેવતા અને તે જ હ્લાદિની શક્તિ.
'દેવતા' શબ્દ શક્તિ અને જ્યોતિ બન્ને દર્શાવે છે.

0 मायाद्वैतं सदा कुर्यात् क्रियाऽद्वैतं न कर्हिचित् ।
अद्वैतं त्रिषु लोकेषु नाऽद्वैतं गुरुणा सदा ॥१॥

<u>અર્થ</u>:- ગુરુની સાથે એટલે અરિહંતની સાથે અદ્વૈત નિષિદ્ધ છે, કેમકે તેમનું તથાભવ્યત્વ વિશિષ્ટ છે. તે વૈશિષ્ટ્ય ત્રિભુવન ઉપકારક છે. અરિહંતો સાથે સદા ભેદોપાસના અને સિદ્ધોની સાથે અભેદોપાસના એ નિયમ જણાવવા માટે પ્રથમ પદે અરિહંત અને બીજે પદે સિદ્ધ છે. અભેદોપાસના ભેદોપાસનાનું ફળ છે. ભેદોપાસના કૃતજ્ઞતા ગુણસ્વરૂપ છે, અભેદોપાસના સ્વતંત્રતારૂપ છે.

Dt. 7/10/68

'સત્કર્મ સંગ્રહ' ગ્રન્થ પ્રકાશક: યોગાભ્યાસી, લોનાવલા

નવકારના પ્રથમ પદના રહસ્યભૂત અર્થની સમજુતી માટે
સાત પ્રકાર કર્યા છે, તેથી
સર્વાંગી પરિપૂર્ણ આલંબન થઈ શકે તેવા ઉપકરણો છે.
સ્મરણ કરનારના ઘટમાં જ એટલે કે અંતરાત્મામાં
પાર્શ્વનાથ પ્રભુરૂપી નિધાનનું સંનિધાન થાય છે.
આરાધક આત્મા પ્રભુને આંખથી જુએ છે,
કાનથી સાંભળે છે અને હાથથી સ્પર્શે છે.
જોવું, સાંભળવું અને સ્પર્શવું, આ ત્રણે અનુભવ
ત્યારે થાય કે જ્યારે પ્રભુ 'હાજરાહજુર' હોય.
અહીં આરાધકના split personalityનો પ્રશ્ન છે.
આરાધક પોતે જ પોતાના ભાવશિવસ્વરૂપને અથવા
કોઈ સ્વરૂપે split personalityને ઉત્પન્ન કરે છે
અને તેની સાથે ત્રણેય પ્રકારના અનુભવો કરી શકે છે.
આરાધક જ્યારે મહાભાવમાં લીન થાય, ત્યારે
પોતાનો માનસ શિવ ઉત્પન્ન કરે છે અને
તેને ભક્તરૂપે પોતે જુએ છે, સાંભળે છે અને સ્પર્શે છે.
આ પ્રકારના માનસ શિવની આરાધનાથી
તે શિવ જે આશીર્વાદ આપે, તે પણ ફળે છે.

Koday, Dt. 8-10-68

સન્મતિ તર્ક, કાંડ - ૩, ગાથા - ૨૬માં કહ્યું છે કે:

णवि अत्थि अण्णवादो णवि तव्वाओ जिणोवएसम्मि।
तं चेव य मण्णंता अवमण्णंता ण याणंति ॥३-२६॥

અર્થ: જિનોપદેશમાં અન્યવાદ પણ નથી અને તદ્વાદ પણ નથી. તે કોઈ એક જ વાદને માનનારા ખરી રીતે તો તેની અવગણના કરતા હોવાથી વસ્તુતત્ત્વને જાણતા જ નથી. તદ્વાદ એટલે 'તે જ છે' એવો વાદ અર્થાત્ અભેદવાદ.

વળી કાંડ ત્રીજાની ત્રીજી ગાથામાં કહ્યું છે કે:

पच्चुप्पन्नं भावं विगयभविस्सेहिं जं समण्णेइ।
एयं पडुच्चवयणं दव्वंतरणिस्सियं जं च ॥३-३॥

અર્થ: વર્તમાનકાલીન પદાર્થનો ભૂત - ભવિષ્ય સાથે તથા અન્ય દ્રવ્યો સાથે પણ જે સમન્વય કરે છે, તે જ પ્રતીત્ય વચન કે અપેક્ષા વચન કે સ્યાદ્વાદ છે.

આચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજીનો ભાર ભેદ - અભેદની સમતુલા ઉપર છે અને તો જ જિનવચનમાં સાચી સર્વ નયાત્મકતા આવે.

णियमेण सद्दहंतो छक्काए भावओ न सद्दहइ।
हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता ॥२८॥

ગાથા - ૨૮માં આવતા શબ્દો: ભિદમણ સદ્દહંતો એટલે
જીવોમાં ભેદ સાથે અભેદ છે, એ વાત નિશ્ચિત છે.
સન્મતિની બીજી ગાથાઓમાંથી પણ આ વાતને ટેકો મળે છે.

આ જાતની ચાલી આવતી વિચારધારામાં
'પરસ્પરોપગ્રહો' એ સૂત્રનું મૂળ હોય એમ માની શકાય.
આ રીતે જીવરૂપે પારસ્પરિક એકતા એ
પરસ્પર નિમિત્તરૂપ બને એ સ્વાભાવિક છે.
શરીરના ભિન્ન ભાગના અવયવોમાં પણ
આત્મરૂપે એકતા જેમ એક ભાગ ઉપર અસર કરે છે,
તેમ ભિન્ન ભિન્ન જીવો માટે પણ સમજી લેવું.

૦ મોહ - ક્ષોભરહિત આત્મપરિણામ એ ધર્મ છે.
મોહરહિત = અજ્ઞાન - મિથ્યાત્વ - સંશયવિપર્યયરહિત,
ક્ષોભરહિત = કષાયરહિત, વિષયરહિત તથા તૃષ્ણારહિત
આત્મપરિણામ એ ધર્મ છે.

અરિહંતને નમવાથી અજ્ઞાનનો નાશ થાય છે,
આત્મજ્ઞાન પેદા થાય છે અને આત્મક્ષોભ નાશ પામે છે.
સર્વ આત્મપ્રદેશે અપૂર્વ સ્થિરતાગુણ પ્રગટ થાય છે,
તેથી 'નમો અરિહંતાણં ।' પદનો જાપ એ મોક્ષનો માર્ગ છે.
તેમાં રત્નત્રય તથા પંચપરમેષ્ઠિની ભાવના કરી શકાય છે.

## લલિત વિસ્તરા

પ્રવૃત્તિ પરાક્રમ જયાનન્દ ઋતમ્ભર ભેદ: કાર્યયોગ: |

કાર્યયોગ = પ્રવૃત્તિ, પરાક્રમ, જય, આનંદ, ઋતંભરાનો ભેદ.

પ્રવૃત્તિ = ચરમ યથાપ્રવૃત્તિકરણ, પ્રણિધિ.

પરાક્રમ = અપૂર્વકરણ, પ્રવૃત્તિ.

જય = અનિવૃત્તિકરણ, અંતરકરણ, વિઘ્નજય.

આનંદ = સમ્યગ્દર્શનલાભ, સિદ્ધિ.

ઋતંભર = સમ્યગ્દર્શનપૂર્વક દેવતા પૂજન આદિ વ્યાપાર.

અભય = ધૃતિ, ચક્ષુ = શ્રદ્ધા, માર્ગ = સુખા,

શરણ = વિવિદિષા, તત્ત્વચિંતારૂપ અધ્યવસાન.

બોધિ = વિજ્ઞપ્તિ, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સમ્યગ્દર્શન.

શ્રદ્ધા = જલશોધક મણિ, ધૃતિ = ચિન્તામણિરત્ન પ્રાપ્તિ,

મેધા = આતુરૌષધ પ્રાપ્તિ, ધારણા = મુક્તાફલ માળા પ્રોતન,

અનુપ્રેક્ષા = રત્નશોધકાનલ.

અપૂર્વકરણ મહાસમાધિનાં અંગ = શ્રદ્ધાદિનો પરિપાક.

(૧) મિથ્યા વિકલ્પનો ત્યાગ (૨) શ્રવણ (૩) પાઠ

(૪) પ્રતિપત્તિ (૫) ઇચ્છા (૬) પ્રવૃત્તિ.

શ્રદ્ધાદિનો અતિશય: (૧) સ્થૈર્ય (૨) સિદ્ધિ.

પાઠ = સૂત્રગત અને પ્રતિપત્તિ = સમ્યગ્ અર્થ પ્રતીતિ.

## પંચકૃત્યકારિત્વ

અવસ્થા ભેદથી કર્તા ત્રણ પ્રકારનો હોય છે:

(૧) શક્ત (૨) ઉદ્યુક્ત (૩) પ્રવૃત્ત.

(૧) શક્ત: જ્યારે આખું કાર્ય ઉપાદાન કારણમાં લીન હોય, ત્યારે તેને પેદા કરવાની શક્તિમાત્રથી જે યુક્ત હોય તે.

શક્ત એટલે શક્તિયુક્ત.

(૨) ઉદ્યુક્ત: જ્યારે તેના શક્ત કાર્યની અભિમુખ હોય, ત્યારે 'તે ઉદ્યુક્ત અથવા ઉદ્યત છે' એમ કહેવાય છે.

(૩) પ્રવૃત્ત: જ્યારે તેના શક્ત કાર્ય કરી દે, ત્યારે તે કાર્યમાં પ્રવર્તેલો હોવાથી તે પ્રવૃત્ત કે કાર્યકર કહેવાય છે.

કર્તૃત્વ બે પ્રકારનું છે: (૧) સંકલ્પમાત્રથી (૨) કરણથી.

કરણ અપેક્ષી કર્તૃત્વ કુલાલાદિનું છે.

સંકલ્પ બે પ્રકારનો: (૧) મનોવ્યાપારરૂપ (૨) સંનિધિરૂપ.

મનોવ્યાપાર દ્વારા કર્તૃત્વ બ્રહ્માદિનું છે અને સંનિધિમાત્ર વડે નાગ મંત્રનું છે, આગમ શબ્દોમાં શિવનું છે. શિવનું કર્તાપણું વિકૃતિના હેતુભૂત બાહ્યકરણની અપેક્ષા રાખતું નથી. તે નિર્મળ હોવાથી કરણાદિ ઉપાધિરહિત છે. દેહ આદિ ઉપાધિ હોય, તો જ કર્તાપણું ઘટે એવું નથી. બાહ્યઉપાધિ ન હોવા છતાં શરીરાદિનું કર્તાપણું જીવમાં ઘટે,

તેમાં બાળ ઉપાધિ માનવાથી અનવસ્થા દોષનો
પ્રસંગ ઉભો થાય છે, માટે સમસ્ત ઉપાધિરહિત અને
અશેષ શક્તિના પ્રવર્તક શિવનું કર્તાપણું અવિરુદ્ધ છે.
પ્રસ્તુતમાં નામ મંત્રરૂપ શબ્દબ્રહ્મનું કર્તૃત્વ છે.
જેમ સૂર્યનું કમલમાં વિકાસરૂપે, કુમુદમાં સંકોચરૂપે,
નવનીતમાં દ્રવકરણરૂપે અને
પંકમાં શોષણરૂપે કર્તૃત્વ રહેલું છે,
તેમ સંનિધિમાત્રથી નામ મંત્રનું પંચકૃત્યકારિત્વ સમજી લેવું.

૦ ૐ એ પરબ્રહ્મનું વાચક છે,
તેની ત્રણ માત્રાઓ એ ત્રણ અવસ્થાઓ સૂચવે છે:
જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ.
કલાસહિત બિંદુ એ તુરીય અવસ્થાનો વાચક છે અને
સમગ્ર શબ્દ તુરીયાતીત અવસ્થા,
જેને 'પરબ્રહ્મ' વડે સંબોધાય છે, તેનો વાચક છે.

૦ વદનં પ્રસાદસદનં સદયં હૃદયં સુધામુચો વાચઃ ।
કરણં પરોપકરણં યેષાં કેષાં ન તે વન્દ્યાઃ ॥૧॥

૦ યથા ચિત્તં તથા વાચો યથા વાચસ્તથા ક્રિયાઃ ।
ચિત્તે વાચિ ક્રિયાયાં ચ સાધૂનામેકરૂપતા ।

(પરિશિષ્ટ-૬)

## પ્રસન્નતામાં દૈવી આનંદ

ખીલેલા ફૂલ, ઉગતો ચંદ્રમા અને ચમકતા તારા
સર્વ જીવોને પ્રસન્નતા અર્પે છે.
કરમાયેલા ફૂલ, અસ્ત પામતો ચંદ્રમા અને
પ્રભાતના ધૂંધળા તારા કોઈને પસંદ આવતા નથી.
હસતું બાળક સૌને ગમે છે, રોતું નહિ.
પ્રસન્નતામાં કોઈ દૈવી આનંદ રહેલ છે.
પ્રસન્નતાથી પ્રસન્નતા વધે છે તથા
વિષાદથી વિષાદ વધે છે.
તેથી પ્રસન્ન વદનવાળા પુરૂષ વંદનીય, પૂજનીય,
શ્લાઘનીય, આદરણીય અને માનનીય બની શકે છે.
જેનામાં પ્રસન્નતા, દયાળુતા, મધુરભાષિતા અને
પરોપકૃતિ પરાયણતા રહેલ છે,
તે બધાને વંદનીય, વાંછનીય અને પ્રિય બની જાય છે.

## ચારિત્રધર્મ એટલે શું ?

મોહરહિત અને ક્ષોભરહિત એટલે કે
મિથ્યાત્વરહિત અને રાગ-દ્વેષરહિત
એવા સમભાવરૂપ જે આત્મપરિણામ, તે ચારિત્રધર્મ છે.

○ મૃત્યુ એક એવું ઋણ છે, જે ચૂકવે જ છૂટકો છે.

Dt: 9-10-68

અર્હત્પૂજન વખતે આગચ્છ-૨ કહીએ છીએ, તે કોને?
સન્નિધિ ભવ - ૨ એ શબ્દો શું સૂચવે છે?
આ વિષય ગહન વિચારણા માંગે છે.

## અદ્વૈતાનંદ

'શાંત-નિર્વિકાર તત્ત્વ સાથે તાદાત્મ્ય સંબંધ બાંધ્યા વિના પરમ શાંતિ મળી શકે જ નહિ' એ સહેલાઈથી ગ્રહણ કરી શકાય એવો સાદો અને સરળ વિચાર છે.

## શ્રદ્ધા એટલે શું?

પોતાને જે સત્યનું દર્શન થયું હોય,
તેને માનવાના, તદ્રૂપ થવાના, જીવનમાં ઉતારવાના, ક્રિયા દ્વારા તેને આવિર્ભાવ કરવાના સંકલ્પનું નામ 'શ્રદ્ધા' છે.
તે પ્રત્યેક કર્મની પાછળ ગતિ આપનારું બળ છે.
તે વિચાર અને ક્રિયાનું અનુસંધાન કરનારી સાંકળ છે.
મનુષ્યમાત્રમાં શ્રદ્ધા તથા સ્વાકૃતિ વડે
અધિચેતી શક્તિમાં આરોહણ કરી
તેનો જીવન દ્વારા પ્રાદુર્ભાવ કરવાની શક્તિ છે.

*The realization that 'I am pure' is called as cleanliness by the wise.*

ત્યાગ એટલે શું ? Dt: 12-10-68

'ત્યાગ' એટલે કેવળ સ્થૂળ કર્મોનો જ નહિ પણ
સૂક્ષ્મ કર્મના ફળો અને કર્તાપણાનો પણ ત્યાગ.
મુક્તિનો આધાર કેવળ ત્યાગ નહિ પણ
કર્તૃત્વ ભાવનાની પર જવું તે છે,
તેથી નિર્લિપ્તતા કેળવાય છે તથા તેનું જ નામ મુક્તિ છે.
તામસી સંન્યાસમાં આળસ એ મુખ્ય છે,
રાજસી સંન્યાસમાં સંસાર પ્રત્યેની ઘૃણા મુખ્ય છે તથા
સાત્ત્વિક સંન્યાસમાં અંદરથી
કામનાઓનો અને અહંતા - મમતાનો ત્યાગ મુખ્ય છે.

અરિહંત - અરહંત - અરૂહંત

'અરિહંત' શબ્દ પાપગર્હા સૂચક છે,
'અરહંત' શબ્દ સુકૃતાનુમોદન સૂચક છે અને
'અરૂહંત' શબ્દ શરણાગમન સૂચક છે.
કર્મશત્રુને હણનારા પાપની ગર્હણીયતાના નિર્ણયમાંથી પાપ
હણવાની ક્રિયા થાય છે. પૂજાને યોગ્ય સદા ભાવ
પૂજ્યમાં રહેલ ગુણોની અનુમોદનામાંથી પ્રગટ થાય છે.
ફરી જન્મ ન લેનારા એટલે જન્મ-જરા-મરણને જીતી
જનારા હોય, તે જ મરણ વખતે શરણને આપી શકે છે.

વિચારકણિકાઓ: સં-૨૦૨૫, કારતક સુદ ૧

(૧) સમગ્ર વિશ્વનું સંચાલન ધર્મસત્તાથી ચાલે છે.

ધર્મસત્તા એટલે ધર્મનું અસ્તિત્વ.

એ ધર્મ જિનાજ્ઞાના પાલનથી પ્રગટે છે.

પરાકાષ્ઠાએ પામેલો એ ધર્મ જ પરમાત્મદશા છે.

એ દૃષ્ટિએ ઉપચરિત વ્યવહારનયથી એમ માની શકાય કે:

વિશ્વનું સંચાલન પરમાત્મા કરે છે.

(૨) ધર્મસત્તા જેમ સમગ્ર વિશ્વના હિતમાં છે, તેમ તેને આધિન રહીને કામ કરતી કર્મસત્તા પણ વિશ્વહિતમાં છે.

શાસ્ત્રોક્ત આર્તરૌદ્ર ધ્યાન અને

તેનું આલંબન પણ એ જ વાતને સિદ્ધ કરે છે.

શાસ્ત્રોમાં કર્મને શત્રુ અને બળવાન કહ્યાં છે.

તે બંધ અને સત્તામાં રહે ત્યાં સુધી સમજવાનાં છે.

બંધ અને સત્તામાં રહે, ત્યાં સુધી કર્મની બળવત્તા સમજવામાં આવે, તો નવા કર્મના બંધ ન કરવા અને સત્તામાં રહેલાનો ક્ષય કરવા માટે ઉત્સાહ જાગે અને ઉદ્યમ કરવાની પ્રેરણા મળે. ઉદયમાં આવ્યા પછી તો એને સમભાવથી સહન કરવા વડે ધર્મધ્યાન કહ્યું છે.

કર્મ ભેદ છે, તે સત્તા અને બંધ સમયે છે પણ ઉદય

સમયે ભેદ નહિ. ઉદયગત કર્મ ઉપકારી છે, કેમકે આત્માની નિર્મળતા કરવામાં સહાયક છે. દરેક કર્મને અબાધાકાળ છે, તે પણ ઉદયમાં આવતા પહેલાં જ તેને વિવિધ કરણો દ્વારા કર્મક્ષય કરવાની તક આપે છે.

(૩) સહજમળની અપેક્ષાએ સંસાર પણ ભેદ છે, કિન્તુ કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ શરીર - સ્વજન આદિની અપેક્ષાએ ભેદ નહિ, કેમકે તે સંયોગો સહજમળનો નાશ કરવામાં સહાયક થઈ શકે છે. પુણ્યોદયે કર્મના ઉદયથી મળતા શુભાશુભ બનાવો પણ જો ભેદ માનવામાં આવે, તો તે આર્તધ્યાન - રૌદ્રધ્યાનનું કારણ બને. કથંચિત ઉપાદેય માનવામાં આવે તો ધર્મ - શુક્લનું કારણ બને.

(૪) જેમ કર્મની સત્તા અને બંધ એકાંતે ભેદ છે, તેમ કર્મનો ઉદય એકાંતે ભેદ નહિ પણ ચિત્તસમાધિ માટે તેને ઉપાદેય માનવાની આવશ્યકતા પણ ઊભી થાય છે.

એ દૃષ્ટિએ શુભાશુભ કર્મનાં કારણભૂત
પ્રભુની આજ્ઞા ઉપાદેય બને છે.
આજ્ઞાની આરાધના શુભને માટે અને
આજ્ઞાની વિરાધના અશુભને માટે થાય છે,
તેથી તે શુભાશુભ કાર્યોમાં પરમ કારણ છે.

(૫) દવા અને દૂધ બંને શરીરના ટકાવ માટે જરૂરી છે.

અશુભ કર્મોનો ઉદય દવાના સ્થાને છે અને

શુભ કર્મોનો ઉદય દૂધના સ્થાને છે.

આત્માના હિત માટે શુભાશુભ બંને પ્રકારના કર્મોનો ઉદય ઉપકારક નિવડે છે, તેથી ઉભયોદય છે અને તેના મૂળરૂપ હોવાથી પ્રભુની આજ્ઞાનું સર્વોપરિપણું સિદ્ધ થાય છે. સમગ્ર વિશ્વના સુન્દરેતર સર્વ કાર્યોમાં પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય રહેલું હોવાથી તે આજ્ઞા વિજયવંત મનાય છે.

(૬) આત્મગુણોનો વિકાસ અને ભવાભિલાષનો નાશ, એ બંને કાર્યો પરસ્પર સાપેક્ષ છતાં અપેક્ષાએ ભિન્ન છે, તેથી બંનેનાં કારણો પણ ભિન્ન માનવા જોઈએ. અશુભ કર્મ વિરાધનાના અને શુભ કર્મો આરાધનાના ફળરૂપે છે. અશુભ કર્મોનો ઉદય ભવાભિલાષના નાશ માટે અને શુભ કર્મોનો ઉદય આત્મગુણોના વિકાસ માટે કારણ બની શકે. આત્મા રોગી હોય તો અશુભકર્મનો ઉદય ઔષધરૂપે તથા નિરોગી હોય તો શુભકર્મનો ઉદય દૂધરૂપે ગુણકારી થાય. વૈદ્ય પણ રોગીને રોગ દૂર કરવા માટે દવા આપે છે અને રોગ દૂર થયા પછી નિરોગીને શરીરપુષ્ટિ માટે દૂધ - ઘી વગેરે પૌષ્ટિક પદાર્થો લેવાનું કહે છે અથવા તો પછી પૌષ્ટિક દવા આપે છે.

એ રીતે સમગ્ર વિશ્વના જડ - ચેતન પદાર્થો આત્માને
શુભાશુભમાં નિમિત્ત બનીને ગુહ્ર કરી રહ્યા છે.
જડ પદાર્થો જીવની જડતાનો નાશ કરે છે અને
ચેતન એવા જીવોના ચૈતન્યની શુદ્ધિ - વૃદ્ધિ કરે છે.
'પરસ્પરોપગ્રહો જીવાનાં ।' સૂત્રથી
જીવો પણ પરસ્પર શુભાશુભમાં નિમિત્ત બને છે.
ઉપાદાન અશુદ્ધ હોય, તો અશુભમાં અને
શુદ્ધ હોય તો શુભમાં નિમિત્ત બને છે.
તે અશુભમાં નિમિત્ત બનીને ઔષધિરૂપ થાય છે તથા
શુભમાં નિમિત્ત બનીને પુષ્ટિ કરનાર થાય છે.
(૭) પરમાત્મા તથા આપણા આત્માનું અભેદદર્શન કરીને
ઉપયોગપૂર્વક સ્મૃતિમાં પરમાત્માની સાથે
આપણા આત્માનો અભેદ સંબંધ કરીએ છીએ.
એ રીતે પરમાત્મા એટલે આપણો નિર્મળ આત્મા.
ત્રિવિધ આત્મામાં અંતરાત્મા જ્યારે બહિરાત્મદશા સન્મુખ
બની પરમાત્મદશા વિરુદ્ધ પ્રવૃત્તિ કરે, ત્યારે દુઃખી થાય
અને તે જ્યારે પરમાત્મદશા સન્મુખ બનીને
તેની આરાધના કરે, તો સુખી થાય છે.
એમ સર્વ પ્રાણીઓને સુખ અને દુઃખમાં પરમાત્મતત્ત્વ

એટલે કે પોતાની પરમાત્મદશાની
આરાધના - વિરાધના જ કારણભૂત બને છે.
મિથ્યાત્વાદિ સત્તાવન વગેરે સર્વ પરભાવોથી
નિવૃત્ત હોવાથી 'નિવૃત્તિસ્થોઽપિ।' કહી શકાય.
(૮) મોક્ષ કે સંસારવૃદ્ધિની જવાબદારી જેના ઉપર છે,
તે અંતરાત્મા પરમાત્મદશાને સન્મુખ બને તો
મુક્તિ અને બહિરાત્મદશાના પક્ષમાં રહે તો સંસારવૃદ્ધિ.
સમુદ્ર અને તેનો કીનારો બંને પોતપોતાના સ્થાને છે
પણ જેમ તરવું કે ડુબવું એ તરનારને આધીન છે,
તેમ અહીં પણ પરમાત્મદશા અને બહિરાત્મદશા, બન્ને
તો પોતપોતાના સ્વરૂપમાં વ્યવસ્થિત છે જ, કિન્તુ
જે કાંઈ કરવાનું છે, તે અંતરાત્માએ જ કરવાનું છે.
ભવોત્તાર કે ભવભ્રમણ...
હે પ્રભુ ! હે પરમેશ્વર ! તે તારે આધીન છે.
આ સંબોધનો અંતરાત્માને પ્રોત્સાહિત કરવા માટે છે કે
પરમાત્માને ઉદ્દેશીને પણ તે બે વિશેષણો ઘટાવી શકાય.
'ભવનો નિસ્તાર કે ભવભ્રમણ પરમાત્માને આધીન છે'
એટલે પરમાત્મા ભક્તિનો વિષય બને તો ભવનિસ્તાર
અને તેથી ઉપેક્ષાનો વિષય બને તો ભવભ્રમણ છે.

અરિહંત વિશ્વવિધાયક પરમાત્મા
ભવતારક અને ભવકારણ બન્ને બન્યા.
(૯) નયવિશેષે તીર્થંકર સિદ્ધ - અતીર્થંકર સિદ્ધ બધા
સ્વરૂપભાવની અપેક્ષાએ સમાન હોઈ એક જ ગણાય.
બધા સિદ્ધોને સુસ્થિત મહારાજ તરીકે
એકરૂપે સ્વાતંત્રવાદિ અશરીરી સદા સિદ્ધ ભગવંતોને
ભવમોચક તરીકે કહી શકાય.
વળી એમ ગ્રહણ કરી શકાય કે:
નિશ્ચયનયની અપેક્ષાએ 'સહજાત્મરૂપ ચૈતન્યાદિક દેહથી
પર એવો આપણો જ આત્મા દ્રવ્યથી પરમાત્મા છે.'
(૧૦) જીવને પરમાત્માની આજ્ઞાની વિરાધનામાં ભય તથા
આરાધનામાં આદર પેદા થાય,
એ હેતુથી આરાધ્ય અભિન્ન પરમાત્માને ભવતારણ અને
ભવોચ્છેદ કારણ - એમ ઉભય રીતે ઓળખાવી શકાય.
અહીં આજ્ઞાનું પાલન કરાવવાનો અને
તે માટે પ્રેરણા કરવાનો હિતાશય હોવાથી
એ રીતનું વર્ણન અને ઉપદેશ ઉપાદેય ગણાય.
આરાધના પ્રત્યે આદર, વિરાધના પ્રત્યે અનાદર ઉત્પન્ન
કરવાના હિતાશયથી જેમ તે ઉપદેશ આપી શકાય,

તેમ ભક્તિવર્ધક ચતુર્થ ભાષાના પ્રયોગથી
પ્રભુને ઉદ્દેશીને પણ નીચે મુજબ સ્તુતિ કરી શકાય:
તવાસ્મિ ભવો ઘોર! ભવોત્તારોઽપિ તે વશ:।
એવં વ્યવસ્થિતે કિંવા સ્થાસ્યતે પરમેશ્વર!॥
હે ઘોર! ભવ તથા ભવથી નિસ્તાર પણ તમારે આધિન
છે. આ પ્રમાણે હોતે છતે હે પ્રભુ! કેમ સ્થિર રહ્યા છો?

પાંચ પરમેષ્ઠિ તત્ત્વોની સાથે અભેદસાધન

(૧) જે સમયે આત્મસાધનામાં પ્રવૃત્ત થાય,
તે સમયે તે સાધક સાધુ થયો, સાધુત્વથી અભેદ થયો.
(૨) ઉપાધિને દૂર કરી આત્માનું અધ્યયન કરે,
ત્યારે ઉપાધ્યાયથી અભેદ થયો અને
સાધનાનું શ્યામપણું દૂર થઈને અધ્યયનનું લીલાપણું આવ્યું.
(3) જે સમયે જ્ઞાન - દર્શન - ચારિત્રના આચારમાં
પ્રવૃત્તિ થઈ, તે સમયે આચાર્યપદમાં અભેદ થયો.
(૪) જે સમયે જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મ રૂપી અરિ - વૈરિ-
દુશ્મનને હણ્યા, તે સમયે અરિહંતતત્ત્વથી અભેદ થયો.
(૫) જે સમયે પ્રતાપ - તેજ વધ્યાં અને
સમગ્ર પુદ્ગલરાશિને ધ્યાનરૂપી અગ્નિમાં પ્રજવાળ્યા,
તે સમયે સિદ્ધતત્ત્વમાં અભેદ થયો.

Visalpur (Lunava), Dt. 15/10/68

(I) 'आणाराहा विराहा य सिवाय य भवाय य।'

(a) પ્રભુની આજ્ઞાની આરાધના મોક્ષનું અને વિરાધના સંસારનું કારણ બને છે, પરન્તુ તે આજ્ઞા કેવી છે? તે આજ્ઞાકારક પંચપરમેષ્ઠિઓની ભક્તિથી જ સમજાય છે:

- અરિહંતની આજ્ઞા: અનાદિકાળથી સેવેલા બધા આત્માઓ પ્રત્યેના શત્રુભાવનો નાશ કરનારી છે.
- અર્હંતની આજ્ઞા: પૂજ્ય પુરુષોમાં રહેલી પૂજ્યતા, જે અનાદિકાળથી અદૃશ્ય છે, તેને દેખાડનારી છે.
- અરુહંતની આજ્ઞા: ફરીથી જન્મ-મરણ ન કરવા પડે, એવી આરાધના બતાવનારી છે. પ્રથમ પદની ભક્તિથી આજ્ઞાના આ ત્રણે સ્વરૂપનું ભાન પ્રગટે છે.

(b) સિદ્ધની આજ્ઞા: આજ્ઞા એ સિદ્ધ - ત્રિકોટિ પરિશુદ્ધ - સર્વને પ્રમાણભૂત છે. બીજા પદની ભક્તિ આજ્ઞાના આ સિદ્ધ સ્વરૂપ - ત્રિકાલાબાધિત સ્વરૂપને બતાવનાર છે.

(c) આચાર્યની આજ્ઞા: શત્રુભાવને હણનારી, પૂજ્યતાને પમાડનારી, જન્મ-મરણથી છોડાવનારી સિદ્ધ અને અકાટ્ય એવી તેમ જ આચરવાલાયક છે. આજ્ઞાની આચરણીયતાને ઓળખાવનાર ત્રીજા પદની ભક્તિ છે.

(d) ઉપાધ્યાયની આજ્ઞા: અરિહંતોની આજ્ઞા જેની પાસે રહેલી છે, તેના સ્વાધ્યાય ભણવું. આજ્ઞાની પુષ્ટિ માટે તથા પુષ્ટિ કરાવે તેવાં જ શાસ્ત્રો ભણવા - ભણાવવા અર્થાત્

'આજ્ઞા જ ભણવા અને ભણાવવા યોગ્ય છે'

એવો ભાવ ચોથા પદની ભક્તિથી ઉત્પન્ન થાય છે.

(e) સાધુની આજ્ઞા: 'લોકમાં સર્વ વડે એ આજ્ઞા જ સાધવા - આરાધવા યોગ્ય છે' એવો ભાવ પાંચમા પદની ભક્તિથી પ્રગટ થાય છે. લોકમાં સર્વ જીવો ઉપર આજ્ઞા પોતાનું આધિપત્ય ધરાવે છે. 'ઇચ્છાએ કે અનિચ્છાએ સર્વ જીવો એ આજ્ઞાને જ આધીન થઈને રહેલ છે' એવી સમજણ પંચમ પદની ભક્તિથી પ્રાપ્ત થાય છે. આજ્ઞાની સર્વસત્તાધીશતા તથા સર્વસાધ્યતા - ઉપાદેયતા સમજાય છે. પાંચે પદોની ભક્તિથી આજ્ઞાનું પૂર્ણ સ્વરૂપ સમજાય છે અને તેથી આજ્ઞાની આરાધના કરવાનો વીર્યોલ્લાસ જાગીને જીવને શિવપદની પ્રાપ્તિ થાય છે.

(f) નમસ્કાર દ્વારા થતી પંચ પરમેષ્ઠિની ભક્તિથી વિમુખ રહેનારા આજ્ઞાના સ્વરૂપ તથા તેના લાભથી વિમુખ રહે છે, આરાધનાથી દૂર રહે છે અને વિરાધના કરનારા થાય છે. તે વિરાધના અનંત ભવભ્રમણ કરાવે છે.

વિરાધનાદિ જવા તથા આરાધના પ્રકટાવવા 'આણં' પદ છે.

'આણં' પદ આત્માના અસ્તિત્વને અને

'અરિહંત' પદ આત્માના સ્વરૂપને ઓળખાવે છે.

'નમો' પદ ભક્તિ પેદા કરે છે.

પાંચે પદોથી આત્માનું જુદું જુદું સ્વરૂપ પ્રગટ થાય છે

અને તેવા તેવા સ્વરૂપવાળી આત્મા પ્રત્યે

પાંચે પદોમાં રહેલ નમો પદથી ભક્તિ પ્રગટ થાય છે, તેથી

પાંચે પદયુક્ત નમસ્કારનું સ્મરણ - મનન - ચિન્તન - ધ્યાન

આત્માના અર્થી જીવો માટે પુનઃ પુનઃ કર્તવ્ય છે.

(II) વિશ્વ ઉપર અરિહંતાદિ ચારનું સામ્રાજ્ય પ્રવર્તે છે.

તેમના સામ્રાજ્યમાં રહેલ પ્રજારૂપ આપણને જે કાંઈ પણ

લૌકિક કે આધ્યાત્મિકતાની શુભ અથવા અશુભ

વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તે તેમના અનુગ્રહનું ફળ છે.

પ્રાપ્ત થયેલ તે વસ્તુ પ્રત્યે

અણગમો કે તિરસ્કાર તે અરિહંતાદિ ચાર પ્રત્યે જ

પ્રકટ કે અપ્રકટપણે અણગમો કે તિરસ્કાર બતાવ્યો ગણાય.

નમો પદ એમ બતાવે છે કે જે કોઈ વસ્તુઓ મળી છે,

તે બધા તેમના અનુગ્રહથી જ મળી છે.

એના સ્વીકારમાંથી પ્રકટતી નમ્રતાને બતાવનાર નમો પદ છે.

'અરિહં' પદ બોલતાં એવો સ્વીકાર થાય છે કે:
અરિહંતાદિ ભગવંતનો જ તે અનુગ્રહ છે, બીજાનો નહિ.
'તાણં' પદ બોલતાં એવો સ્વીકાર થાય છે કે:
તે ભગવંતો અનુગ્રહ મારું રક્ષણ કરે છે, તે સિવાય
બીજું કોઈ રક્ષણ કરનાર કે શરણ આપનાર નથી.
અનુગ્રહ પ્રત્યેનું આ દૃઢ શ્રદ્ધાન એને
તે દ્વારા થતું અરિહંતાદિ ભગવંતનું પ્રણિધાન
ભાવભક્તિ પેદા કરે છે અને પ્રત્યેક પ્રાપ્ત સામગ્રી કે
પરિસ્થિતિમાં એકસરખો આનંદમય ભાવ, સંતોષભાવ
યા સમભાવ ટકાવી રાખવાનું સામર્થ્ય અર્પે છે, તેથી
'નમો અરિહંતાણં।' પદનો જાપ પુનઃ પુનઃ કર્તવ્ય બને છે.
(III) નમો પદના જાપથી અંતરમાં જે સૂક્ષ્મક્રિયા થાય છે,
તે સ્પંદન - ગતિરૂપ છે, તેથી તેમાં ગરમી પેદા થાય છે.
એ ગરમીથી આત્મા ઉપર લાગેલો કર્મકચરો બળે છે.
કચરો બળી જવાથી આત્મરત્ન દેખાવા માંડે છે.
નમોથી કચરો બળે છે, અરિહંથી જે પ્રકાશ પ્રગટે છે,
તે પ્રકાશમાં આત્મતત્ત્વરૂપી રત્ન દેખાય છે.
તાણંથી 'તે આત્મતત્ત્વ રક્ષણ કરનાર છે'
એવી પ્રતીતિ પેદા થાય છે તથા
અશુદ્ધતાને સંગ્રહી રાખવાનો ભાવ દૂર થઈ જાય છે.

એ પછી સદા શુદ્ધભાવ પ્રકટે છે કે:
આત્મરત્ન જ રક્ષણ કરનાર છે પણ કર્મરૂપી કચરો નહિ.
આ રીતે અનુક્રમે ઉજ્જ્વલતા, પ્રકાશકતા અને શુદ્ધતા પ્રાપ્ત
થવાથી આત્મતત્ત્વનું અપરોક્ષ જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેથી
'નમો અરિહંતાણં' પદનો જાપ પુનઃ પુનઃ કર્તવ્ય છે.

(IV) <u>જીવનનાં મુખ્ય ઉદ્દેશો બે છે:</u>

(૧) જીવો પ્રત્યે શત્રુભાવને ટાળવો અને
કર્મ પ્રત્યે શત્રુભાવ પ્રગટાવવો.

(૨) જીવો પ્રત્યે મિત્રભાવને પ્રકટાવવો અને
કર્મપુદ્ગલ પ્રત્યે રાગભાવ ટાળવો.

શત્રુભાવ એ વિભાવ છે, તેથી અશુદ્ધ છે.
મિત્રભાવ અથવા સ્નેહભાવ સ્વભાવ છે, તેથી શુદ્ધ છે,
સહજસિદ્ધ અને સ્વાભાવિક છે.
પ્રથમ પદ નિષેધાત્મક છે અને બીજું પદ વિધેયાત્મક છે.
પછીના ચારે પદો પણ વિધેયાત્મક છે.
અરિહંતનો નમસ્કાર શત્રુભાવનો નાશક અને સિદ્ધનો
નમસ્કાર મિત્રભાવનો પોષક છે. આચાર્ય, ઉપાધ્યાય અને
સાધુનો નમસ્કાર પણ જીવો પ્રત્યે સ્નેહભાવને પુષ્ટ
કરે છે અને પુદ્ગલ પ્રત્યે વૈરાગ્યભાવને દૃઢ કરે છે.

પાંચે પરમેષ્ઠિઓ પ્રત્યેનો નમસ્કાર
જીવરાશિ પ્રત્યે સ્નેહભાવને વિકસાવે છે અને
પુદ્ગલ રાશિ પ્રત્યે વૈરાગ્યભાવને પ્રકટાવે છે.

(V) અનુકંપા = દુઃખીનાં દુઃખને જોઈને જે 'કંપ' પ્રગટે તે. એ દયાનું ભેટણું લઈને દયાળુને ભેટવા જઈએ તો આવો ભેટો અર્થાત્ દયાળુ તરફથી નિરંતર વરસતો અનુગ્રહ પ્રાપ્ત થાય છે, જેથી દીનાનાથ પ્રત્યે અનુરાગ જાગે છે. અનુરાગ જાગવાથી તેમના ગુણોને જોઈને હર્ષ થાય છે. એ હર્ષ કે અનુમોદન વડે જે એકતાનતા આવે છે, એમાંથી જે શુભ વિચારો પ્રગટે છે, તે અનુપ્રેક્ષા છે.

અનુપ્રેક્ષા એ ભાવસ્વાધ્યાય છે, તેથી
ભાવનમસ્કારની પ્રાપ્તિ થાય, જે શાશ્વત સુખને આપે છે.

(VI) 'નમો અરિહંતાણં ।' પદ વડે અરિહંત ભગવંતોને દાનમાં સર્વોત્કૃષ્ટ દાન એવું ભાવનમસ્કારનું દાન એટલે કે આંતરસન્માનનું દાન કરવામાં આવે છે. તેમાં દાન દેનાર કરતાં લેનારનો મહિમા અધિકતર છે,
કેમકે લેનારને લેવાની વૃત્તિ અંશે પણ નથી.
તેવી રીતે નમસ્કારનું દાન કરનાર પણ સન્માન લેવાની વૃત્તિ રાખ્યા વગર સન્માનનું દાન કરે, તો તે અપેક્ષાએ લેનાર અને દેનાર બંનેની ભાવથી એકતા થાય છે.

એ એકતા થવાથી નમસ્કાર કરનારનું ત્રાણ થાય છે.
નમસ્કાર્ય અને નમસ્કારકર્તા વચ્ચે ભેદને ગૌણ
તથા અભેદને મુખ્ય બનાવવાથી નમસ્કાર અભેદ બને છે.
અભેદ નમસ્કાર મહાનિર્જરાનું કારણ બની
શાશ્વત સુખને અપાવનાર થાય છે.

(VII) નમસ્કાર એ પૂજાના અર્થમાં આવેલ છે.
યજ ધાતુ પરથી પૂજાર્થે છે.
યજ ધાતુના 3 અર્થો : દાન, પૂજા અને આત્મભોગ.
તે ઉપરાંત સંગ અર્થ વડે નમસ્કાર કરનાર સાધક
નમસ્કાર લેનાર એવા અરિહંત ભગવંતોનો સંગ સાધે છે.
તે દ્વારા સર્વ જીવરાશિ સાથે સંબંધ - સંગ સધાય છે,
જેના થકી 'તાણં' પદ દ્વારા કાર્યની તુર્ત સિદ્ધિ થાય છે.

(VIII) જીવો જીવસ્ય જીવનમ્ । જીવ જીવના જીવનરૂપ છે.
જીવનવિકાસ માટે જીવને જીવમાત્ર ઉપાદેય છે.
જીવનો જીવનવિકાસ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય
અને શિક્ષાગુણોનો વિકાસ, જે જીવ વડે જ થાય છે.
જે જીવો બાળ જીવોને જીવ તરીકે નહિ સ્વીકારતાં, તે
જીવો બાળ જીવોથી નિગ્રહિત થાય છે અને
જે જીવ તરીકે સ્વીકારે છે, તેઓ અનુગ્રહિત થાય છે.

આ રીતે જીવોને નિગ્રહાનુગ્રહમાં
પરસ્પર નિમિત્ત - નૈમિત્તિક ભાવ રહેલો છે.
'સમ્યક્ત્વજ્ઞાનચારિત્રવીર્યશિક્ષાગણાજીવાઃ |'

(IX) અજ્ઞાની જીવોમાં અજ્ઞાન છે,
તેનું કારણ જ્ઞાની પુરુષો પ્રત્યે નમ્રતાનો અભાવ છે.
વિનય વિના વિદ્યા નહિ.

જ્ઞાની પુરુષો પ્રત્યે નમ્રતા ન પ્રગટવાનું કારણ અહં પરનો દૃઢ રાગ છે. એ રાગનું મૂળ અજ્ઞાન અને મિથ્યાત્વ છે, મિથ્યાત્વની હયાતિમાં બીજા સર્વ પાપોનો આશ્રય છે.

તેનું ફળ ભવભ્રમણનું દુઃખ છે.
તે બધામાં નિમિત્ત જે કારણ જીવો બને છે.
તે નિમિત્તમાંથી છુટવાનું એકનું એક સાધન
તે બધા જીવો પ્રત્યે શુભભાવ છે.
'તે બધા જીવો અજ્ઞાનમાંથી, પાપમાંથી, દુઃખમાંથી છુટો'
એવી ભાવના નિરંતર કર્તવ્યરૂપ બને છે.

બીજા જીવોની પીડાના નિમિત્તમાંથી છુટવા માટે એ ભાવના જ એક શરણરૂપ છે. કરેમિ ભંતે સૂત્રની પ્રતિજ્ઞામાં રહેલ ત્રિકરણ યોગ અને ઇર્યાપથિકી પ્રતિક્રમણમાં રહેલા સર્વ ભાંગા બીજા જીવોની પીડામાં નિમિત્તભૂત બનતા આપણા આત્માને બચાવી લેવા માટે છે.

(X) 'સકળ જીવો દુઃખમાંથી છૂટો' એ ભાવ જેમ કર્તવ્ય છે,
તેમ આવી ભાવના પણ કર્તવ્ય છે કે :
'સર્વ જીવો સુખ - સુખનાં સાધનો - જ્ઞાનાદિ રત્નત્રયી પામો'.
જો તે ભાવના ન હોય અને કેવળ 'દુઃખનો અભાવ થાય'
એટલી જ ભાવના હોય, તો તે શુભ બની શકતી નથી,
કેમકે દુઃખનો અભાવ તો જડ પાષાણને પણ હોય છે.
'જડ પાષાણ જેવા બને' એ ભાવ શુભ નહિ, અશુભ છે,
તેથી 'દુઃખરહિત થાઓ' તેની સાથે 'સુખસમૃદ્ધ બનો'
એ ભાવ પણ હોય, તો જ
તે જીવો નિમિત્તે આવતું પાપ રોકી શકાય છે.
(XI) 'પરસ્પરોપગ્રહો જીવાનાં |' એ સૂત્ર મુજબ પ્રત્યેક
જીવો અનેકાનેક જીવો માટે અનુગ્રહનો વિચાર કરે, તો
પરસ્પર અનુગ્રહમાં નિમિત્ત બને છે અને
નિગ્રહનો વિચાર કરે, તો પરસ્પરનિગ્રહમાં નિમિત્ત બને છે.
તેથી આપણાથી દીન જીવો પ્રત્યે
'તે સર્વેનું દુઃખ દૂર થાઓ તથા સૌને નિરંતર સુખ મળો'
એ ભાવ જો કદી વિસરી જવાય,
તે કદી નિગ્રહિત બનાય છે, તેથી
તે બંને ભાવો નિરંતર કર્તવ્યરૂપ બને છે.

એટલે જ 'ખામેમિ' સૂત્રની ગાથા વડે
નિરંતર - ઉભય કાળ પ્રતિક્રમણ કરવામાં આવે છે.

(XII) 'ખામેમિ સવ્વ જીવે' આ પદથી
આજ સુધી એ જીવોને જીવ તરીકે ન સ્વીકાર્યા, તેથી તે
અજ્ઞાન દ્વારા અઢારે પાપ ઉપાર્જન કર્યા.
તેના પ્રાયશ્ચિતરૂપે તે જીવો પ્રત્યે
આચરેલા અપરાધની ક્ષમા માંગીએ છીએ.
તે જીવો પણ આપણને જીવ તરીકે નહિ સ્વીકારતાં, તેથી
તેઓ પણ અજ્ઞાનને લીધે ભવભ્રમણનું દુઃખ ભોગવે છે.
'સવ્વે જીવા ખમંતુ મે ।' આ પદથી
અહીંયા માગણી કરીએ છીએ કે:
'તેમનું પણ અજ્ઞાન ટળો અને મને ક્ષમા આપો.'
'મિત્તી મે સવ્વભૂએસુ ।' એ પદથી
અહીંયા ભાવના પ્રગટ કરાય છે કે:
'જીવોને જીવ તરીકે હું ભૂલી ન જાઉં અને
ઉત્પન્ન થયેલો જીવતત્ત્વ પ્રત્યેનો એ ભાવ ટકાવી રાખું.'
'વેરં મજ્ઝ ન કેણઇ ।' એ પદથી ભાવના કરાય કે:
તે સર્વ જીવો શિવ ન પામે, ત્યાં સુધી મારો તે જીવો
પ્રત્યેનો મૈત્રીભાવ ન છોડવાની પ્રતિજ્ઞા કરું છું.

(XIII) દુઃખીયાનું દુઃખ દેખીને અનુકંપા દયાની આવશ્યકતા ઊભી થાય અને ખાનખાનુ જેઓ દયાનુ-દયાના ભંડાર છે, તેમનું શરણું સ્વીકારવાની જરૂર ઊભી થાય છે.
દયાળુ નરકથી પડી રહેલ દયાની અવગાહના કરવાથી
પોતે નિગ્રહને પામતો હતો, તેનાથી બચવા માટે
દયાળુનું શરણું સ્વીકારવું આવશ્યક બને છે.
આજ સુધી તેમની સન્મુખ ન જોયા છતાં
તેઓ તો પુષ્કરાવર્ત મેઘની જેમ અથવા
અચિન્ત્ય ચિંતામણિની જેમ અનુગ્રહ કરી રહ્યા હતા, તેનું ભાન થાય છે. એ અનુગ્રહભાવિત થતાંની સાથે જ
તેમના પ્રત્યે કૃતજ્ઞતાનો ભાવ પેદા થાય છે.
તે ભાવ સાધકની ભાવમાતા રૂપે છે.
તેના ફળ સ્વરૂપ ભક્તિરૂપ પુત્ર પ્રકટે છે.
આમ ગુણાધિક પ્રત્યે કૃતજ્ઞતા તથા ભક્તિભાવ નિરંતર કર્તવ્યરૂપ ભાસે છે. તે જો ભાવ વિનાની પ્રત્યેક ક્રિયા કર્મબંધન અને ભવભ્રમણના કારણરૂપ ભાસે છે. જેમ શ્વાસોચ્છ્વાસ વિના જીવનું દ્રવ્યજીવન ટકતું નથી, તેમ જીવનું ભાવજીવન પણ આ બન્ને ભાવો વિના ટકી શકતું નથી. શ્વાસોચ્છ્વાસના અભાવે દ્રવ્યમૃત્યુ થાય,

તેમ સ્વ ભાવોના અભાવે ભાવમરણ થાય અને સદ્ગુણમય જીવનનો નાશ થઈ દુર્ગુણમય જીવન જીવાય છે.

વિશ્વમાં સદા નિયમ છે કે

જીવનાર કરતાં જીવાડનારનું મહત્ત્વ વધારે છે.

જીવનાર જીવ છે, જીવાડનાર શ્વાસોચ્છ્વાસ રૂપી પ્રાણ છે, તેથી જીવને પોતાના પ્રાણો પ્યારા લાગે છે.

એક ભવ જીવાડનારા બાહ્યપ્રાણો જો જીવને પ્યારા લાગે, તો ભવોભવ જીવાડનારા, અનંત-અવ્યાબાધ સુખ અપાવનારા કરુણાદિ ભાવપ્રાણો પ્રાણથી યે પ્યારા લાગે તેમાં શું નવાઈ?

આત્માને સદાને માટે જીવાડનાર અને અજરામર બનાવનાર ઔષધિ મૈત્રી - પ્રમોદ આદિ ભાવપ્રાણો સમ્યગ્દૃષ્ટિ જીવને પ્રાણથી પણ અધિક પ્યારા લાગે છે.

(XIV) શ્રી નમસ્કાર મહામંત્રના ૯ પદો ના તેના એક પ્રથમ પદમાં પણ ચારે ભાવો ભરેલાં છે.

'નમો' પદ સર્વોત્કૃષ્ટ ભક્તિને પાત્ર એવા પરમેષ્ઠિ ભગવંતોને દાનમાં સર્વોત્કૃષ્ટ દાનરૂપ સન્માનના દાનરૂપ ઔષધિ પરમ પ્રમોદરૂપ છે.

'અરિહંત' પદ બોલતાંની સાથે જ ઘાતી કર્મોના નાશથી ઉત્પન્ન થયેલું તેમનું સર્વોત્કૃષ્ટ શાસન યાદ આવે છે.

ઘાતીકર્મ રૂપી પાપકર્મનું મૂળ સ્વાર્થ ના અહંભાવ છે,
જેનો અરિહંત પ્રભુએ ક્ષય કર્યો છે, તે જાણતાવેંત જ
'સર્વ જીવોમાં રહેલા અહંનો નાશ થાઓ'
એવો કરૂણાભાવ જાગે છે.
'તાણં' પદથી મૈત્રીભાવ રૂપી એવી ભાવના જાગે છે કે:
'સર્વ જીવોનું કલ્યાણ થાઓ, સર્વને અભયપદ મળો.'
આ ૩ પ્રકારના ભાવમાં પક્ષપાતરહિત એવો મધ્યસ્થભાવ,
જે જીવ જેવા ભાવને યોગ્ય છે,
તે જીવને તેવો ભાવ આપવારૂપ
અરાગદ્વેષભાવ ગુંથાયેલો જ છે, તેથી એક
'નમો અરિહંતાણં'માં ચારે ભાવો પરસ્પર સંકલિત છે.
આત્માના ભાવપ્રાણને ટકાવનાર છે, તેથી
તે સમ્યગ્દ્રષ્ટિ જીવનો ભાવપ્રાણ - મહાપ્રાણ બને છે.
વળી હંમેશ માટે જીવાડનાર હોવાથી
એક ભવ જીવાડનાર પ્રાણ થકી પણ વધુ પ્યારો બને છે.
ઉપરાંત વિશ્વનાં જીવો સાથે સંબંધિત હોવાથી
તે વિશ્વપ્રાણ પણ બને છે.
'પ્રાણ થકી પ્યારા છો રાજ'
એ ભક્તિની ઉક્તિ પણ એ રીતે ચરિતાર્થ થાય છે.

(XV) નાડીથી જ્યારે એક શ્વાસોચ્છ્વાસ લેવાતો હોય છે, ત્યારે રોમરાજી દ્વારા 3½ ક્રોડ શ્વાસોચ્છ્વાસ લેવાતા હોય છે. તેને રોમાહાર કે લોમાહાર પણ કહેવાય છે. શરીરને જીવાડવા 3½ ક્રોડ શ્વાસોચ્છ્વાસ લેવા પડે છે તો આત્માને જીવાડવા માટે 'નમો અરિહંતાણં' અને તેમાં સંગ્રહિત ચારે ભાવનાઓથી ભાવ શ્વાસોચ્છ્વાસ કેટલા પ્રમાણમાં અધિક લેવા જોઈએ? જ્ઞાનીઓ કહે છે કે:

'શ્વાસ માંહે સમરીયે સો વાર'.

એક બાહ્ય શ્વાસોચ્છ્વાસે એકસો વાર સમરવાનું કહે છે, તે પણ વ્યવહારથી કહેવાય છે, કિન્તુ તત્ત્વથી તો શરીરને 3½ ક્રોડ રોમની જેમ આત્માને અસંખ્ય પ્રદેશ છે. 'નમો અરિહંતાણં' પદ બહારથી ભલે એકવાર બોલાતું દેખાય પણ સર્વ આત્મપ્રદેશોથી તે યાદ કરવામાં આવે,

તો એમ સ્વીકારવું જોઈએ કે:

એક જ વખતના ઉચ્ચારણમાં અસંખ્ય વાર ગણાય છે.

જ્યાં પ્રત્યેક પ્રદેશો એ રીતે જીવાડનાર પ્રાણ થકી પણ પ્યારો ભાવપ્રાણ જોડો હોય, ત્યાં મરણ થવાનો કે દુર્ગુણ પ્રગટવાનો સંભવ જ ક્યાંથી રહે? તે વખતે મંત્ર અને આત્મા બંને એકાકાર બની જાય છે.

મંત્ર અને આત્માની એકતામાં મન અને પવન તથા
દેહ અને ગરૂડ - આ ચારેનું ઐક્ય સધાય છે.
તેમાંથી અદ્ભુત મંત્રચૈતન્ય પ્રગટે છે,
જીવનું ભાવજીવન ટકે છે, વિકસે છે, અજરામર બને છે.
ઇતર જીવના જીવનવિકાસ માટે
જીવ જીવને ઉપાદેય છે, જીવ જીવનું જીવન છે.
'પરસ્પરોપગ્રહ એ જીવનું લક્ષણ છે'
એ સૂત્ર આ ઉપરથી ચરિતાર્થ બને છે.

(XVI) કોઈપણ કાર્યમાં કાર્ય કરતી વખતે
આવતાં વિઘ્નોને સહી લેવાની વૃત્તિ તે કાર્ય પ્રત્યે રહેલા
મમતા યા રૂચિ દ્વારા શક્ય બને છે.
પુત્રનું રક્ષણ કરવા માટે ગમે તેટલાં વિઘ્નો કે કષ્ટો આવે
તો એક માતા તેને આનંદપૂર્વક સહી લે છે.
તેમાં માતાની પુત્ર પ્રત્યેની મમતા યા રૂચિ જ કામ કરે છે.
દેશથી સંયમ કે સર્વથી સંયમ તે પ્રવચન માતાના પુત્રો છે.
એક નાનો ભાઈ છે અને બીજો મોટો ભાઈ છે.
બંને એક જ માતાનાં પુત્રો છે.
'સંયમ' એટલે છ જીવનિકાયના જીવોને અભયદાન.
અર્થાત્ છ જીવનિકાય જ પુત્રના સ્થાને છે,
કેમકે તે સંયમથી અભિન્ન છે.

પુત્ર તરીકેની મમતા આવ્યા પછી તેમના તરફથી ગમે તેટલા કષ્ટો કે ઉપસર્ગો આવે તો પણ તેઓનું રક્ષણ કરવા માટે કષ્ટ માન્યા વગર આનંદથી પ્રવૃત્તિ થશે.

સંયમની રૂચિ એ માતાના સ્થાને છે,

સંયમ એ પુત્રના સ્થાને છે.

જીવતત્ત્વનો બોધ તે પિતાના સ્થાને છે અને

જીવતત્ત્વની રૂચિ એ માતાના સ્થાને છે.

'સહસ્રં તુ પિતુર્માતા' એ કહેવત મુજબ

હજારો પિતા સમાન એક માતા છે.

પિતા હજાર વખત પુત્રને કહે,

તેની અસર જે ન પડે તે માતાના એક વચનની પડે છે.

પુત્રના પાલનની શક્તિ પિતા કરતાં માતામાં અધિક છે.

પ્રથમ સ્થાન માતાનું, પછી પિતાનું અને પછી પુત્રનું.

તે મુજબ તત્ત્વરૂચિ, તત્ત્વબોધ અને તત્ત્વનો અમલ એ અનુક્રમે પશ્ચાનુપૂર્વીથી ઉત્તરોત્તર અધિક કીંમતી છે.

રૂચિ પ્રકટાવવાનું કાર્ય, જેઓમાં તે રૂચિ પ્રકટી ગઈ છે, તેમના શરણથી શક્ય બને છે, તેથી 'નમો' પ્રથમ છે.

નમો પદ વડે મહાપુરૂષોના શરણો જવાનું થાય છે અને તેથી તત્ત્વરૂચિ પેદા થાય છે.

સર્વ જીવોનું રક્ષણ કરવાનો ભાવ જગાડી આપે છે,
તેથી જ કરેમિ ભંતેની પ્રતિજ્ઞા લેવા પહેલાં
નવકારનું સ્મરણ કરવામાં આવે છે.
રૂચિ જગાડવાની શક્તિ નવકારરૂપી માતામાં છે અને
સર્વ જીવોનું રક્ષણ કરવારૂપ અભયદાન આપવાની શક્તિ
કરેમિ ભંતેની પ્રતિજ્ઞામાં છે.
જો નવકાર માતાના સ્થાને છે,
તો કરેમિ ભંતે પુત્રના સ્થાને છે.
કોઈપણ વ્રત, નિયમ કે ધર્મકાર્યના પ્રારંભમાં
નવકાર ગણવાનું વિધાન છે, તે રૂચિ જગાડવા માટે છે.

## એક મહત્ત્વનો ઉત્તર

સામાયિક લેતી વખતે પણ નવકાર અને
પારતી વખતે પણ નવકાર એમ સૂચવે છે કે
સમભાવની આરાધનાનું
મૂળ પણ તત્ત્વરૂચિ છે અને ફળ પણ તત્ત્વરૂચિ છે.
મૂળમાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર છે,
ફળમાં પંચ પરમેષ્ઠિ પદ સ્વરૂપ બનવાની ભાવના છે.
જેવું બીજ તેવું ફળ અને જેવું ફળ તેવું બીજ.
બીજમાં એક બીજ છે, ફળમાં અનેક બીજ છે.

આરંભ અને અંત ઉભયમાં નવકારને યાદ કરવાની
પાછળ ભાવ અને ફળનો નિયમ કામ કરે છે.
તે પ્રારંભે સત્કર્મ કરવાની રૂચિ પેદા કરી આપે છે અને
અંતે 'સત્કર્મનું ફળ પરમેષ્ઠિપદ છે' તેની સ્મૃતિ કરાવે છે.
'અરિહં' પદથી જીવતત્ત્વનું જ્ઞાન કરાવનાર
સર્વવિરતિપણાનું સ્મરણ થાય છે.
તે તત્ત્વબોધ ઉત્પન્ન કરવારૂપ પિતાનું કાર્ય કરે છે.
નમોરૂપી માતા અને અરિહંરૂપી પિતાના સંબંધથી
'તાણં' પદથી સંયમરૂપી પુત્રનો જન્મ થાય છે.
તત્ત્વરૂચિરૂપી માતા અને તત્ત્વબોધરૂપી પિતા
તત્ત્વપરિણતિરૂપી પુત્રને જન્મ આપી તેને મોટો કરે છે
અને ધર્મરૂપી ધન કમાવા મોકલે છે, તેમાં પરીષહ તથા
ઉપસર્ગોરૂપી કષ્ટોને આનંદપૂર્વક સહી મોટી કમાણી કરીને
અનંતકાળ માટે અખૂટ એવું મોક્ષરૂપી અક્ષય-
અવ્યાબાધ સુખ મેળવે છે અને જગતના સર્વ જીવોને
સદાને માટે અભયદાન આપનારો થાય છે.
તે દાન દ્વારા જગતના જીવોનું દારિદ્રય ચૂરવા માટેનું જ
એક કાર્ય સદાકાળ માટે કર્યા કરે છે તથા સર્વ જીવોને
પોતાની જેમ જ સચ્ચિદાનંદ સ્વરૂપી બનાવે છે.

(XVIII) આ પંચસૂત્રમાં શુદ્ધ ધર્મની પ્રાપ્તિના ઉપાય તરીકે
જે પાપકર્મનો નાશ કહ્યો છે,
તે અરિહંતાદિના શરણ વડે થાય છે.
નવકારમાં તે માટે સચોટક જ
'સવ્વપાવપ્પણાસણો' એ પદ મૂક્યું છે.
આ પદના ત્રણ અર્થો થાય છે: (૧) સર્વ પાપનો નાશ
(૨) સર્વના પાપનો નાશ (૩) સર્વથા પાપનો નાશ.
પંચસૂત્રમાં કહ્યું છે કે:
(૧) ઇહ ખલુ અણાઇજીવે । (૨) અણાઇજીવસ્સ ભવે ।
(૩) અણાઇ કમ્મસંજોગનિવ્વત્તીએ ।
અનાદિકાળથી જીવને જે પાપ લાગેલું છે,
તેના જ ફળસ્વરૂપ ભવભ્રમણ છે.
એ પાપના મૂળ અજ્ઞાન - મોહ - અહંકાર - કષાયાદિ છે.
ચતુઃશરણગમનસૂચક 'નમો' પદથી
ભવ્યત્વનો પરિપાક થાય છે, સહજમળનો નાશ થાય છે,
તેથી 'નમો' પદ પાપનો સર્વથા નાશ સૂચવે છે.
દુષ્કૃતગર્હાસૂચક 'અરિહં' પદથી સર્વ પાપોનો નાશ થાય છે
તથા સુકૃતાનુમોદનસૂચક 'તાણં' પદથી
સર્વના પાપનો નાશ થાય છે.

નમો અરિહંતાણંમાં દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખપરંપરક
સંસારનો નાશ કરવાની શક્તિ છે, એમ સાબિત થાય છે.

<u>નમો પદથી દુઃખની પરંપરાનું કારણ સહજમલ મટે છે,</u>

<u>અરિહં પદથી દુઃખનું કારણ પાપ જાય છે</u>

<u>અને તાણં પદથી દુઃખ મટે છે.</u>

(XVIII) જેમ આકાશ સર્વ પદાર્થોના આધારભૂત છે, તેમ
સમભાવયુક્ત સાધુપણું સર્વ ગુણોના આધારરૂપ છે.
'નમો લોએ સવ્વસાહૂણં |' પદથી સર્વ ગુણોના
આધારભૂત તથા સમભાવયુક્ત સાધુપણાને નમસ્કાર છે,
<u>તેમાં 'સવ્વ' પદના ત્રણ અર્થો</u> છે:

(1) સાર્વદિ, જે સર્વ પ્રકારે સાધુપણું
(2) સર્વ સાધુપણું (3) સર્વનું સાધુપણું.

સર્વ પ્રકારે સાધુપણું પાપના મૂળનો નાશ કરે છે,
સર્વ સાધુપણું સર્વ પાપનો નાશ કરે છે અને
સર્વનું સાધુપણું તે સર્વના પાપનો નાશ કરે છે.
એ રીતે સર્વ સદ્ગુણોના આધારભૂત સાધુપણું અથવા
સાધુભાવ સમભાવને પ્રગટાવનાર અને
સર્વ દુર્ગુણોના આધારભૂત પાપ અર્થાત્ અહં-મમભાવનો
નાશ કરનાર આ પાંચ નમસ્કાર છે...
એમ 'એસો પંચનમુક્કારો' પદથી પ્રકટ થાય છે.

## દેહલી દીપક ન્યાયથી

એક બાજુ પાંચમું પદ તથા બીજી બાજુ સાતમું પદ અને
એ બેની વચ્ચે દીપકના સ્થાને જે છઠ્ઠું પદ છે,
તે સ્પષ્ટ જણાવે છે કે આ પાંચ નમસ્કાર
સર્વ દુર્ગુણોના મૂળરૂપ અહં-મમરૂપી પાપભાવનો નાશ કરી
અને સર્વ સદ્ગુણોના આધારરૂપ
સમભાવરૂપી સાધુધર્મનો વિસ્તાર કરે છે.

(XIX) પ્રથમના છ પદોમાં શરણાગમનનો લાભ છે, તેથી
તથાભવ્યત્વાદિના પરિપાક વડે
દુઃખાનુબંધ સ્વરૂપ સંસારનો નાશ થાય છે.
સાતમા પદથી સર્વોત્કૃષ્ટ દુષ્કૃતગર્હા વડે
પાપકર્મનો નાશ થવાથી દુઃખફલક સંસારનો નાશ થાય છે.
છેલ્લા બે પદોથી સર્વોત્કૃષ્ટ સુકૃતાનુમોદન થવા વડે
શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવાથી દુઃખરૂપ સંસારનો નાશ થાય છે.
ચતુઃશરણાગમન મોહદોષના અભાવનું સૂચક છે,
દુષ્કૃતગર્હા રાગદોષના અભાવનું સૂચક છે અને
સુકૃતાનુમોદન એ દ્વેષદોષના અભાવનું સૂચક છે.
આ ત્રણે દોષોને દૂર કરી જ્ઞાનાદિ ત્રણે ગુણોને પ્રકટાવી
શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવનાર નવકાર મહામંત્ર છે.

શુદ્ધ ધર્મની પ્રકર્ષ સ્વરૂપરમણતા છે.
સ્વરૂપરમણતા યા આત્મરમણતા એ જ
વસ્તુ સ્વભાવરૂપ શુદ્ધ આત્મધર્મ છે.
તેની પ્રાપ્તિ કરાવી આપનાર હોવાથી નમસ્કાર મંત્ર
એ મહામંત્રપણાની સંજ્ઞાને ધારણ કરે છે, તે યથાર્થ છે.

(XX) નવકારનું સાતમું પદ જણાવે છે કે:

નમો પદ વડે પાપનું મૂળ અજ્ઞાન અને
તેનું મૂળ 'અહં' જાય છે, તેના પરિણામે
બહિરાત્મભાવ સ્વરૂપ પાપભાવનો નાશ થાય છે.
અરિહં પદ બોલતાં જ સર્વ મંગળોમાં પ્રવેશ થાય છે.
અંતરાત્મભાવ યા ક્ષયોપશમભાવની પ્રાપ્તિ થવી તે જ
સર્વ મંગળમાં પ્રવેશ થવાની નિશાની છે.
નિરંતર વધતું એવું પ્રથમ મંગળ,
તેનું મૂળ શુદ્ધ આત્મતત્ત્વ છે, તે જ રક્ષણ કરનાર છે.
'તાણં' પદ વડે તે શુદ્ધ તત્ત્વની સાથે એકતાનતા થાય છે.
તેનાં ફળસ્વરૂપ પ્રથમ પ્રકૃષ્ટ મંગળ સ્વરૂપ
પરમાત્મભાવની યાને ક્ષાયિક ગુણોની પ્રાપ્તિ થાય છે.
એ રીતે નવકારનું પ્રથમ પદ જ સર્વ
પાપનાશ કરવા દ્વારા બહિરાત્મભાવને દૂર કરી આપી,

સર્વ મંગળોની પ્રાપ્તિ દ્વારા અંતરાત્મભાવમાં પ્રવેશ
કરાવી અંતે પ્રધાન મંગળરૂપ પરમાત્મભાવની નિકટ લઈ
આવે છે, તેથી અત્યંત આદરપૂર્વક આરાધવા લાયક છે.

નવકારના પ્રથમ પદમાં

મિત્ત, વિત્ત અને પાત્રનો અનુરૂપ સંયોગ છે.
'તાણં' પદથી મિત્ત, 'નમો' પદથી વિત્ત અને
'अरिहं' પદથી પાત્ર, ત્રણે સર્વોત્કૃષ્ટ છે.

<u>ત્રણ પ્રકારના વિચારનું સુફળ</u>

(૧) 'બધાને સુખ મળો' તે વિચાર
શુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવનાર છે, જેમકે સુખનું મૂળ ધર્મ છે.

(૨) 'બધાનું દુઃખ દૂર થાઓ' તે વિચાર
પાપકર્મનો નાશ કરનાર છે, જેમકે દુઃખનું મૂળ પાપ છે.

(૩) 'બધાનાં પાપનો નાશ થાઓ' તે વિચાર
અજ્ઞાનનો નાશક છે, જેમકે પાપનું મૂળ અજ્ઞાન છે.

આમ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખપરંપરક -
એમ ત્રણે સ્વરૂપવાળા સંસારનો નાશ કરવાની શક્તિ
નવકારના પ્રથમ પદમાં છે, એમ પુનઃ સાબિત થાય છે.

<u>ઉપદેશ પદ, ગાથા ૮૯૩માં કહ્યું છે કે:</u>

જે દયાવાન, કરુણાર્દ્ર, ગુણગ્રાહી તથા નિર્દંભ છે,

તે ભલે એક પદ જ જાણતો હોય તો પણ જ્ઞાની છે.
જેનાથી આર્તરૌદ્ર ધ્યાનનું નિવારણ થતું હોય અને
ધર્મ તથા શુક્લ ધ્યાનમાં પ્રવૃત્તિ થઈ શકતી હોય,
તે જ્ઞાન ઉપયોગી છે.

## ૫ સમિતિનું જ્ઞાન એટલે શું?

સમિતિનું જ્ઞાન = ગમનાગમનાદિ યતનાપૂર્વક કરવાં તે.
સમિતિની પાછળ પ્રાણીમાત્ર પ્રત્યેના વાત્સલ્યથી રક્ષણનું
ધ્યેય હોય છે, તેથી જ તેના જ્ઞાનને માતાની ઉપમા આપી છે.
જગતના સૂક્ષ્મ જીવોને પણ કોઈ બાધા ન આવે,
કોઈને કાંઈ પણ પીડા ન થઈ જાય,
એવી કાળજીપૂર્વકનું જીવન એ ૫ સમિતિનો પ્રભાવ છે.
જૈન પ્રવચન એ જીવો પ્રત્યેના વાત્સલ્યથી ભરપૂર છે,
વાત્સલ્યથી જન્મેલું-વાત્સલ્યપૂર્ણ હૃદયથી ઉછળતું
હોવાથી સર્વના સુખ-હિતની ચિંતા જ તાત્ત્વિક માતા છે.
તેમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી સમિતિ-ગુપ્તિ અને
તેના જ્ઞાનને પણ શાસ્ત્રમાં માતાની ઉપમા અપાયેલી છે.

## સમિતિપૂર્વકનું જીવન એટલે...

જગતના જીવો સાથે પ્રેમ, સહાનુભૂતિ,
સત્કાર અને સહિષ્ણુતાપૂર્વકનો જીવન વ્યવહાર.

## ૩ ગુપ્તિનું જ્ઞાન સરલ...

પરમાં પ્રવૃત્ત થતા હટે, વચન અને મનને
ત્યાંથી પાછવાળી એકાંત ધ્યાન અને મૌન દ્વારા
આત્મામાં જોડવાની ક્રિયાનો અભ્યાસ.

કહ્યું છે: विमुक्तकल्पनाजालं समत्वे सुप्रतिष्ठितम्।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥१॥

Viramgam, સં. ૨૦૬૮, ભાદરવા સુદ ૬

(૧) ઉપેક્ષા અને માધ્યસ્થ્ય ભાવનામાં શું ફેર?

ઉપેક્ષા એ ચોથી ભાવનાનું નામ છે, જ્યારે માધ્યસ્થ્ય એ ચાર ભાવનાથી ઉત્પન્ન થયેલ એક ચિત્તપ્રસાદાત્મક ઉત્તમ અવસ્થા છે.

(૨) 'મૈત્ર્યાદિ ભાવનામાં અમુક અંશે ઔદયિકતા અને અમુક અંશે ક્ષાયોપશમિકતા રહેલી છે' એમ કહી શકાય. 'क्षायोपशमिकानि इन्द्रियाणि।' એમ જ્યાં કહ્યું છે, ત્યાં ઇંદ્રિયો એટલે ભાવ ઇંદ્રિય પર્યાપ્તિ નામકર્મજન્ય ઔદયિક છે, તો ભાવ ભાવ ક્ષાયોપશમિક પણ છે.

(3) 'જીવનું અસ્તિત્વ ઉપગ્રહાદિ માટે છે' એમ કહેવા કરતાં એમ કહેવું વધુ યોગ્ય છે કે: 'ઉપગ્રહ વડે જીવનું અસ્તિત્વ જાણી શકાય છે.'

એમ કહેવાથી તે વાત વધુ સંગત થાય છે કે:
ભવનું બહિરંગ લક્ષણ બહિર્સંવિધાન અને અસાર્વત્રિક છે.

(૪) માલવણિયાજી એમ કહે છે કે:
જૈન દર્શનમાં ચાર ભાવનાઓ બહારથી આવી છે.
એના ગુણગ્રહણ અને ઔપશમાદિક ભાવોની ચર્ચા
પાછળથી ઉપસ્થિત થઈ છે, જે ચર્ચાનો વિષય છે.

(૫) બૌદ્ધ ધર્મના એક ગ્રંથની વિચારધારા છે કે:
જેમ કોઈ ચીજ આપી શકાય, તેમ પુણ્ય પણ આપી શકાય.
આ જ વિચારધારામાંથી એ જાતની ભાવના કરવાનો
પ્રવાહ આગળ ત્યાં આવ્યો છે કે: 'પોતાને પ્રાપ્ત થતો
આધ્યાત્મિક લાભ આ બુદ્ધ વિશ્વકલ્યાણ માટે પામો.'

(૬) આ ઉપરાંત માલવણિયાજી એમ પણ માને છે કે:
લેશ્યા, એનો વિચાર પણ બહારથી આવ્યો છે.

(૭) શાસ્ત્રવાર્તાસમુચ્ચય, સ્યાદ્વાદ કલ્પલતા ટીકા આધારે:

(a) શુભાશયરૂપ ધર્મમાં અહિંસાદિ ૧૦ લક્ષણ
ધર્મ કારણભૂત છે, જેનું કારણ મૈત્રી એટલે કે
'પ્રત્યુપકારનિરપેક્ષા પ્રીતિઃ |' છે. (પૃષ્ઠ-૫/૨)

(b) આ મૈત્રી સામ્ય અને ક્ષયોપશમ દ્વારા
શુદ્ધોપયોગરૂપ ધર્મમાં ઉપયોગી નિવડે છે. (પૃષ્ઠ-૬/૨)

(c) મૈત્ર્યાદિ વાસના એ શુદ્ધ વાસના છે. (પૃષ્ઠ - ૧૦/૨)

(d) મૈત્ર્યાદિભાવનોપબૃંહિત અનિત્યત્વાદિ અનુપ્રેક્ષાઓનો અભ્યાસ પરમ નિર્મમત્વની પ્રાપ્તિ કરાવે છે. વિષયદ્વેષ પણ અગ્નિની જેમ બાહ્ય વિનાશ કરી સ્વયં શાંત થાય છે. તેથી નિર્મમતા પરમ માધ્યસ્થ્યમાં પરિણમે છે. (પૃષ્ઠ - ૧૦/૨)

(e) મૈત્ર્યાદિ શુદ્ધ વાસનાના બળથી રાગ-દ્વેષ વાસના, પુદ્ગલકરણાનુશય વાસના તથા પાપકરણ નિમિત્તાનુશય વાસના નિવૃત્ત થાય છે, તેથી અશુભભાવપૂર્ણ બુદ્ધિ પ્રવૃત્તિ અને ચિત્તપ્રસત્તિ દ્વારા ઉત્કૃષ્ટ માધ્યસ્થ્ય આવે છે. (પૃષ્ઠ - ૧૦/૨ તથા પૃષ્ઠ - ૧૧/૨)

(C) (a) સમ્યક્ત્વનું પ્રથમ લિંગ ઉપશમ છે અને તે અનંતાનુબંધી કષાયના અનુદયરૂપ છે. સ્વભાવથી અથવા કષાયના કડુ વિપાક જોવાથી થાય છે. (પૃષ્ઠ - ૩૨૫/૨)

(b) શમ = ક્રોધકષાય અને વિષય - તૃષ્ણાનો ઉપશમ.

(c) ઉપશમનો અભાવ છતાં સમ્યક્ત્વ ઘટી શકે છે. સંજ્વલન પણ અનંતાનુબંધી જેવો તીવ્ર હોઈ શકે છે.

(e) (a) અનુકંપા એ દ્રવ્યથી છતી શક્તિએ દુઃખ પ્રતિકારરૂપ અને ભાવથી આર્દ્ર હૃદયતારૂપ છે. (પૃષ્ઠ - ૩૨૧/૨)

(b) આત્મવત્સર્વભૂતેષુ સુખદુઃખે પ્રિયાપ્રિયે। એ જીવાદિ પરપીડાપરિહારેચ્છારૂપ પણ ઘટી શકે છે. (પૃષ્ઠ-૩૨૭/૨)

(c) શુભભાવ એ કર્મ નિમિત્તક પ્રવાહપતિત પરિણામ રૂપ હોવાથી નિમિત્ત સાથે નાશ પામે છે. (પૃષ્ઠ-૩૪૨/૧)

(d) ક્ષાયોપશમિક તપાદિ મુક્તિમાં હોતા નથી. (પૃ.૩૪૨/૨)

(e) ધર્મસંન્યાસ રૂપ સામર્થ્ય યોગ ક્ષપકશ્રેણિના દ્વિતીય અપૂર્વકરણમાં પ્રગટે છે. ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મો ત્યાં નિવૃત્ત થાય છે. (પૃષ્ઠ-૩૪૬/૨)

(f) અતાત્ત્વિક ધર્મસંન્યાસ દીક્ષા સમયે પણ હોય છે. ત્યાં સાવદ્ય પ્રવૃત્તિરૂપ ધર્મની નિવૃત્તિ થાય છે.

(g) કેવલીને મન વિના ધ્યાન શી રીતે? (પૃષ્ઠ-૩૨૯/૧)
પૂર્વાભ્યાસથી કુલાલચક્રભ્રમણની જેમ અથવા ઉપયોગરૂપ ભાવમન છે અને ધ્યાનનું કાર્ય કર્મનિર્જરા થાય છે માટે.

(૧૦) અધ્યાત્મમત પરીક્ષા, ગાથા ૮૧/૨માં જણાવ્યા પ્રમાણે: ભાવલિંગ લક્ષણ ભાવથી જણાય અને અસાર્વદિક હોય છે. જીવનો સ્વભાવ ચૈતન્ય હોવાથી સર્વ અવસ્થામાં હોય જ, પરંતુ અનુગ્રહ - ઉપઘાતરૂપ પરસ્પરોપગ્રહ સર્વ અવસ્થાઓમાં હોય જ એવો નિયમ નહિ. અનુગ્રહ ઉપઘાતક લેશ્યાઓ હોઈ શકે.

નિગોદાદિ અવસ્થામાં એક જીવ બીજા જીવને
કોઈ બાધા ઉપજાવી શકતો નથી.
જો એમ કહો કે 'બાહ્યપ્રવૃત્તિ દ્વારા જાણી શકાતું નથી;
તો તેને અંતરંગ લક્ષણ કહેવું જોઈએ, બહિરંગ નહિ.
અમુક જીવોમાં અમુક અવસ્થામાં બહારની અસર દ્વારા
પરસ્પર અનુગ્રહ - ઉપઘાત જોઈ શકાય છે, તેમ જ એ
અમુક કાળે જ હોય છે, માટે તેને
'बाह्यचेष्टा द्वारा साहनानां।' તથા 'असार्वदिकं।' કહ્યું છે.
વળી ત્યાં ચારિત્રને જીવનું બહિરંગ લક્ષણ કહ્યું છે,
ત્યાં પણ એવાં વિશેષણો આપેલાં છે કે
'बाह्यचेष्टा द्वारा साहनानां।' તથા 'असार्वदिकं।'
(૧૧) શિવાર્ય કૃત 'ભગવતી આરાધના' ગ્રન્થ
૨૦૦૦ વર્ષ જુનો અને મહત્ત્વનો ગણાય છે.
ત્યાં 'परसुखेच्छा।' એવું મૈત્રીનું લક્ષણ આપ્યું છે
અને 'ઉપેક્ષા' એટલે સુખ કે દુઃખ
બેમાંથી એક પણ ન ઇચ્છવું, તેને માધ્યસ્થ્ય કહેલું છે.
એમ જુદી જુદી વ્યાખ્યાઓ મળી આવે છે.
સં. ૨૦૨૫, કારતક સુદ ૧, સુરેન્દ્રનગરમાં
આ ૧૧ વિચારકણિકાઓ ઉત્પન્ન થઈ.

o 'જીવ છ જ નિકાય છે'

એમ માનનારો પરમાર્થથી સાચો નથી, કારણકે
છ ની સંખ્યાનો જકાર અન્ય અપેક્ષાઓનો બાધક છે.
એથી સર્વ અપેક્ષાએ 'જીવનિકાય છ જ પ્રકારે છે'
એવો અર્થ કરતાં અનેકાન્તનું ખંડન થાય છે, માટે
ચૈતન્યની અપેક્ષાએ સર્વ જીવોનો એક પ્રકાર પણ છે.
'ચૈતન્ય સર્વ જીવોમાં વ્યાપ્ત છે' એ માનવું જોઈએ.
'હિંસામાં અધર્મ છે' એ પણ એકાન્તપણે નહિ, કારણકે
અપ્રમત્ત મુનિથી થયેલ હિંસાને અહિંસા કહી છે અને
પ્રમત્તથી હિંસા ન થવા છતાં હિંસા કહી છે, તે અસત્ય ઠરે.

વર્તમાનમાં મનુષ્ય આદિ પર્યાયો નથી, તેમાં પણ
ભૂત-ભાવિની અપેક્ષાએ તે તે પર્યાયો માનવા જોઈએ.
આ સત્યને છોડીને દ્રવ્ય સમ્યક્ત્વવાળો સામાન્ય રૂચિ
છતાં જો અનેકાન્તવાદને બદલે જો એકાંતવાદને પકડે,
તો તે મિથ્યારૂચિ કહેવાય, એમ સમજવું. સ્વપર સંબંધથી
અસ્તિત્વ-નાસ્તિત્વરૂપે એક પદાર્થમાં પર્યાયો રહે છે,
તે સંપૂર્ણ પર્યાયોના જ્ઞાનથી વસ્તુનું યથાર્થજ્ઞાન થાય છે.

એ અપેક્ષાએ 'પરસ્પરોપગ્રહો જીવાનાં |' સૂત્રથી
સિદ્ધોમાં પણ નાસ્તિરૂપે જે પરપર્યાયો છે,
તેમાં અન્ય જીવો અને ભાવો પણ નિમિત્ત બને છે.

અનુપ્રેક્ષા કરતાં સમજાય છે કે:
નરક - નિગોદ - તિર્યંચ આદિ પર્યાયો આત્માની અનાદિ
મલિનતાને દૂર કરવા માટે ઉપકારક છે, ઉપયોગી થાય છે.
અનાજ જેમ જમીનમાં દટાઈને તેમ જ ગર્ભમાં રહીને
પોતાની યોગ્યતા કેળવે છે અને પછી બહાર આવે છે.
દેવ - નરકગતિમાં ગર્ભાધાન ન હોવાથી
ત્યાં વિરતિધર્મ માટેની યોગ્યતા આવતી નથી.
માતા - પિતાદિ ન હોવાથી વાત્સલ્ય મળતું નથી,
તેથી પૂજ્યભાવ અને કૃતજ્ઞતાગુણની સિદ્ધિ થતી નથી.
દેવગતિમાં સમ્યક્ત્વના કારણે પ્રભુભક્તિ થઈ શકે છે
અને નારકીમાં સમાધિ રહી શકે છે,
તેનું કારણ તે ગતિ નહિ પણ સમકીત છે, તે છે.
'માનવનો જ મોક્ષ થાય' તેમાં ગર્ભાધાનમાં
આત્માનું ઘડતર કરવાની સામગ્રી પણ કારણભૂત મનાય.
ગર્ભાધાનથી માંડી સોળ સંસ્કારનું જે વિધાન છે,
તેની પાછળ પણ આ રહસ્ય કલ્પી શકાય છે.
આ રીતે વિચારતાં ચારે ગતિ જીવોને જીવનના
વિકાસ માટે ઉપકારક થાય છે, એમ સમજી શકાય છે.
ધર્મસત્તાને આધીનપણે કાર્ય કરતી કર્મસત્તા
જીવોને કેમ રીતે દુઃખી કરી શકે? ન જ કરે.

તેથી જ શાસ્ત્રોમાં કર્મવિપાક ચિન્તનને
ધર્મધ્યાનની વૃદ્ધિનું કારણ કહ્યું છે.

<u>અપાયવિચય ધર્મધ્યાનમાં</u>

કર્મબંધના હેતુઓની ભયાનકતા વિચારવાની છે. આમાં વિરાધનાના હેતુઓનું વર્ણન છે, તેથી તેનો વિચાર પણ જીવને વિરાધનાથી બચાવી આરાધનામાં ઉત્સાહિત કરે છે.

<u>વિપાકવિચય ધર્મધ્યાનમાં</u>

કર્મના ઉદય વખતે થતી જીવની શુદ્ધિ વિચારવાની છે.

<u>આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં</u>

એ શુદ્ધિના મૂળ કારણરૂપ પ્રભુની આજ્ઞાની આરાધના અને વિરાધનાનો વિચાર રહેલો છે. પ્રભુની આજ્ઞાનો સાક્ષાત્ પ્રભાવ બતાવનાર શુભાશુભ કર્મોનો વિપાકોદય હોવાથી તે વિરાધનાનો ભય-આરાધનાનો આદર જગાડે છે

શ્રી વીતરાગ દેવે સ્યાદ્વાદરૂપથી જે રીતે છ દ્રવ્યોનું સ્વરૂપ, નયનિક્ષેપ, નિત્યાનિત્ય, સામાન્ય-વિશેષ, સિદ્ધ - નિગોદ તથા નિશ્ચય-વ્યવહાર કહ્યાં છે, તે રીતે શ્રદ્ધાપૂર્વક યથાર્થ ઉપયોગમાં ધારવા અને તે રીતે જ જગતની સમક્ષ નિરૂપણ કરવા. શ્રી વીતરાગ દેવની આજ્ઞાને શ્રદ્ધાપૂર્વક સત્ય માનવી.

જોધપુર, કારતક વદી ૨

## ઉપયોગ માટેની એક અનુભૂત પ્રક્રિયા:

(a) સાધના અંગુઠાથી બે કાન બંધ કરી, બે તર્જની આંગળીથી બે આંખ બંધ કરી, નાસાગ્રે - બે ભવાંની વચ્ચે જોવું.

(b) આ રીતે જોવાથી પ્રકાશ, વિવિધ રંગો વગેરે દેખાશે. રોજ સવારે ૬ વાગે તે પ્રમાણે જોવાનો અભ્યાસ કરવો.

(c) ભ્રૂમધ્યે ઉપયોગ રાખી પ્રારંભમાં ત્યાં ઇષ્ટમંત્રનું ચિંતન કરવું. પછી તેને પણ છોડી દેવું અને શૂન્યમાં ચાલ્યા જવું.

(d) શૂન્યમાં જે દેખાય છે, તે અનંત ચિદાકાશ છે.

તેમાં જાણે વિલીન થતા હોઈએ તેમ સાવ નિર્વિચાર બનતા જવું. એનાથી એક વિલક્ષણ પ્રતીતિ થશે.

આત્મલાભ એટલે આત્માની પિછાન (પહિચાન).

કુસંસ્કારોનો નાશ પ્રતિપક્ષ ભાવનાથી છે,
કુસ્મૃતિઓનો નાશ ભગવત્ કૃપાધીન છે.
કુસ્મૃતિઓનો નાશ અને શુભ સ્મૃતિઓનું
પાચન કરવાનો ઉપાય આત્મસ્મૃતિનો લાભ છે.
આત્માની વિસ્મૃતિ તે સ્મૃતિભ્રંશ છે.

જેટલું શુભ કાર્ય થાય છે, તે સત્ય - પ્રેમ - કરુણાદિ ગુણો દ્વારા થાય છે. ગુણો તો આત્માનું સ્વરૂપ છે.

ગુરુની સ્મૃતિ તે આત્મસ્મૃતિમાં સમાઈ જાય છે. 'સારું કાર્ય જેટલું છે, તેટલું આત્મકાર્ય છે, કોઈ વ્યક્તિનું નહિ' એ વિચાર શુભ સ્મૃતિઓનું પાચન ગણાય છે.
તેને વ્યક્તિનું માનવું તે ગીતાના અભિપ્રાયે સ્મૃતિભ્રંશ છે.

આત્મસ્મૃતિ જગાડવાનો ઉપાય

સારી - નરસી સ્મૃતિઓથી અલગ થવું તે છે.
આત્મસ્મૃતિનો લાભ એ જ સ્મૃતિમુક્તિ છે.
વિનોબાજી કહે છે કે ભગવત્કૃપાથી આત્મસ્મૃતિ અને આત્મસ્મૃતિથી બ્રહ્મનિર્વાણ થાય છે.
બ્રહ્મ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, નિર્દોષ તથા અકર્તા છે.
શરીરથી ભિન્ન પણ શરીરગત તે આત્મા છે,
સૃષ્ટિથી ભિન્ન અને સૃષ્ટિગત તે ઈશ્વર છે.
બ્રહ્માંડની કૃપા પીંડ ઉપર થાય છે, તે જ ઈશ્વરકૃપા છે.
આત્મા શરીરધારી-પીંડધારી છે, પરમેશ્વર બ્રહ્માંડધારી છે.
આત્મા અલ્પરૂપ છે, પરમેશ્વર સર્વરૂપ છે.
'એકં બ્રહ્મ ચ શૂન્યં, યઃ પશ્યતિ સ પશ્યતિ।' અંધકારનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ - બે વસ્તુ જુદી નથી, એક જ સાથે થાય છે, બંનેની નિરૂપણ પદ્ધતિ જુદી છે.
એક છે Positive, બીજી છે negative.

ભવાની = શ્રદ્ધા, શંકર = વિશ્વાસ, ભક્તિ = પ્રગાઢ પ્રેમ.

ભક્તિમાં ભક્ત પોતાના સ્વને પ્રભુમાં વિલીન કરી દે છે.

ભક્તિની યુક્તિ છે 'નામજપ'.

વિશુદ્ધ આચાર અને સંયમપૂર્વક જીવન વિતાવવાથી
ઘરમાં રહીને પણ ભક્તિની સાધના થઈ શકે છે.

અનન્યભાવથી પરમાત્માના શરણમાં રહીને
ભક્તિ કરવાથી જીવનની સાર્થકતા થઈ શકે છે.

ભક્તિમાં કેવળ દાસ્યભાવ છે એમ નહિ, કિન્તુ
સખ્યભાવ - વાત્સલ્યભાવ વગેરે ભક્તિનાં જ અંગ છે.

ભગવાનનું નામ નિરંજન છે.

જે કોઈ એનું મનમાં મનન કરશે, તે એને જાણી શકશે.
પરમાત્મા નિરંજન છે અર્થાત્ જન્મ - મૃત્યુથી પર છે.

० आत्मैव आत्मनो बन्धुः आत्मैव रिपुरात्मनः।

० न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात! गच्छति।

नष्टो मोहः स्मृतिर्लब्धा करिष्ये वचनं तव। (પરિશિષ્ટ-૭)

० ગીતાનો યોગમાર્ગ શું છે?

તે જો એક વાક્યમાં કહેવું હોય તો : 'કર્મફળ ત્યાગ'.

તેનાં જ બીજાં નામો

નિષ્કામ કર્મ, અનાસક્તિ, ઈશ્વરાર્પણ બુદ્ધિ ઇત્યાદિ છે.

આવી સમતા નહીં, બુદ્ધિયોગ કેમ પ્રાપ્ત કરવો?

ઈશ્વર ઉપરની અતૂટ શ્રદ્ધા, ભક્તિ.

ભક્તિ વિનાનું જ્ઞાન મિથ્યાભિમાન છે.

'હું નિમિત્તમાત્ર છું.'

એવી નમ્રતા આવે અને જ્યારે અહંકાર ગળી જાય, ત્યારે સાચી અનાસક્તિ, નિર્મમતા, નિરહંકારતા આવે છે.

પરમાત્મા પરત્વે પ્રેમ.

તે પ્રેમ દ્વારા જ પરમાત્માની પિછાન થઈ શકે છે.

નિષ્કલ પરમાત્મા સાથે સંસારના વિચ્છેદ માટે જે સ્વકીય આત્માનું અનુસંધાન, તે 'યોગ' કહેવાય છે. યોગના ત્રણ પ્રકારે થાય છે: પર, સૂક્ષ્મ અને સ્થૂલ. આ ત્રણે પ્રકારો ઈષ્ટ છે. પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધીને અભેદ પ્રણિધાનપૂર્વક ભાવના કરાય, તે પર.

Jamnagar, 16-10-68

God Realization = મનનું સમાધાન, મનઃશાંતિ.

શાંતિ સ્નાત્ર એ ઉપદ્રવોની શાંતિ માટેનું સ્નાત્ર છે.

બૃહદ્શાંતિ સ્નાત્ર દ્વારા જે સાધકને

ધનની સાથે મનઃસમાધાનરૂપ નિધાન

પણ નક્કી આવતું હોય, તેને ભણવું શું પ્રયોજન છે?

લઘુશાંતિના વિવેચનમાં દર્શાવેલાં વિધાનો:

(૧) ૐકારસ્વરૂપ શાંતિજિનનું અભિધાન પંચકૃત્યકારિ છે.

(૨) છ શ્લોક સુધીમાં કૃત્યોનો નિર્દેશ છે.

(3) મહામાત્ર શું છે?

(૪) તેના કુંભક ઉચ્ચારથી દેવાઓ સત્કાર કરે છે.

(૫) દેવીઓના ભક્તોના આઠ પ્રકારો છે.

(૬) તે તે ભક્તો માટે દેવીઓ શું શું કરે, તેની વિગતો છે.

(૭) મંત્રપ્રયોગનો હેતુ શું છે?

(૮) શિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને સ્વસ્તિનો પાંચ કૃત્યો સાથે સંબંધ શું છે? તેની વિગતો છે.

(૯) તે માટેના મંત્ર બે ખંડમાં વિભક્ત છે.

(૧૦) પહેલો ખંડ શાંતિનાથ ભગવાન માટે છે અને બીજો ખંડ પાર્શ્વનાથ ભગવાન માટે છે.

(૧૧) મંત્રને સ્તવમાં કેવા રીતે વિકલિત કર્યું છે, તેના સ્ફોટની સવિસ્તર વિગતો છે.

(૧૨) યશસ્યેવમાહ માનદેવ સર્વ શાંતિપદના વિશિષ્ટ અર્થોની વિગતો છે.

નોંધ: અહીં ઉપર કરેલા બારેબાર મુદ્દાઓમાં લખેલ આ સઘળા વિધાનો તપાસી જવા જેવા છે.

## લઘુશાંતિ સ્તોત્રની પ્રથમ ગાથામાં

શકારનો પ્રયોગ ૮ વાર કરવામાં આવેલો છે. તે શકાર શાંતિમય સુખદસ્થિતિનો નિર્દેશક હોવાથી મંગલરૂપ છે.

## લઘુશાંતિના ૧૯ શ્લોકોની ટૂંકી વિગત

(૧) શ્લોક ૧ મંગલાદિ - અભિધેય - પ્રયોજન - સંબંધ.
(૨) શ્લોક ૨ થી ૬ શ્રી શાંતિજિન નામ મંત્ર સ્તુતિ.
(3) શ્લોક ૭ થી ૧3 જગન્મંગલ કવચયુક્ત નામ સ્તુતિ
વિજયા - જયા - ૯ રત્ન - માલા.
(૪) શ્લોક ૧૪ અક્ષરસ્તુતિ. (૫) શ્લોક ૧૫ આમ્નાય.
(૬) શ્લોક ૧૬-૧૭ ફલશ્રુતિ. (૭) શ્લોક ૧૮-૧૯ અંત્યમંગલ.

લઘુશાંતિની ગાથા - 3 શક્ત અવસ્થા સર્જન કરે છે.
લઘુશાંતિની ગાથા - ૪ ઉદ્યુક્ત અવસ્થા પાલન કરે છે.
ગાથા - ૫ પ્રવૃત્ત અવસ્થા સંહાર, નિગ્રહ, અનુગ્રહ કરે છે.

(१) सकलातिशेषकमहासंपत्तिसमन्विताय । (सर्जन)
(२) सर्वामरसुसमूहस्वामिकसंपूजिताय । निजिताय ।
भुवनजनपालनोद्यततमाय । (પાલન)
(३) सर्वदुरितौघनाशनकराय । (સંહાર)
सर्वाशिवप्रशमनाय । (અનુગ્રહ)
दुष्टग्रह-भूत-पिशाच-शाकिनीनां प्रमथनाय । (નિગ્રહ)

ગાથા - ૩ : ૐ નમો નમઃ। = પ્રધાનવાક્ય.

સકલાતિશેષકમહા..... હ્રાઁ

ત્રૈલોક્યપૂજિતાય..... હ્રીઁ

ગાથા - ૪ : સર્વામરસુસમૂહ..... હ્રૂઁ

ગાથા - ૫ : સર્વદુરિતૌઘનાશનકરાય..... હ્રૈં

સર્વાશિવપ્રશમનાય..... હ્રૌં

દુષ્ટગ્રહભૂતપિશાચ..... હ્રઃ

હ્રીં ફટ્ ફટ્ સ્વાહા ॥

લઘુશાંતિમાં જગતના લોકોને ૮ વિભાગમાં રજુ કરેલ છે:

(૧) સકલ સંઘ (૨) સાધુ સમુદાય (૩) ભવ્ય-દિવ્ય
(૪) સત્ત્વ - વાન (૫) જંતુ - પશુ (૬) સમ્યગ્ દૃષ્ટિ જીવો
(૭) શાસનરત જીવો (૮) શાંતિરત જીવો.

અન્ય લઘુ શબ્દોનો અર્થ તથા મંત્રાક્ષરી

ધૃતિ એટલે ચિત્તસ્વાસ્થ્ય, સ્થિરતા.

રતિ એટલે હર્ષ, આત્મરતિ, વાત્સલ્ય.

મતિ એટલે વિચારશક્તિ. બુદ્ધિ એટલે વિવેકશક્તિ.

લઘુશાંતિમાં પંચાક્ષરી મંત્ર શ્રી શાંતિનાથનો છે તથા અષ્ટાદશાક્ષરી મંત્ર શ્રી પાર્શ્વનાથનો છે.

શ્રી પાર્શ્વનાથનો આ મંત્ર મંત્રાધિરાજમાંથી લીધેલ છે.

## લઘુશાંતિમાં આવતાં શાંતિને લગતા શબ્દાર્થ

શાંતિ = કામ - ક્રોધાદિનો જય, ઉપદ્રવોનું નિવારણ.

શાંતં = શાંતિ સ્વરૂપને, શમરસમાં સ્થિરને.

શાંતાશિવમ્ = શ્રી શાંતિનાથ ભગવાન શાંતિનું નિમિત્ત અથવા શાંતિનું કારણ હોવાથી 'શાંતિકર' કહેવાય છે.

શાંતિમ્ = શાંતિવાળા, શાંતિસ્વરૂપ કે શાંતિકર.

શાન્તયે = શાંતિ, ઉપશાંતિ, મહાશાંતિ માટે, અથવા સુશિવ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ તથા સ્વસ્તિ ઉપરાંત શાંત્યાદિ કર્મ માટે.

સ્તોતુઃ = સ્તુતિ કરનાર કોઈપણ હોય, તેના સ્તુતિના બે પ્રકાર છે: પ્રણામરૂપ તથા ગુણોત્કીર્તનરૂપ.

'શાંતિ' શબ્દથી ત્રણ મંગળ

પહેલી ગાથાની આદિમાં, છઠ્ઠી ગાથાના અંતે અને પંદરમી ગાથાના અંતે 'શાંતિ' શબ્દ છે. તેથી આદિ - મધ્ય - અંત્ય, એમ ૩ મંગળ સૂચવાય છે.

अतिशेषकः = स्वल्पावशिष्टः ।

જેમાં નહિવત્ જ શેષ હોય તેવું. શૂન્ય કે શૂન્યાકાર.

o

શ્રદ્ધા = Reverent mind.

ગાથા : ૩ = સકલાતિશેષકમહાસંપત્તિસમન્વિતાય ।

સર્વ સંપત્તિઓનું પ્રભવસ્થાન = ह्रां = સર્જન.

ત્રૈલોક્યપૂજિતાય = ત્રૈલોક્યપૂજન = ह्रीँ.

ગાથા : ૪ = સર્વામરસુરસમૂહ = ह्रूँ = નિર્જિતાય -

ભુવનજનપાલનોદ્યતતમાય ।

પૂજ્યતા, વિનય, રક્ષણને ભાવનારી ह्रूँ = પાલનકૃત્યકારિ.

ગાથા : ૫ = સર્વદુરિતૌઘ = ह्रः = સંહારકૃત્યકારિ.

સર્વશિવ = रः = અનુગ્રહકૃત્યકારિ.

દુષ્ટગ્રહભૂત = क्रः = નિગ્રહકૃત્યકારિ.

ह्रौँ સંપુટ ફટ્ ફટ્ = ઉચ્ચાટન માટે તથા

સ્વાહા = પલ્લવ તરીકે શાંતિકર્મ માટે.

ॐ શં નો મિત્રઃ । ॐ શં વરુણઃ । ॐ શં નો ભવત્વર્યમા ।
ॐ શં નો ઇન્દ્રો બૃહસ્પતિઃ । ॐ શં નો વિષ્ણુરુરુક્રમઃ ।
નમો બ્રહ્મણે । નમસ્તે વાયો । ત્વમેવ પ્રત્યક્ષં બ્રહ્માસિ ।
ત્વામેવ પ્રત્યક્ષં બ્રહ્મ વદિષ્યામિ । વદિષ્યામિ । સત્યં
વદિષ્યામિ । તન્મામવતુ । તદ્વક્તારમવતુ । અવતુ મામ્ ।
અવતુ વક્તારમ્ । ॐ શાંતિઃ । ॐ શાંતિઃ । ॐ શાંતિઃ ।

- તૈત્તિરીય ઉપનિષદ્ શિક્ષાવલી, પ્રથમ અનુવાક

० સ્તુવે પ્રભું શ્રી પાર્શ્વં પ્રણવમયતા ધ્યેયમનિશં ।

- જૈન સ્તોત્ર સંગ્રહ, પૃષ્ઠ - ૧૫૩

## યોગ શબ્દનો અર્થ

જે - જોડે અથવા વસ્તુ મળે, તેનું નામ 'યોગ'.

જૈનધર્મમાં મન - વચન - કાયાને યોગ કહે છે.

કરવું - કરાવવું - અનુમોદવુંને યોગ કહે છે.

જ્ઞાન - દર્શન - ચારિત્રને યોગ કહે છે.

આત્માનું પરમાત્મા સાથે મિલન તેને યોગ કહે છે. જીવને મોક્ષની સાથે જોડનાર સર્વ પ્રકારના આચારને યોગ કહે છે.

## ઉપયોગ શબ્દનો અર્થ

મન અને પાંચે ઇંદ્રિયોની પ્રવૃત્તિને ઉગ્ર અથવા ઉપકારે રોકવા તે વ્રત - નિયમ - તપ આદિ અનુષ્ઠાન એક અર્થમાં ઉપયોગરૂપ છે, જે કર્મક્ષયમાં અનન્ય સહાયક છે.

## છ પ્રકારના આધાર

ઉપાદાનનો આધાર = આત્મા છે.

નિમિત્તનો આધાર = શરીર છે.

મોક્ષ માટે સ્વાધાર આત્મા તથા પરાધાર દેવ - ગુરુ છે.

ઉપચરિતાધાર દેવ પ્રતિમાદિ છે.

અનુપચરિતાધાર શરીરમાં રહેનાર ષટ્ચક્રાદિ છે.

o 'ગૃહસ્થ ટીકર કથે જ્ઞાન, આમલી ટીકર ધરે ધ્યાન;
સાધુ ટીકર તૂટે લંગ, કરે કબારજ યે તીનોં ઠગ'.

## બે પ્રકારના કારણનો વિચાર

કારણ બે પ્રકારે છે: ઉપાદાન અને નિમિત્ત.
નિમિત્ત મળવાથી ઉપાદાનમાં કારણતા પ્રગટ થાય છે.
કારણમાં કારણતાગુણ છે, તે મૂળધર્મ નથી પણ
કર્તા જ્યારે ઉત્પન્ન કરવાની ઇચ્છા કરે છે,
ત્યારે તે વસ્તુમાં કારણતા ઉત્પન્ન થાય છે.
કર્તા વિના કારણમાં કારણતા આવતી નથી.
'યે कारकाः ते कर्तृरधीनाः।' કર્તા કાર્યને ઉત્પન્ન
કરવાની ઇચ્છા કરે, ત્યારે તે કાળમાં કારણપણું
ઉત્પન્ન થાય અને કાર્ય થયા બાદ કારણતા રહે નહિ.
જ્યારે કોઈ ઉત્તમ જીવ સિદ્ધતારૂપી કાર્યને ઉત્પન્ન
કરવાની ઇચ્છા અને અરિહંતાદિ નિમિત્તનું સેવન કરે,
ત્યારે તેમાં અનુક્રમે ઉપાદાન કારણતા અને
નિમિત્ત કારણતા ઉત્પન્ન થાય છે.
કાર્ય સિદ્ધ થયા પછી બંનેમાં કારણતા રહેતી નથી.
ઉપાદાનમાં નિમિત્ત વિના વિશેષનું આધાન થતું નથી.
નિમિત્તમાં કર્તાની ઇચ્છા વિના કારણતા પ્રગટતી નથી.
જેમ દંડમાં ઘટની કારણતા છે, તેમ
કર્તાની ઇચ્છાવશાત્ ઘટ ધ્વંસની પણ કારણતા આવે છે.
ઉપાદાન કારણને સમવાયી કારણ પણ કહે છે.

અસમવાયી કારણ ઉપાદાનમાં રહીને
કાર્યનું કારણ બને છે, તેને અસાધારણ કારણ પણ કહે છે.
અપેક્ષા કારણને નિમિત્ત કારણ કહે છે પણ
તે નિર્વ્યાપાર હોય છે. જેમકે આકાશ, પૃથ્વી, કાળ આદિ.
તેને સાધારણ કારણ પણ કહે છે.

૦ અરિહંત: વર્ણ શ્વેત - શુક્લ

પૃથ્વી તત્ત્વ: રસ કષાય - અંતે મીઠો,
સ્પર્શ - ૧૬ આંગુલ,
સંસ્થાન - વર્તુલ, ૮ પ્રાતિહાર્ય, આકૃતિ = □,
૪ મૂલાતિશય, ૪ ઘાતીકર્મનો ક્ષય,
૧૨ થી ૮ આંગુલ, રંગ પીત, ૫૦ પલ - ૨૦ મીનીટ.

સિદ્ધ: વર્ણ લાલ - અગ્નિવર્ણ

આપ કે જલતત્ત્વ: રસ તીખો તીક્ષ્ણ - સૂક્ષ્મતા - દુર્ભેદ્યતા,
સ્પર્શ - ૪ આંગુલ - અનંત ચતુષ્ટય, આકાર - ત્રિકોણ = Δ,
૧૫ થી ૧૨ આંગુલ, ૪૦ પલ - ૧૬ મીનીટ.

આચાર્ય: વર્ણ પીત - સુવર્ણ

તેજ કે અગ્નિતત્ત્વ: રસ મીઠો, આંગુલ - ૧૨ - દ્વાદશાંગી,
આકાર સમચતુરસ્ર = □, ચતુર્વિધ સંઘ ઉપર આદેશાત્મક,
૪ આંગુલ, ૩૦ પલ - ૧૨ મીનીટ.

ઉપાધ્યાય: વર્ણ - લીલો,

વાયુતત્ત્વ: રસ ખાટો, અંગુલ ૮- અષ્ટ પ્રવચનમાતા,

આકાર - ધ્વજ = P

૮ યા ૫ અંગુલ, ૨૦ પલ - ૮ મીનીટ.

સાધુ: વર્ણ - કાળો, કાજળચિતરો, વિચિત્રવર્ણ

આકાશતત્ત્વ: રસ - કડવો, અંગુલ - શૂન્ય,

આકાર = 0 - ગગનસદૃશ, સર્વવ્યાપક, સર્વ પદોનો આધાર,

૦-૦ અંગુલ, ૧૦ પલ - ૪ મીનીટ.

પરમ ગુહ્યકારી, પ્રથમ પરિષદાદિ, સર્વ પદોની પ્રાપ્તિ.

ધર્મક્રિયાઓનો આશય શું ?

આત્મકલ્યાણના નિર્મળ આશયથી જ
કરેલ ધર્મક્રિયાઓ સુંદર ફળવતી બને છે.
શ્રી જિનાજ્ઞા પ્રત્યે સમર્પણભાવ જોઈએ,
આત્મકલ્યાણનો આશય જોઈએ અને
શાસ્ત્રે દર્શાવેલ વિધિ પ્રત્યે બહુમાન જોઈએ.
આના વિના એ સુસંભવિત છે કે
ધર્મક્રિયા વધે તો ય ધર્મનો લાભ વધે નહિ પણ ઘટે.
ભગવાનનાં પરમ તારક શાસનના પરમાર્થને પામો,
તેની આરાધના કરવાના એક માત્ર લક્ષ્યને પામો.

ખંભાત - Cambay, 17/10/68

ઈશ્વરની ભક્તિથી ચિત્તની શુદ્ધિ થાય છે,
અંતઃકરણ શુદ્ધ થવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને
જ્ઞાનની વૃદ્ધિ થવાથી યોગસમાધિ પ્રાપ્ત થાય છે.

યોગસમાધિના બે ભેદ : (૧) પિપીલિકા (૨) વિહંગમ.

પિપીલિકા સમાધિ = આલંબન ધ્યાન.
વિહંગમ સમાધિ = નિરાલંબન ધ્યાન.

વિહંગમના બે ભેદ : (૧) મુક્ત (૨) યુંજાન.

પિપીલિકા માર્ગ એટલે...
કોઈ વસ્તુનો આધાર લઈને વૃત્તિઓને રોકવી તે.

વિહંગમ માર્ગ એટલે...
નિરાલંબ થઈને આત્મામાં સ્થિર થવું તે.

યુંજાન યોગી - યોજના સહિત...
આત્મામાં બાહ્યવૃત્તિઓનો ત્યાગ કરી એકરૂપ થવા ઈચ્છુક.
અંતરધ્વનિના શ્રવણપૂર્વક
અનહદ, આનંદમય આત્મામાં લીન થઈ જવાય છે.
ચાર ગતિમાં જીવો હર્ષ - શોક - રાગ - દ્વેષ કરે છે.
હર્ષ વખતે ગાવું - બજાવું, શોક વખતે રોવું - પીટવું.
આ બન્ને નાદમાંથી છૂટી અનહદમાં જવાનું હોય છે.
મુક્તયોગી બાહ્યવૃત્તિથી નિવૃત્ત થઈ આત્મવૃત્તિમાં રમણ કરે.

સવિકલ્પ અપવાદ માર્ગ છે, નિર્વિકલ્પ ઉત્સર્ગ માર્ગ છે.
મુક્તયોગીને સવિકલ્પ હેય છે, નિર્વિકલ્પ ઉપાદેય છે.

## અષ્ટાવધાન યોગ

(૧) ધ્યેય (૨) ધ્યાન (૩) ધ્યાતા (૪) પવન
(૫) મન (૬) શ્રુત (૭) શબ્દ (ધ્વનિ) (૮) આત્મવૃત્તિ.
આ ૮ વસ્તુઓને એક કરવા, તેનું નામ અષ્ટાવધાન છે.
યુંજાનયોગી આ અષ્ટાવધાન સાધીને સમાધિમાં લીન થાય,
એ પછી જ તે મુક્તયોગી બને છે.
જૈન મતમાં તે ૧૩ મું ગુણસ્થાન છે.
તેને વેદાંતની ૭મી ભૂમિકા, યોગીઓમાં કેવલીતા તથા
વિદેહી વગેરે શબ્દોથી ઓળખાવવામાં આવે છે.
'રમતે ઇતિ રામઃ।' આત્મામાં રમણ કરે તે રામ.
જે પોતાના આત્મામાં રમે છે,
તે પાપોથી છુટકારો પામીને પરમાત્મપદ પામે છે.
રાધા - શ્રુતિ - શબ્દ, તે જ સ્વામી - રાધાસ્વામી.
રાધાસ્વામીનો અનુયાયી એટલે...
સુરતાને શબ્દમાં જોડવાનો પ્રયાસ કરે તે.
જે પરિશ્રમ કરશે, તે ઉપર આકાશમાં ચઢશે અને
તેને બધી વસ્તુનો ખ્યાલ આવી જશે.
ભક્તિમાર્ગમાં આગળ વધવા મધ-માંસથી બચવું જોઈએ.

## ૫૭ પ્રકારોના નામ

નિશ્ચય - વ્યવહાર, દ્રવ્ય - ભાવ, સામાન્ય - વિશેષ,

નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ,

૪ પ્રમાણ, દ્રવ્યાદિ ૪, સાદિ અનંતાદિક ૪,

નિત્યાનિત્ય, એકાનેક, સદસત્,

વાચ્યાવાચ્ય, ભેદાભેદ, ભવ્યાભવ્ય,

નિત્યાનિત્ય પરમસ્વભાવ,

૬ કારક, ૭ નય તથા ૭ ભંગ.

o

The foundation of things is above and not below. You must know the whole before you know the part, and the highest before you can understand the lowest.

o

It is always possible to make a new begining, to begin again. Any time, any day, any hour, we can make a fresh start & change our whole life.

<u>Prakashchandra, madras, 24 - 10 - 68</u>

સાધક ઈશ્વરપ્રણિધાનથી પ્રભુનો અનુગ્રહ સંપાદન કરે છે
અને તેથી તે સર્વશક્તિમાન ઈશ્વરના
'આ સાધકને સમાધિલાભ થાઓ'
એ પ્રકારના સિદ્ધ સંકલ્પરૂપ અનુગ્રહથી
સમાધિલાભ અને અચિરાત્ મોક્ષ થાય છે.

o સુશિક્ષિત મહારાજા સુંદરેતર કાર્યોમાં પરમ કારણ છે,
કારણકે તેમની આજ્ઞાના પાલનથી સુંદર અને
તેમની આજ્ઞાના અપાલનથી અસુંદર કાર્યો સર્જાય છે.
આજ્ઞા અનાદિસિદ્ધ છે.
સુશિક્ષિત મહારાજા પણ અનાદિ છે.
તે આજ્ઞા ભાવનિક્ષેપે
સયોગી કેવલી અવસ્થામાં રહેલા તીર્થંકર દેવોની અને
દ્રવ્યનિક્ષેપે સિદ્ધાવસ્થામાં રહેલા તીર્થંકરોની ઘટી શકે છે.

o

The only way to gain
the realities of life that satisfy
both soul and body is to turn
within to God & become unified
consciously with him.

आन - आल - इक = स इच्छाइं ।

गीतो विज्ञातः कृत्याकृत्यलक्षणोऽर्थो येन

गीतार्थो बहुश्रुताः साधवः, तत्संबन्धित्वात् गीतार्थः ।

- प्रवचनसारोद्धार वृत्ति । द्वार - १०३ (परिशिष्ट-८)

ભગવાન મહાવીર કહે છે કે:

તજવામાં તેજસ્વિતા છે અને આપવામાં આત્મશ્રેય છે.

ત્યાગની વૃત્તિ એટલે Let go. Be still.

Not medication but meditation.

Relaxation is a result of meditation.

શાંત, સ્થિર, સ્વસ્થ થવું સરળ નથી, પરન્તુ એ થયા વિના આ કષ્ટમય જગતમાંથી મુક્તિ પણ મળનાર નથી.

જેનું બધું છૂટી જાય છે, તેને બધું મળી રહે છે.

જે ખાલી થાય છે, તેનામાં એવું કંઈક પ્રકાશે છે કે તે આખી પ્રકૃતિનો પણ પ્રકાશ હોય અને જે અંધકારમય જીવનને પણ રોશન કરે છે.

o

What a difference between 'make' & 'Let'! In make, the arrow can miss the target. In Let, target comes to meet the arrow.

You are suspended like scales
between your joy and sorrow.
Only when you are empty,
you are at standstill & balanced.
To forget oneself is to reget oneself.
શારીરિક અને માનસિક રોગો માટે Relaxation
આ પાયાની ચિકિત્સા પદ્ધતિ - therapy છે.
Happy people rarely get cancer.
માનસિક તણાવ નાના-મોટા રોગોના મૂળમાં છે,
તેથી એ તણાવ દૂર કરવાના ઉપાય તરીકે
Relaxation મહત્વનો જરૂરી છે.

Meditation and Relaxation

માનસિક Relaxationની અમુક ચાવીઓ છે.
આપણી અંદર કંઈક છે, જે હંમેશા શાંત છે.
એને આત્મા કહો કે બીજું કંઈ...
નામ આપ્યું કામ નહિ પણ
"જે સાચો 'હું' or I or self છે, તે શાંત છે."
એવી અનુભવીઓ કહી ગયા છે અને
એનો અનુભવ આપણને પણ થઈ શકે છે.

આ શરીર એ આપણી સાચી Self નથી,
મન પણ સાચી Self નથી, કારણ કે
એ બંને disturb થઈ શકે છે.
શરીર સુધરી કે બગાડી શકે છે,
મન પણ સારા કે નરસા વચ્ચે ઝોલા ખાઈ શકે છે.
હૃદય જે લાગણીઓનું - ઊર્મિઓનું કેન્દ્ર છે, તેનું પણ
એવું જ છે. Positive અને negative વચ્ચે એ
પણ અસ્થિર રહેતું હોય છે, પરંતુ આપણું જે સાચું
સ્વરૂપ છે, તે તો હંમેશા શાંત અને સ્વસ્થ છે.
ખરું કહીએ તો સ્વ કહેવા જેવું
આપણા પાસે કંઈ જ નથી, સિવાય આત્મા.
સાચું સ્વરૂપ તે આત્માનું રૂપ છે.
સાચો સ્વભાવ તે આત્માનો ભાવ છે.
સાચું સ્વાસ્થ્ય તે આત્માનું સ્થિરપણું છે.
આપણા અંદર રહેલા આ સાચા 'સ્વ'ને પહોંચી જવાય,
તો સંપૂર્ણ શાંતિનો અનુભવ થાય છે તથા
બધાં tensions છૂટી જાય છે.
જેમ મહાસાગરના ઉપરના ભાગમાં તોફાનની અસર
ભલે થાય તથા મોજાઓ ૫૦ કે ૬૦ ફૂટ જેટલાં પણ ઉછળે,

પરંતુ સાગરને તળિયે ૩ કે ૪ માઈલ ઊંડે તો
ચિર શાંતિ છવાઈ રહેલ છે, તે પ્રમાણે વિચારો અને
લાગણીના પ્રવાહમાં તણાઈ જઈ આપણે જ્યારથી ગમે
તેટલો ઉદ્વેગ અનુભવતાં હોઈએ, પરંતુ આપણી સાચી
self તો હંમેશાં શાંત-સ્વસ્થ-સ્વમાં સ્થિત હોય છે.
એ શાંતિ નિકેતન છે, જે આપણી અંદર વસ્યું છે.

વિચારોની શૃંખલાઓ તોડી શકાય,
વિચારોના ટ્રાફિકને રોકી શકાય કે ધીમો પાડી શકાય, તો
આપણા શાંત સ્વરૂપને આપણે ઓળખી શકીએ,
આ જ meditation છે, બીજું કાંઈ જ નહિ અને
સાચું Relaxation પણ આ જ છે, બીજું કાંઈ નહિ.

માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું હોય,
વર્તમાન તેમ જ ભવિષ્યની માનસિક ચિન્તાઓ અને
વ્યાધિઓનો અંત લાવવો હોય, તો એમાં ડૉક્ટરો
મદદરૂપ ન થઈ શકે, કિન્તુ ફીલસૂફો - મહાત્માઓ મદદ
કરી શકે છે, બીજા કોઈ નહિ. આ જ વિચારનો પડઘો
આધુનિક યુગના એક વિખ્યાત મનોવૈજ્ઞાનિક સ્વ. ડૉક્ટર
કાર્લ ગુસ્તાવ યંગના શબ્દોમાં પડે છે. તેઓ કહે છે કે:
કોઈપણ અપવાદ સિવાય ૩૫ વર્ષ ઉપરની ઉંમરના

મારાં બધાં દર્દીઓમાં મને જણાયું છે કે દરેકના ઉપચારમાં અંતિમ જરૂરિયાત જીવનમાં ધાર્મિક દૃષ્ટિકોણ અપનાવાની હતી. હું વિશ્વાસપૂર્વક કહી શકું છું કે પ્રત્યેક દર્દીની માંદગીના મૂળમાં તે તત્ત્વનો અભાવ હતો, જે એક એક યુગમાં એક એક ધર્મ પોતાના અનુયાયીઓને સમજાવતો આવ્યો છે અને કોઈપણ દર્દી સાચા અર્થમાં સાજો થયો નહોતો, જ્યાં સુધી તેણે આ તત્ત્વ પ્રાપ્ત કરવા પ્રયાસ ન કર્યો હોય. એટલે જ દરેક સમજુ ડૉક્ટર દરેક નાની મોટી માંદગીમાં જાણે છે કે કઈ જાતનો રોગ દર્દીને થયો છે. તે એવું એટલું અગત્યનું નથી કે જેટલું અગત્યનું એ તપાસવું જરૂરી છે કે કઈ જાતના દર્દીને રોગ થયો છે.

Meditation - Relaxation વચ્ચે ઘણું સામ્ય છે:

Meditationમાં મન શાંત છે, મૌન છે.

Relaxationમાં પણ મગજ શાંત છે, મૌન છે કે વિચારો છે, તો તેની ગતિ ધીમી પડી ગઈ હોય છે.

Relaxation = ઢીલું મૂકવું.

Re = Again, Lax = loose.

Relaxationમાં Re અગત્યનો છે.

સ્નાયુ અને મનને ઢીલા મૂકવા એ સહેલું નથી.

એ પાછું, પાછું Re - Re કરતાં રહેવું પડે છે.
એટલે કે Re-laxationમાં Re અગત્યનો છે.
તણાવ ન આવે એ માટે સજાગ - સભાન રહેવું પડે છે.
જે બાબત બધા freedomને લાગુ પડે છે, તે કહેવત
અહીં પણ લાગુ પાડી શકાય કે: vigilance is
the price of freedom. અહીં Freedom
from tension એ અર્થ ઘટાવવો રહ્યો.

o પુરુષનો વિવેક તથા સ્ત્રીનો સ્નેહ એકત્ર મળે,
ત્યારે ભક્તિરસ ઉત્પન્ન થાય છે.

o शंभोः प्रणववाच्यस्य भावनात्तज्जपादपि ।
आशु सिद्धिः परा प्राप्या भवत्येव न संशयः ॥१॥
- श्री लिंगपुराणे । (પરિશિષ્ટ-૯)

પુરુષવિષયક સમાધિથી થતી પુરુષવિષયક પ્રશ્ન કરતાં
ઈશ્વરવિષયક પ્રશ્ન મુખ્ય છે.

ઈશ્વરનું જે પ્રકૃષ્ટ સત્ત્વ છે તથા
જગતની જે મલિન સત્ત્વરૂપ ઉપાધિ છે,
તેને લઈએ તો જેમ ઈશ્વર શુદ્ધ ચિતિશક્તિરૂપ છે,
સમગ્ર ભોગ અને પુણ્ય - પાપ તથા અવિદ્યાદિ ક્લેશથી
વગેરેથી રહિત છે તથા પ્રધાનથી ભિન્ન છે, તે પ્રમાણે

જેમ એક શાસ્ત્રના અભ્યાસથી અન્ય શાસ્ત્રમાં તે પ્રકારની વ્યુત્પત્તિ થાય છે, તેમ ઈશ્વર સ્વરૂપના સાક્ષાત્કારથી તેને પુરૂષત્વ અંશમાં સમગ્ર અંશે મળતા પ્રત્યક્ ચૈતન્યરૂપ પુરૂષનો પણ સાક્ષાત્કાર થઈ શકે છે.

પ્રત્યક્ જે પુરૂષ, તેની ચેતના એટલે સાક્ષાત્કાર, તેનો અધિગમ એટલે પ્રાપ્તિ. પ્રત્યક્ પુરૂષનો સાક્ષાત્કાર.

मायां प्रवर्त्तके विष्णौ दृष्ट्वा भक्तिः कृतागुणाम्।
स्वस्वेन प्रकृतेर्भिन्नं स्वं दर्शयति दीपवत् ॥

(પરિશિષ્ટ-૧૦)

જેમ અગ્નિના જ્ઞાનથી વિસ્ફુલિંગોનું જ્ઞાન થઈ શકે પણ વિસ્ફુલિંગના જ્ઞાનથી

અગ્નિની શક્તિ - પ્રકૃતિ વગેરેનું જ્ઞાન થતું નથી, તેમ ઈશ્વરતત્ત્વના સાક્ષાત્કારથી જીવતત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે છે, પરન્તુ જીવતત્ત્વથી ઈશ્વરતત્ત્વનો નહિ.

એક પ્રકર્ષ છે, બીજું અપ્રકર્ષ છે.

o 'વિરતિ' એટલે વિષયેચ્છાની નિવૃત્તિ.

સમકિત એ વિરતિનું આકર્ષણ છે.

સમ્યગ્દર્શન સર્વવિરતિને ખેંચી લાવે છે.

વિવેકજ્ઞાન વિષયેચ્છાનો અંત કરે છે.

બાહ્યવિષયો વિપાકે કટુ છે, ક્ષણભંગુર છે,
અશુચિ છે, અશરણ છે, પર છે, જડરૂપ છે.
સર્વ વિષયોમાં પ્રધાનવિષય આત્મા છે.
તે ચૈતન્ય સ્વરૂપ છે, શરણભૂત છે,
પવિત્ર છે, સનાતન - શાશ્વત છે, જ્ઞાનાનંદથી ભરપુર છે.
અહીં આત્મસ્વરૂપના ભાનમાં વિષયેચ્છા બાધક છે,
તેથી સમ્યગ્દ્રષ્ટિની વિષયેચ્છા શાંત થાય છે અને તે
ક્રમશઃ નાશ પામે છે, તેનું જ નામ 'સર્વવિરતિ' છે,
જે વિવેકજ્ઞાનનું તથા સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે.

important

જ્ઞાનમાર્ગમાં જેની ભૂલ થાય,
તે અધિક નાસ્તિક બને છે.
યોગમાર્ગમાં જેની ભૂલ થાય,
તે અધિક રોગી બને છે.
ભક્તિમાર્ગમાં જેની ભૂલ થાય,
તે અધિક વિલાસી બને છે.

બીજા શબ્દોમાં કહીએ તો નાસ્તિકતાનું ઔષધ જ્ઞાન છે,
આરોગ્યનો હેતુ યોગ છે, વિલાસિતાનું ઔષધ ભક્તિ છે.

°

you are the absolute master
in the realm of your mind.

ઈશ્વરપ્રણિધાનથી શીઘ્ર સમાધિસિદ્ધિ થવામાં

સામાન્ય રીતે નીચેનાં કારણો છે:

१. ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्। गीता

'ध्यानस्वेदेन मनोनिरोधे परम धर्मे प्रवर्तमानं।

योगिनमीश्वरोऽनुगृह्णाति।' - जीवन्मुक्ति विवेक।

(પરિશિષ્ટ-૧૧)

(૨) પ્રકૃષ્ટ સત્ત્વવાળા ઈશ્વર ધ્યેયરૂપ હોવાથી 'ધ્યાતા ધ્યેયરૂપ થાય છે' એ નિયમ પ્રમાણે યોગીનું ચિત્ત અલ્પકાળમાં પ્રકૃષ્ટ સત્ત્વવાળું થાય છે, તેથી રજોગુણ અને તમોગુણનાં કાર્યરૂપ યોગાન્તરાય શાંત થાય છે અને તેથી સમાધિની સિદ્ધિ થાય છે.

(3) સર્વ કલ્યાણગુણયુક્ત, સર્વ કર્મફલપ્રદાતા પરમાત્મા વિષે, તેમના માહાત્મ્ય અવબોધથી સત્વરમાં જન્મને પામતી પ્રેમાત્મક ભક્તિથી વૃત્તિમાં અતિત્વરાથી એકાગ્રતા થાય છે, તેથી ઈશ્વરપ્રણિધાન વડે સમાધિલાભ સત્વરમાં થાય, તે યુક્તિયુક્ત છે.

o ભગવાન જેને યાદ છે, તે ભક્ત કોને યાદ કરે? ભગવાન જેને ભૂલી ગયો છે, તેને કોણ યાદ કરે? અથવા ભગવાનને જે ભૂલી ગયો છે, તેને કોણ યાદ કરે?

## 'નમો અરિહંતાણં'માં 'નમો' પદનો અર્થ

(૧) નમો એટલે નમસ્કાર.
(૨) નમો એટલે અભિમુખતા.
(૩) નમો એટલે કૃતજ્ઞતા ભાવ.
(૪) નમો એટલે પાપોની કબુલાત.
(૫) નમો એટલે આભારભર્યું હૃદય.
(૬) નમો એટલે ખુલ્લા થવાની ક્રિયા.
(૭) નમો એટલે સમર્પિત થવાની ક્રિયા.
(૮) નમો એટલે ગ્રહણ કરવાની પ્રક્રિયા.
(૯) નમો એટલે ખુલ્લું હૃદય, ખુલ્લું મન.
(૧૦) નમો એટલે વફાદાર ટકવાનો દાવો.
(૧૧) નમો એટલે ભય-ચિંતાદિનો અસ્વીકાર.
(૧૨) નમો એટલે સંપૂર્ણ શ્રદ્ધા, આદર, બહુમાન.
(૧૩) નમો એટલે ભાવનો આભારપૂર્વક સ્વીકાર.
(૧૪) નમો એટલે પોતાના શુદ્ધ સ્વરૂપની અભિમુખતા.
(૧૫) નમો એટલે દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમન.
(૧૬) નમો એટલે અનંત આનંદ, સુખના નિધાનમાં વાસ.

૦ રોજની કુલ ૨૦ માળા મોક્ષમાર્ગ પ્રાપ્તિ માટે:

'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' તથા નમોત્થુણંની ૯ સંપદાઓની એક એક માળા ગણવી.

## ઉત્તમ મનુષ્યનાં ત્રણ લક્ષણ:

(૧) અહિંસાયુક્ત હોય છે તે ભયમુક્ત રહે છે.
(૨) ડહાપણયુક્ત હોય છે તે મૂંઝવણમુક્ત રહે છે.
(૩) સદ્ગુણયુક્ત હોય છે તે ચિંતામુક્ત રહે છે.

આ સૃષ્ટિમાં રહેલ અદ્ભુત વ્યવસ્થાના નિયામક અથવા સંયોજક તરીકે ઈશ્વરની સત્તા અત્યંત આવશ્યક છે.

## ન્યાય કુસુમાંજલિ - કર્તા ઉદયન

कार्यायोजनधृत्यादेः पदात् प्रत्ययतः श्रुतेः।
वाक्यात् संख्याविशेषाच्च साध्यो विश्वविदव्ययः ॥१॥

(૧) કાર્યનું કારણ (૨) આયોજન ક્રિયાના કર્તા
(૩) સૃષ્ટિનો કોઈ આધાર (૪) વેદના રચયિતા
(૫) વેદવાક્યમાં શક્તિપ્રદાતા (૬) શિક્ષક (૭) વિધાતા.

બે પ્રકારના કારણ: સ્વરૂપસત્ અને વ્યાપારવત્.

સંનિધિમાત્રથી અને મનોવ્યાપારથી થાય તે સ્વરૂપસત્ તથા કુલાલાદિનું દંડાદિકરણ વડે થાય તે વ્યાપારવત્ ગણાય.

## ડોંગરેજી મહારાજ કહે છે કે:

ઇંદ્રિયો ભોગથી દુર્બળ બને છે, ભક્તિથી પુષ્ટ થાય છે.

°

Soul and body are safe only when they are One with Spirit.

ધ્યાનનો મહિમા કારતક સુ-૮ રાત્રે

(૧) પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ
એ ત્રણ ધ્યાન છે, ત્યાં સુધી મન છે.

(૨) ચોથા રૂપાતીત ધ્યાનમાં મન શાંત થઈ જાય છે,
મનનું functioning રોકાઈ જાય છે.

(૩) શુક્લ ધ્યાનના પહેલાં પાયામાં વિતર્ક
પૃથક્ત્વરૂપે દ્રવ્ય-ગુણ-પર્યાયનું ચિન્તન કરાય છે.

(૪) શુક્લ ધ્યાનના બીજા પાયામાં વિતર્ક
ગુણ-પર્યાયનું દ્રવ્યમાં વિલિનીકરણ થાય છે તથા
માત્ર દ્રવ્યનું ચિન્તન રહે છે.

(૫) મન વડે ચિન્તન છે, ત્યાં સુધી ભક્તિ છે.
મન આત્મામાં લીન થાય પછી જ્ઞાનની ભૂમિકા આવે છે.

(૬) ભક્તિ અને જ્ઞાનનો પાયો વૈરાગ્ય છે.
વૈરાગ્યની ઓછામાં ઓછી શરત કંચન-કામિનીનો ત્યાગ છે,
બ્રહ્મચર્ય અને અપરિગ્રહવ્રતનું પાલન છે.

(૭) ધ્યાન પરિપક્વ થવાની નિશાની અંતરંગ ભેદવિજ્ઞાન,
બાહ્ય મન-વચન-કાયાની સ્થિરતા, અહં-મમનો ત્યાગ.

(૮) સર્વ જીવો સાથે ગુણથી એકતાનું અનુભવન એ
ભાવનાનો વિષય છે. ધ્યાન ટાણે સ્વરૂપરમણતા થાય છે.

મનને નિઃસ્પંદ, નિસ્તરંગ, નિર્વિકલ્પ કરવું અને
જ્યોતિઃસ્વરૂપ જણાવવું, તે રૂપાતીત ધ્યાનનો પ્રકાર છે.
તેને 'નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ' શબ્દથી ઓળખાવાય છે.

(૧૦) જ્ઞાનમાર્ગ સર્વશ્રેષ્ઠ છે, તેથી ઉતરતો ભક્તિમાર્ગ
તથા તેથી ઉતરતો કર્મમાર્ગ છે.

જ્ઞાનમાર્ગ એટલે આત્માનું સ્વસંવેદન તથા
ધ્યાન અને સમાધિ વડે આત્માનુભૂતિ કરવી તે.

ભક્તિમાર્ગ એટલે આત્મસમર્પણ.

કર્મમાર્ગ એટલે ઉદયાગત કર્મને સમભાવે વેદવા તે.

Ahmedabad Dt: 28-10-68

શ્રી ઉપમિતિ પૃ-૧૧૧ શ્લોક ૨૪૯ થી ૨૫૩

यत्प्राप्तं प्राप्यते देव भवताऽत्र शुभाशुभम् ।
नित्यं तत्रोपयुक्तानि तान्येव ननु कारणम् ॥

અર્થાત્ઃ જે તમારા વડે સારું શુભ કે અશુભ પમાડ્યું છે
કે પમાય છે, તેમાં નિશ્ચે તેઓ જ કારણ છે.
કાળ, સ્વભાવ, કર્મ, ભવિતવ્યતા મળી, વારંવાર વિચાર
કરીને એકી મતે થઈને જે કરવાનું હોય, તે નક્કી કરે છે.

ત્યાં ગુણધારણ પૂછે કે:

यद्येवं भगवन् अत्र विधातव्ये शुभाशुभे ।
किमकिंचित्करी वर्ते सर्वथाऽहं बतात्मना ॥ (પરિશિષ્ટ-૧૨)

ત્યારે કેવળી ભગવંત ફરમાવે છે કે:

सूरिराह महाराज ! नैवं संस्थाः कदाचन ।
परिणामस्तवामुनि भवानेवात्र नायकः ॥१॥

વગેરે બહુવાને છેવટે કહે છે કે:

ततस्ते निजवीर्यत्वं प्रधानं भूप ! कारणम् ।

અર્થ: પોતાની યોગ્યતા જ પ્રધાન કારણ છે અને
તું પોતે જ સ્વચિત્તસ્વચિત્તમાં નાયકરૂપે છો.
અહીં જીવની સ્વતંત્રતા અને સામર્થ્ય દર્શાવ્યું છે.

૦ સરાગ કે વીતરાગ અવસ્થા બાહ્યવિભૂતિમાં નહિ,
કિન્તુ જીવોના પરિણામોમાં છે.
સ્ત્રીઓની શૃંગારાવસ્થા જોઇને સરાગીને
અપ્રશસ્ત રાગભાવ થાય છે, જેનું ફળ પાપબંધન છે.
વીતરાગની બાહ્યવિભૂતિ જોઇને સરાગીને
પ્રશસ્ત ભાવ થાય છે, જેનું ફળ પુણ્યબંધન છે તથા
વીતરાગીને તેનું ફળ કર્મનિર્જરા છે.
એ કારણે વીતરાગ-સરાગભાવ પોતાના પરિણામમાં છે,
પરન્તુ બાહ્યવિભૂતિમાં સરાગ-વીતરાગભાવ નહિ.

अविहिकया वरमकयं असूयावयणं भणन्ति समयण्णू ।
पायच्छित्तं अकए गुरुअं वितहकए लहुअं ॥

अकरणाद् मन्दकरणं श्रेयः । (પરિશિષ્ટ-૧૩)

## નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવનિક્ષેપ

(૧) જેમાં વાચ્ય - વાચક ભાવસંબંધ હોય, તે નામનિક્ષેપ.
(૨) અતત્ - તદતત્ આકૃતિ ભાવસંબંધ જેમાં હોય,
તે સ્થાપનાનિક્ષેપ કહેવાય છે.
(૩) જેમાં સમવાય સંબંધ હોય, તેને દ્રવ્યનિક્ષેપ કહે છે.
(૪) જેમાં વ્યક્તિ અને ગુણોમાં તાદાત્મ્ય સંબંધ હોય,
તે ભાવનિક્ષેપ કહેવાય છે.

## પ્રત્યેક નિક્ષેપના ચાર - ચાર ભેદ

નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવનિક્ષેપમાં
પ્રત્યેક ઉપર ચાર - ચાર નિક્ષેપ ઘટે છે.
(૧) નામનું નામ, નામની આકૃતિ, નામનું દ્રવ્ય, નામનો ભાવ.
ઘટ એવા અક્ષર, ઘટ એવા અક્ષરની આકૃતિ,
ઘટ કંબુગ્રીવાદિમાનનો તદતત્ બોધ અને અતત્ બોધ.
(૨) સ્થાપના એવું નામ, સ્થાપનાની આકૃતિ,
સ્થાપનાનું અનુપયુક્ત જ્ઞાન, સ્થાપનાનો સ્પષ્ટ બોધ.
(૩) દ્રવ્ય એવું નામ, દ્રવ્યશબ્દની આકૃતિ,
દ્રવ્યનું દ્રવ્યજ્ઞાન, દ્રવ્યનો ભાવબોધ.
(૪) ભાવ એવું નામ, ભાવની આકૃતિ, વિકલ્પરૂપ ધ્યેયનો
વિચાર, ધ્યેયરૂપમાં નિર્વિકલ્પ તદાકારવૃત્તિ થઈ જવી તે.

ધ્યાનની ભૂમિકા: Dt: 2-11-68

(૧) આરાધક - ભ્રૂમધ્યમાં રહેવું છે.
(૨) પ્રકાશ - ચક્રનું સ્પષ્ટ દર્શન.
(3) પરિભ્રમણ - ચક્રનું પરિભ્રમણ.
(૪) મસ્તક - ઉર્ધ્વમુખી જ્યોતિ.
(૫) મૂલાધાર - જ્યોતિનું નીચે જવું.
(૬) બ્રહ્મરન્ધ્ર - કુંડલિનીનું ઉર્ધ્વગમન.

યોગમાર્ગ તથા ધ્યાન ઉપર વિશેષ પ્રકાશ

(૧) ધ્યાનની શરૂઆતમાં નાસિકાની અંદર દૃષ્ટિ રાખવી. જ્યાં બન્ને આંખની અણીઓ મળે છે, તે ભાગથી અંદર સહેજ નીચે દૃષ્ટિ આપવાથી શ્વાસ ધીમો પડે છે, સુષુમ્ણા થાય છે, પવન ઉંચો બ્રહ્મરંધ્ર તરફ જાય છે.

આ ક્રિયાથી પવનનો જય થાય છે.
પવનના જયથી મનનો જય થાય છે.
એ માટે શાંભવી મુદ્રા ઉપયોગી છે.

(૨) દરેક કાર્ય કરતી વખતે નાસાગ્ર પાસે પરમાત્માના દર્શન કર્યા પછી કાર્ય કરવું. પરમાત્માને શરીર અર્પી દેવું.

(3) નાસાના મૂળમાં અંદર ધારણા કરવાથી પ્રાણજય થાય છે.

(૪) આંખોના ખૂણા પાસે નાકમાં દૃષ્ટિ રાખવાથી સુષુમ્ણા થાય.

(૫) શરીર સ્થિર કરી આસન વાળી બેસવું.
ગરદન બને તેટલી ઊંચી અને સીધી રાખવી.
આંખો મીંચી નાસાગ્ર તરફ જોવું એટલે કે બંને નસકોરાં
મસ્તક માટેના લેખામાં લઈ એક જ ઠેકાણે મળે છે,
તે સ્થળે બરાબર જોવું. તે બરાબર રીતે થતાં
દૃષ્ટા, દૃશ્ય, દર્શન જતાં રહે, ત્યારે જે બ્રહ્મસ્વરૂપ
થઈને રહે છે, તે જ 'નિર્વિકલ્પ સમાધિ' ઇત્યાદિ છે.

(૬) નિર્વિકલ્પ સમાધિનો બીજો પ્રકાર

બંને આંખ અગાઉ નાસિકાની પાસે બે ખૂણા છે.
એક ખૂણાથી બીજા ખૂણા સુધી આડ વાંકી સીધી લીટી દોરવી.
પછી તે લીટીના બે અગ્રોમાંથી બે ભવાંની વચ્ચે સીધી
બે લીટીઓ એક ઠેકાણે મળે તેમ દોરતાં ત્રિકોણ થશે.
ભવાંની વચ્ચે જે ઠેકાણે લીટીઓ સાથે મળે છે,
તે ભ્રૂમધ્ય સ્થળ છે.
ત્યાં આંતરદૃષ્ટિ રાખી જોતાં ત્યાં આવેલ બિન્દુરૂપને
જ્યારે દેખે છે તથા તે ઉપર જ લક્ષ ચોંટ્યું રહે છે,
ત્યારે પાંચે ઇંદ્રિયોનું ભાન રહેતું નથી.
પછી બિંદુની આસપાસ દેખાતા પ્રકાશ ઉપર લક્ષ આપવું.
આ રીતે પણ નિર્વિકલ્પ સમાધિ થાય છે.

(૭) જે કોઈ મહાપુરુષો આત્માની સર્વ સંપત્તિ પામ્યા છે, પામે છે અને પામશે, તે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ આત્માનું જ ધ્યાન તથા આરાધનાદિ કરીને જ પામે છે.

(૮) શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માના દર્શનથી જે કાંઈ આનંદ પ્રગટે છે, તેના એક અંશ જેટલો આનંદ સંસારના વિષયોમાં અખંડ રાજ્યોના સ્વામીને પણ મળતો નથી.

શુદ્ધ આત્મભાવમાં રહેનારને
જ્ઞાન અને વિરતિભાવ વગેરે ગુણો સ્વયમેવ પ્રગટે છે.

શુદ્ધ આત્માનું સ્મરણ કરવું, તેના જેવું ઉત્તમ
અન્ય કોઈ પણ તીર્થ નથી અર્થાત્ તે સર્વોત્તમ તીર્થ છે.

નવ તત્ત્વમાં આત્માનું જ્ઞાન મુખ્ય છે.
આત્મજ્ઞાનથી મોક્ષ થાય છે. આત્માને પૂર્ણ રીતિએ જાણ્યા પછી બીજું કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. નવ તત્ત્વોનું જ્ઞાન પણ આત્માના અનુભવ માટે જ છે.

આ કારણથી આત્માને નિશ્ચય અને વ્યવહાર -
બંને રીતે સ્પષ્ટપણે જાણવો જોઈએ.

(૧) વ્યવહારનો સાદો અને સરળ અર્થ:
પરદ્રવ્યપણે પરિણમેલ આત્મસ્થિતિ છે. નિશ્ચયનો અર્થ મૂળ દ્રવ્યપણે પરિણમેલ આત્માની સહજ સ્થિતિ છે.

(2) ઉત્પત્તિ અને નાશરૂપ પર્યાયમાં પરિણમેલ તત્ત્વ તે
વ્યવહાર અને ધ્રૌવ્યપણે રહેલ સ્થિતિ તે નિશ્ચય.

(3) વિભાવ પરિણતિપણે બહાર આવેલી આત્મશક્તિ તે
વ્યવહાર અને સત્તાગત સ્વભાવમાં રહેલી
સ્વાભાવિક આત્મશક્તિ તે નિશ્ચય.

(4) નિશ્ચયથી આત્મા દ્રવ્યરૂપે એક છે અને
વ્યવહારથી ગુણ-પર્યાયરૂપે અનેક છે.
આત્માના સ્વભાવભૂત ગુણપર્યાયોનો આત્માથી અભેદ છે.
વ્યવહારનય ભેદ કરે છે, તે ઔપચારિક છે.
આત્માનું વિવિધપણું વ્યવહારથી છે,
નિશ્ચયથી આત્માનું વિવિધપણું બનતું નથી.

(5) ગતિ, જાતિ, ઇંદ્રિય, વેદ, જન્મ, મરણ આદિ
કર્મકૃત ભેદો વ્યવહારનયથી જાણવા છે,
નિશ્ચય સ્વરૂપ પ્રાપ્તવ્ય છે.
કર્મકૃત સ્વરૂપ ઔપાધિક છે.
ઉપાધિના કારણે સ્ફટિક લાલ-પીળું દેખાય છે, પરન્તુ
ઉપાધિ દૂર થતાં જ તે સત્યસ્વરૂપે પ્રકાશે છે.

o

*Prayer is the pathway*
*to peace and bliss.*

o કર્મના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા
ભવ્યની અશુદ્ધિ વડે વધે છે, વિશુદ્ધિ વડે ઘટે છે.
ભવ્યવિશુદ્ધિનાં ૩ સાધનો: ઈંદ્રિયકષાયનો જય,
બંધ-મોક્ષાદિનો વિચાર તથા સુવિશુદ્ધ આત્માનું લક્ષ્ય.
અનાદિ કર્મસંબંધ યોગ્યતારૂપી સહજમલ
એ જ વિશ્વવિચિત્રતાનું કારણ છે.
અન્ય કોઈ ઈશ્વરાદિ આ વિવિધતાના હેતુ તરીકે ઘટતા નથી.
સહજમલ સામાન્ય સ્વરૂપે એક છે પણ કાળ, સ્વભાવ,
નિયતિ, પૂર્વકૃત કર્મ અને પુરુષકારાદિના ભેદે
ભિન્નતાને પામે છે અને જીવથી અલગ પણ થઈ શકે છે.
આત્મામાં પરિણામિતા અને સહજમલમાં સાંસિદ્ધિકતા
માનવાથી પુરુષાર્થનો અવકાશ રહે છે.
પુરુષકારમાં નિમિત્ત કારણ દેવ, ગુરુ, સંઘ, સાધર્મિક તથા
તેમની ભક્તિ અને તે માટે મનુષ્ય જન્મ, ઉત્તમ જાતિ,
કુળાદિ સામગ્રી માનવી જોઈએ અને તે બધાંનો ભાવ-
અભાવ પૂર્વકૃત શુભાશુભકર્મનાં કારણે માનવો જોઈએ.
પુરુષકાર અને દૈવ નિશ્ચયનયથી સ્વતંત્ર છે,
વ્યવહારનયે પરસ્પર સાપેક્ષ છે.
પુરુષકારથી દૈવ અને દૈવથી પુરુષકાર - એમ અન્યોન્ય
બાધિત થાય છે, તેથી અન્યોન્ય સાપેક્ષતા રહેલી છે.

આંતરપુરુષાર્થ એટલે...

ચિત્તવૃત્તિઓનો રોધ કરી, પરમાત્મા સાથે ઉપર જ
તેને સ્થિર કરી, તે સ્થિરતાની અત્યંત અભિવૃદ્ધિ થાય,
તે માટે તેનો પુનઃ પુનઃ અભ્યાસ કરવો તે.

બાહ્યપુરુષાર્થ એટલે...

તે અભ્યાસ માટેની દેવ-ગુરુ આદિ
બાહ્ય સામગ્રીઓનો યથાવત્ ઉપયોગ કરવો તે.
નિમિત્ત તે બાહ્ય અને ઉપાદાન તે આંતર.

ત્રણ પ્રકારના વિચારો

(1) Rationalist - પ્રત્યક્ષ પ્રમાણવાદી (યુવાનો)
(2) Pragmatic - પરિણામવાદી (મુત્સદ્દીઓ)
(3) Transcendental - અતીન્દ્રિયવાદી (ધર્મગુરુઓ)

At one point, at one time એક સાથે
એક જ કાર્ય ઉપર કેન્દ્રિત થવાથી ચમત્કાર સર્જાય છે,
પણ તેમાં આત્મા કરતાં દેહ બળવાન ન થવો જોઈએ.

ક્રિયા એકડો છે, જ્યારે જ્ઞાન મીંડાં છે.
ક્રિયાની સાથે જ્ઞાન વધતું જાય,
તો એકડા ઉપર મીંડાં ચઢતાં જાય છે.

°

Inertia = નિષ્ક્રિયતા.

० कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनाः सुरागिणः ।
ते पुरुषा वै ह्यज्ञानतमाः पुनरायान्ति यान्ति च ॥१॥

(પરિશિષ્ટ-૧૪)

० નિરાસક્તિ એટલે નિરાગ્રહીપણું, તટસ્થતા.
વિશ્વભરમાં વ્યાપ્ત વિશ્વાત્મક ચેતના કે
વિશ્વશક્તિને પ્રાપ્ત કરવાની એક માત્ર રીત તે ધ્યાન.
જેણે ધ્યાનમાં પ્રગતિ કરવી હોય,
તેણે આહાર ને જીવન સાત્ત્વિક બનાવવું જોઈએ.
ધ્યાનનું સ્થાન મન અને મનનું સ્થાન શરીર છે.
શરીર એ સ્થૂળ અને મન એ સૂક્ષ્મ સાધન છે.
સૂક્ષ્મ સાધન વધારે શક્તિશાળી અને તીક્ષ્ણ હોય છે,
પરંતુ તેને સ્થૂળનો સહારો જોઈએ છે.
શક્તિનો કદી ક્ષય થતો નથી, માત્ર તેનું પરિવર્તન થાય છે.
તમે જે મેળવ્યું છે, તે એક યા બીજા રૂપે કાયમ રહે છે.
નબળી વસ્તુની અસર જલ્દીથી થાય છે,
સારી વસ્તુની અસર વિલંબે થતી હોય છે.
સાધકે બાબતોમાં રહેલું જે સારું હોય, તે જ
જોવાની ટેવ પાડવી જોઈએ, દોષ પોતાના જોવા જોઈએ.
કૃપાળુદેવના સત્સંગની શક્તિ હજારો તપ અને વ્રત
કરતાં વધી જાય છે. સત્સંગ શક્તિઓનો ખજાનો છે.

નમો પદ ઉત્તમ છે...

મોક્ષનું, જિનનું અને શાંતિ - તુષ્ટિ - પુષ્ટિ - શુદ્ધિનું.

નમો પદમાં મુક્તિ, મુક્તિનો માર્ગ અને તેના સાધકને

નમસ્કાર હોવાથી તે મોક્ષનું ઉત્તમ પદ છે.

નમો પદથી દર્શનની શુદ્ધિ થાય છે.

નમો પદમાં મતિ આદિ પાંચ જ્ઞાનોને ધારણ કરનારને

નમવાનું હોવાથી તે જિનનું પણ ઉત્તમ છે,

નમો પદથી જ્ઞાનની શુદ્ધિ થાય છે.

નમો પદમાં તપ - સંયમ અને તેથી કર્મક્ષય કરનારને

નમસ્કાર હોવાથી તે શુદ્ધિનું ઉત્તમ છે.

નમો પદથી ચારિત્રની શુદ્ધિ થાય છે.

દર્શનગુણથી તુષ્ટિ, જ્ઞાનગુણથી પુષ્ટિ અને ચારિત્રગુણથી શાંતિ અને શુદ્ધિ થાય છે. એ રીતે અર્હદ્ આદિ પંચપરમેષ્ઠિઓનો નમસ્કાર જ્ઞાન - દર્શન - ચારિત્રગુણની શુદ્ધિ કરે છે, તેથી પુષ્ટિ - તુષ્ટિ - શુદ્ધિ - શાંતિકર થાય છે.

જિનગુણ પુષ્ટિકારક, ચારિત્રગુણ શુદ્ધિકારક અને ભક્તિગુણ તુષ્ટિકારક છે.

o ચતુઃશરણગમન ધ્યેય છે.

તેમાં બાધક અંતરાયોનો નાશ દુષ્કૃતગર્હાથી થાય છે અને સાધક સામગ્રીની પૂર્તિ સુકૃતાનુમોદનથી થાય છે.

ગુણસમાપત્તિરૂપ પ્રથમ શરણ સંસર્ગારોપથી થાય છે.
ગુણીની સમાપત્તિરૂપ બીજું શરણ અભેદારોપથી થાય છે.

'મયિ તદ્રૂપં ।' તે સંસર્ગારોપ છે,

'સ એવાઽહં' તે અભેદારોપ છે.

અરિહંતાદિ ચારમાં રહેલ શરણાગમનને મુખ્ય બનાવવાથી સંસર્ગારોપ અને તે દ્વારા સ્વશુદ્ધાત્માની સાથે અભેદાનુભૂતિરૂપ પ્રણિધાન થાય છે, તે અભેદારોપનું ફળ છે.

સં. ૨૦૨૫, કારતક વદી ૨, સોમ, ૬/XI/૬૮

નમો અરિહં - અરહં - અરુહં - તાણં.

રાગ - દ્વેષ - મોહને - હણનારા.

જ્ઞાન - દર્શન - ચારિત્રને - આરાધનારા.

દુષ્કૃતગર્હા - સુકૃતાનુમોદન - શરણાગમનને કરનારા.

તેમને નમસ્કાર, સત્કાર, સન્માન ભવભયનું ત્રાણ છે.

પંચપરમેષ્ઠિ ભગવંતો

ભવસમુદ્રમાં દ્વીપ છે તથા મોહાંધકારમાં દીપ છે.

તેઓ શરણ્ય છે, ગતિ છે, આલંબન છે, આશ્રયાધાર છે.

रागी दोषान् न पश्यति । द्वेषी गुणान् न पश्यति ।
मोही शरणं न गच्छति । ज्ञानी स्वदोषान् पश्यति ।
श्रद्धावान् परगुणान् पश्यति ।
चारित्रवान् स्वशरणं गच्छति ।

રાગદોષનો નિગ્રહ કરનાર સ્વદોષનું જ્ઞાન છે.
દ્વેષદોષનો નિગ્રહ કરનાર સ્વપર ગુણનું દર્શન છે.
મોહદોષનો નિગ્રહ કરનાર શુદ્ધાત્મ સ્વરૂપનું શ્રદ્ધા છે.

સ્વ શુદ્ધાત્મ સ્વરૂપ કેવું છે?

દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી ભિન્ન છે. તે અનંતચતુષ્ટય સંપન્ન અને નિત્ય, નિરંજન, ધ્રુવ, શાશ્વત પદ છે.

ભાવનગર, 11/11/68

જન્માદિ આપનાર કુકર્મમાં સુખની ભ્રાંતિ અજ્ઞાનીને જ થાય છે. કુકર્મોદયથી જીવ વિવિધ પ્રકારના વિષયોને ભોગવે છે પણ તેના પરિણામરૂપે દારૂણ દશા અનુભવે છે. ભોજનની - જળોની કે સોનાની પુષ્ટિ અધિક દુઃખરૂપ જ છે.

સુખના સંસ્કાર ઇચ્છાને વધારે છે.

ઇચ્છા એ અગ્નિની જેમ સંતાપ કરનારી છે.

વિષયપ્રાપ્તિથી થતી ઇચ્છાની શાંતિ ક્ષણિક છે.

ઇંદ્રિયો તો અતૃપ્ત જ રહે છે.

સુખ - દુઃખ અને મોહ ત્રણે વૃત્તિઓ ભિન્ન હોવા છતાં દુઃખાત્મજાતિથી એક જ દુઃખની જ ત્રણ પેટા જાતિઓ છે. એક સ્કંધ ઉપરથી બીજા સ્કંધ ઉપર ભાર જાય છે, કિન્તુ ભારની નિવૃત્તિ થતી નથી.

પુણ્ય સુખ આપે છે, પાપ દુઃખ આપે છે,
એમ ફળભેદ છતાં પરાધીનતા બંનેમાં સરખી છે,
તેથી પાપની જેમ પુણ્યનું ફળ પણ દુઃખરૂપ જ છે.
પરમાત્માનું ધ્યાન, સ્મરણ કે ભક્તિ તે જ છે કે જેમાં
પુણ્ય-પાપરહિત શુદ્ધસ્વરૂપનું હૃદયમાં ચિન્તન થાય છે.
પરમાત્માના દેહાદિની વર્ણના તે વ્યવહાર સ્તુતિ તથા
પ્રભુના જ્ઞાનાદિગુણોની સ્તુતિ કરવી તે નિશ્ચય સ્તુતિ છે.
પુણ્ય - પાપરહિત નિર્વિકલ્પ સ્વરૂપવાળા
શુદ્ધાત્માનું ધ્યાન કરવું, સ્તુતિ કરવી
તે વાસ્તવિક પરમાત્મધ્યાન અને સ્તુતિ છે.

o સમિતિ = સમ્યક્ આત્મપ્રવૃત્તિ.

સાચો અગ્નિ અલ્પ હોય તો પણ
આખો મણ રૂને ભસ્મ કરે છે.
કાગળમાં લખેલો આખો મણ અગ્નિ પણ અકાર્યકારી છે.
એ ન્યાયે શાસ્ત્રજ્ઞાન જો
આત્મજ્ઞાનનું કારણ બને, તો જ ઉપકારી છે.
વિષયોમાં આસક્ત આત્મા
અજ્ઞાનથી બંધાય પણ વિષયોથી બંધાતો નથી.
જ્ઞાનથી આત્મા મુક્ત થાય પણ શાસ્ત્રાદિ પુદ્ગલોથી નહિ.

વ્યવહારથી શાસ્ત્ર, ગુરુવિનય, આવશ્યકાદિ ક્રિયા
સંવરના અંગ તરીકે સંવર છે, કિન્તુ નિશ્ચયથી
આત્માના સ્વભાવભૂત જ્ઞાનાદિ પરિણામો સંવર છે.
તત્ત્વથી આત્મા જ આસ્રવ અને આત્મા જ સંવર છે.

સ્વચ્છ અને અસ્વચ્છ આદર્શ
આરીસાના આગળ - પાછળના ભાગની જેમ
આત્મદ્રવ્ય જ આસ્રવ - સંવરરૂપ પરિણામને પામે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી
ઉપયોગ અને યોગધારા ઉત્તરોત્તર શુદ્ધ થતી જાય છે.

સર્વ સંવર શૈલેશી અવસ્થામાં હોય છે,
તે પહેલાં યોગની જે અંશમાં સ્થિરતા, તે અંશમાં સંવર
અને જે અંશમાં અસ્થિરતા, તે અંશમાં આસ્રવ છે.

આસ્રવ - સંવરના ભેદો અશુદ્ધ નયને આશ્રયી છે.
શુદ્ધ નયથી આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

શુદ્ધ જ્ઞાનયુક્ત તપ આત્મશક્તિઓને ઉત્પન્ન કરીને
સાધકની ચિત્તવૃત્તિઓનો રોધ કરે છે.

જે તપ કરવાથી કષાયોનો રોધ થાય, કામવિકારની નિવૃત્તિ
થાય અને શુદ્ધ સ્વરૂપનું ધ્યાન થાય, તે તપ શુદ્ધ છે.
દેહદમન તે તપ નહિ પણ જ્ઞાનદશા તે તપ છે.

જ્ઞાનદશા સ્વસંવેદનતારૂપ છે અને
ક્ષયોપશમની ગુપ્તિ આદિના નિવાસસ્થાનરૂપ છે.
જેમ ચંદનની સાથે સુગંધ જોડાયેલી છે,
તેમ શુદ્ધ જ્ઞાનની સાથે તપ જોડાયેલો છે.
જ્ઞાનીઓ કહે છે: 'જ્ઞાનયોગઃ તપઃ શુદ્ધમ્ ।'
તપ વડે નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.
જ્ઞાનસ્વરૂપ શુદ્ધ તપ એ જ ભાવનિર્જરા છે.
શુદ્ધ નિશ્ચયથી આત્મા નિરંતર શુદ્ધ જ છે,
તેને દ્રવ્ય કે ભાવનિર્જરા સાથે સંબંધ છે જ નહિ.
ભાવબંધ = બંધના હેતુભૂત અધ્યવસાયવાળો આત્મા.
દ્રવ્યબંધ = કર્મની સાથે આત્માનો સંબંધ.
દ્રવ્યમોક્ષ = કર્મદ્રવ્યનો આત્મપ્રદેશથી સર્વથા ક્ષય.
ભાવમોક્ષ = તેમાં હેતુભૂત રત્નત્રયમય આત્મા.
રત્નત્રય સાથે જ્યારે આત્મા એકતાને પામે છે, ત્યારે
કીપાયમાનની માફક કર્મો આત્માથી જુદાં પડી જાય છે.
'આત્મા બંધાયેલો છે કે મુક્ત છે'
તે વિચાર અશુદ્ધ નયથી છે.
શુદ્ધ નયથી તો આત્મા બંધોથી રહિત છે.
શુદ્ધ આત્મતત્ત્વનો નિશ્ચય તે જ પરમ અધ્યાત્મ છે.
તે જ ઉત્તમ યોગ છે.

સ્વલ્પ બુદ્ધિવાળાને આ ગૂઢતમ તત્ત્વ ગ્રહણ થતું નથી,
તેથી તેને આપવાથી તે વગોવશે.
દુર્જનને ચક્રવર્તીનું ભોજન હિતકારી નિવડતું નથી.
વ્યવહારમાં નિષ્ણાંત જીવ આ તત્ત્વનો સાચો અધિકારી છે.

વ્યવહાર સે દેવ જિન, નિહચેસેં હૈ આપ,
યે હિ બચન સે સમજ લે, જિન પ્રવચન કી છાપ...(૧)

વ્યવહારનયથી જિન ભગવાન એ સત્ દેવ છે.
સ્વરૂપાનંદમાં રમણ કરે તે દેવ.
નિશ્ચયથી પોતાનો આત્મા જ દેવ છે.
જિનપ્રભુની ભક્તિથી તેમના સત્ સ્વરૂપનો લક્ષ થતાં, તેમની અંતરંગ ચેષ્ટા પ્રત્યે દ્રષ્ટિ અર્પણપણે ઉલ્લસિત થતાં, પોતાનું આત્મભાન પ્રગટે છે અને પોતે સ્વરૂપરમણતા રૂપ દેવપદનો સાક્ષાત્કાર કરે છે.

નહિ ગ્રન્થ માંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિ ચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહીં ભાષા ઠરી.
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો...(૧)

જ્ઞાન તો જ્ઞાનીમાં જ છે.
ત્યાંથી તેની લક્ષ, અનુભવ કે પ્રાપ્તિ કરો.

સામ્યપ્રાપ્તિનું અનન્ય કારણ શુદ્ધ આત્માનો અનુભવ છે.
દેહાદિભિન્ન નિજ નિર્મળ ચૈતન્યઘન આત્માને અનુભવો.
સમની પાસેથી સામ્યપ્રાપ્તિ થાય, તેને પ્રભુ 'સામ' કહે છે.

"મને એમ દિન-પ્રતિદિન સમજાય છે કે:
જીવનમાં બહાર આવવા કરતાં અંદર જવામાં જ ખરી
શાંતિ, તૃપ્તિ અને સમૃદ્ધિ છે. ઉપરાંત એમ લાગે છે
બહાર આવવાની ઈચ્છા એટલે અંધારામાં જવાની ઈચ્છા.
'અંદર જવું' એટલે પ્રકાશમાં જવું.
સદ્ગુરુદેવની કૃપા અને પરમાત્માનો અનુગ્રહ જીવનમાં
અતિ આવશ્યક, માર્ગદર્શક તથા ઉપકારક બને છે."

- Jambuvijayji

## ધ્યાન અને યોગનું માહાત્મ્ય

'યોગની ઘણી ક્રિયાઓનું ફળ મૃત્યુમાંથી મુક્તિરૂપે મળે,
તેનો અર્થ 'મૃત્યુના ભયમાંથી મુક્તિ' એમ સમજવાનો છે.
ધ્યાન એ યોગની સાતમી ભૂમિકા છે, ત્યાં પહોંચવા માટે
પહેલાંની છ ભૂમિકાઓમાંથી પસાર થવું પડે છે.
એ માટેની સમજશક્તિ તથા ધીરજ બંને હોવાં જરૂરી છે.
સામાન્ય રીતે માનવની જે ૯ ગુહ્ય શક્તિ સુપ્ત હોય છે,
તે યોગસાધનાથી વિકાસ પામે છે.

અર્થની ભાવના                    Dt: 12/11/1968

આર્તધ્યાનનાં કારણ એટલે પુદ્ગલની આસક્તિ અને
સહેજ પણ ઓછું સહન કરવાની
અશક્તિ અથવા નિઃસત્ત્વતા અથવા નિર્બળતા.
હૃદયના જેવા ભાવ કે અધ્યવસાય,
તે જ સમયે તેવાં પ્રકારનાં કર્મનો બંધ થાય છે.
આર્તધ્યાનનું મૂળકારણ સ્વાર્થભાવનાની પ્રબળતા છે.
સ્વના એકાંતિક વિચારમાંથી જ આર્તધ્યાન ઉદ્ભવે છે.
મહાપુરુષો સ્વાર્થથી મુક્ત હોય છે, કેમકે
તેમને પરાર્થનું વ્યસન હોય છે.
પરના ભલાની વાતમાં એમને મુખ્ય રસ હોય છે.
દુઃખ રોગનું હોતું નથી પણ રાગ-દ્વેષનું હોય છે.
કાયાના રોગ કરતાં આત્મરોગ ભયંકર છે.
પ્રતિપક્ષ ભાવનાથી રાગાદિનો હ્રાસ થાય છે.

લોકસ્વરૂપ ભાવના

મનુષ્ય શરીર ઉપરથી લોકસ્વરૂપનો બોધ થાય છે.
પુરુષ = આત્મા. તેના જ્ઞાન - દર્શનગુણ આત્માકાર છે,
તેમાં લોકનું સ્વરૂપ ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે,
તેથી અધ્યાત્મ દૃષ્ટિએ લોકને 'પુરુષાકાર' કહ્યો છે.

મોક્ષનો મંડપ સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન રૂપી દ્વારથી
અને સમ્યક્ચારિત્ર રૂપી તોરણથી શોભી રહ્યો છે.
અહીં જગતમાં સારરૂપ કોઈ હોય તો તે શુદ્ધ આત્મા છે,
તે સ્વાનુભૂતિ - સ્વસંવેદન વડે જણાય છે.
તે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી રહિત છે.
શુદ્ધનયનો વિષય છે, તેથી તે સારરૂપ છે, ધ્યેયરૂપ છે.
શુદ્ધ આત્મા તરફ જે ભાવ ઉઠ્યો, તે ભાવ મંગળરૂપ છે.
તે અશુભની નાશક અને શુભની પરંપરાનો સર્જક છે.
સિદ્ધાંતના સારરૂપ શુદ્ધ આત્મા સ્વાનુભૂતિગમ્ય છે.
તે જ ઇષ્ટદેવ છે, તે જ ઇષ્ટગુરુ છે, તે જ ઇષ્ટધર્મ છે.
તેનું સ્મરણ, કીર્તન, વંદન તે અપૂર્વ મંગળ છે.
તે સમ્યગ્દર્શનના પરમ કારણરૂપ છે.
તે સ્વસત્તાથી ભાવરૂપ છે, પરસત્તાથી અભાવરૂપ છે.
તે સત્તા ચૈતન્યભાવથી ભરેલી છે.
આત્મા પોતે પોતાને સ્વાનુભૂતિ વડે જ જાણે છે.
વિકલ્પ, રાગ કે વાણી વડે તે જાણી શકાતો નથી.
ચૈતન્ય વસ્તુની શક્તિ અપાર - અનવધિ છે.
શુદ્ધાત્મ તરફ જે પર્યાય વળે, નમે તે ભાવનમસ્કાર છે.
તે ભાવમંગળ છે, તે મિથ્યાત્વાદિ પાપનો વિધ્વંસક છે.

Sanderao, Dt. 20-11-68

એક વસ્તુ ખાસ લક્ષમાં રાખવા લાયક છે કે જગતનું બધું ય આપણા આત્મા સાથે કશો સંબંધ ધરાવતું નથી, ત્યારે વિતરાગ પ્રભુ તથા આપણા આત્માને ગાઢ સંબંધ છે.

વીતરાગ એ આપણું જ શુદ્ધસ્વરૂપ છે.

આપણા આત્માને પરાકાષ્ઠાએ પ્રભુના જેવું જ થવાનું છે. વીતરાગ દશાએ પહોંચવું એ જ આત્માનું એક ધ્યેય છે. આ રીતે સ્વઆત્માને વીતરાગ સાથે ઘનિષ્ઠ સંબંધ છે. વીતરાગ પ્રભુના દર્શન, પૂજન, વંદન, સ્મરણ, ચિન્તન,

ભજન આદિ દ્વારા ગુણાનુરાગ થાય છે.

વીતરાગસ્વરૂપના આલંબન દ્વારા આત્મવિશુદ્ધિ થાય છે.

સાગરમાં જેમ નદી ભળી જાય, તેમ વીતરાગમાં આપણો આત્મા, આપણું હૃદય અને મન ભળી જાય,

ત્યારે તે ભાવ 'ભક્તિ' ગણાય છે.

મહાપુરુષોના ગુણગાનનું એ પરિણામ આવે કે આપણાને પોતાની આત્મશક્તિનું ભાન થાય, તો તો એ ગુણગાન લેખે લાગ્યાં કહેવાય. ભગવાનના નામસ્મરણમાત્રથી આપણા પાપ ધોવાઈ શકે પણ મહાપુરુષોના નામસ્મરણમાત્રથી કાંઈ પાપ ધોવાય નહિ. પ્રભુના ગુણોનું અનુશીલન કરવું જોઈએ.

જે તત્ત્વ સત્યમાં છે, તેને જો મેળવી શકાય,
તો સર્વ સાર્થક સેતુ બંધાઈ જાય છે.
જે પીગળતા દિલમાં ડૂબકી મારી જાણે છે,
તે દરિયાને પાર કરી જાય છે.
નામ-રૂપના વર્તુળમાંથી બહાર કાઢી અનંતની વાટે
ચઢાવવાનું કાર્ય નામ-રૂપ વડે જ સધાય છે.
આત્મા સારરૂપ એટલા માટે છે કે
તેને સ્વાનુભવ વડે જાણતાં પરમસુખ થાય છે.
આત્મામાં સુખ છે અને તેને સ્વસંવેદન ક્રિયા વડે
જાણતાં તે સુખ વેદાય છે, અનુભવાય છે. બાહ્યપદાર્થોમાં
સુખ નથી, તેથી તેના સામે જોતાં સુખ વેદાતું નથી.
સુખસ્વભાવી આત્મા જ તે કારણે
સર્વ પદાર્થોમાં સારરૂપ, ઉત્કૃષ્ટસ્વરૂપ છે. તે આત્માને
લક્ષમાં લઈને નમસ્કાર કરતાં અપૂર્વ મંગળ સર્જાય છે.
શુદ્ધ આત્માના ધ્યાનમાં જ
અનંત અરિહંત અને અનંત સિદ્ધ સમાઈ જાય છે, કેમકે
બધાયનું સ્વરૂપ સમાન છે. પાંચે પરમેષ્ઠિ અને તેમાં
રહેલાં ત્રણે ગુણનું સ્મરણ, ધ્યાન અને બહુમાન
શુદ્ધ આત્માના નમસ્કારમાં રહેલું છે.

સમ = સમ્યક્ત્વ, અય = જ્ઞાન, સાર = ચારિત્ર
રત્નત્રયરૂપે પરિણમેલો શુદ્ધ આત્મા તે સમયસાર છે.
તે જ ઇષ્ટ હોવાથી તેને નમસ્કાર તે ઇષ્ટને નમસ્કાર છે.
સમયસાર તે સાધ્ય છે, નમસ્કાર તે સાધન છે.
સાધ્ય શુદ્ધ આત્મા છે, તેને નમસ્કાર તે સાધકભાવ છે
અથવા સ્વશુદ્ધાત્માની સ્વાનુભૂતિ તે સાધકભાવ છે.
પ્રત્યક્ષ સ્વસંવેદન તે ભાવશ્રુત છે.
શુદ્ધતાનું સાધન વિકલ્પ નહિ પણ
શુદ્ધ સ્વભાવનું ઘોલન છે, તે સાધકભાવનું સંવેદન છે.
o સત્યની પ્રાપ્તિ અહિંસા, સંયમ અને તપથી છે
અર્થાત્ સત્યની પ્રાપ્તિ નમ્રતા અને અનાગ્રહથી થાય.
વિદ્વાન સત્યને શોધી શકે છે,
તેનું કારણ સત્ય નમ્ર અને નિરાગ્રહી છે.
સત્યના પ્રયોગ ન હોય, તેના ભોગ હોય.
પરમાત્મા અને જીવાત્મામાં કોઈ ભેદ નહિ,
માત્ર ઉપાધિ અર્થાત્ કર્મસંયોગથી ભેદ છે.
જેનામાં જે ગુણ હોય, તે સત્તારૂપથી તેમાં કાયમ રહે છે.
સિદ્ધમાં અનંતચતુષ્ટય પ્રગટરૂપે છે,
જીવમાં તે સત્તારૂપે રહેલા છે.

# જૈન ધર્મ શું નથી અને શું છે?

રાગ-દ્વેષાદિ દોષો ઉપર સ્વયં આક્રમણ ન કરવું અને
રાગ-દ્વેષાદિ દોષોથી આક્રાન્ત થવું, તે જૈન ધર્મ નથી.
જૈન ધર્મ તો રહેલો છે...
રાગાદિ દોષોથી આક્રાન્ત ન થવું અને
રાગાદિ દોષો ઉપર આક્રમણ કરવું તેમાં.
તેમાં જેટલી શિથિલતા હોય,
તેનું પ્રતિક્રમણ કરવું, તે પણ જૈન ધર્મ છે.
આ વીતરાગનો ધર્મ તો તે જ હોઈ શકે કે જે વડે
રાગદ્વેષાદિ મટે પોતાના આત્મામાં શાન્તિ અનુભવાય.
જે ઉપાયોથી શાંતિ, આત્મજ્ઞાન, સમાધિ અને આત્માનંદ
થાય, તે ઉપાયોનું આરાધન-સાધન તે જ જૈન ધર્મ છે.

૦ દિવ્ય માનવની સાચી કસોટી આ છે.
એ જીવન મહાસંતોના દિલમાં શ્રદ્ધાનું જીવન પામી શકે છે.
એ જીવન સંકુચિત થતાં એ માનવ પણ
મોહ, દ્વેષ અને લોભમાંથી મુક્ત બને છે.
કહ્યું છે કે:
'વિનાયકં પ્રકુર્વાણો રચયામાસ વાનરઃ |' અર્થાત્:
વિનાયકને બનાવતા વાંદરો બની ગયો.

## શ્રદ્ધા એટલે...

ગુરુવચન તથા શાસ્ત્રવચન ઉપર અતૂટ વિશ્વાસ.

ચિત્તની એકાગ્રતાનું નામ સમાધિ - સમાધાન.

સમસ્ત જીવોની સાથે સમતા ભાવનાનું નામ શમ અથવા
સર્વ જીવોને પોતાના આત્માની જેમ સમજવા તે શમ.

સમસ્ત ઈંદ્રિયોને બાહ્ય વિષયોથી રોકવા તે દમ.

## વિવેક એટલે...

વસ્તુ - અવસ્તુ, સત્ - અસત્, હેય - ઉપાદેયાદિનો પરામર્શ.
એ જાતિના સદ્વિચારને 'વિવેક' કહેવાય છે કે:
'આત્મા સત્ય, અવિનાશી તથા ઉપાદેય છે અને
પર વસ્તુ હેય છે, કારણ કે
પુદ્ગલાદિ સર્વ વિનાશી, નાશવંત અને અસત્ય છે'.
જેને સદ્વિચાર કે વિવેક ઉત્પન્ન નથી, તેના
ધ્યાન - ધારણાદિ અને તપ - વૈરાગ્યાદિ સર્વ નિષ્ફળ છે.
'इहाऽमुत्रफलभोगविरागः |' વૈરાગ્યને 'વિરતિ' કહે છે.

दृष्टानुश्रविकविषयवितृष्णस्य
वशीकारसंज्ञा वैराग्यम् ।

લૌકિક અને પારલૌકિક એવા સર્વ
વિષયોનો ત્યાગ, તે 'વશીકાર વૈરાગ્ય' છે.

# મહામંત્રનો મહિમા

'मन्यते ज्ञायते आत्मादेशोऽनेन इति मन्त्रः।'
જેના દ્વારા નિજાત્માનો અનુભવ થાય, તે મંત્ર છે.
મહામંત્રના એક એક અક્ષરમાં
પંચ પરમેષ્ઠિની શુદ્ધ ચેતના સદા વ્યાપ્ત છે.

'નમો અરિહંતાણં' પદનો જાપ કરનાર, ભાવથી ઉચ્ચારનાર ત્રણે કાળના અરિહંતોની શુદ્ધ ચેતનામાં સાક્ષાત્ પ્રવેશ કરી તેમનો પુણ્યસ્પર્શ પામે છે. વળી આ નવકાર મહામંત્રનું બીજું, ત્રીજું, ચોથું અને પાંચમું પદ બોલનાર કે રટનાર, ત્રણે કાળ અને લોકમાં વ્યાપ્ત શુદ્ધ ચેતનાની અંદર જઈ વસે અને તેઓના મંગળ પ્રવાહો દ્વારા વીંટળાઈ જાય છે.

'ઓછા મહેનત સાથે વધુ ફળદાયી પરિણામ'
અર્થશાસ્ત્ર તથા મંત્રશાસ્ત્રનું રહસ્ય પણ તે જ થાય છે.

મહામંત્રના જાપ દ્વારા સાધક અનુભવે છે કે દેવ-ગુરુ ધર્મ-સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે આ બધાં તત્ત્વો તે માત્ર શાસ્ત્રનાં નહિ પણ મારાં પોતાના તત્ત્વો છે, મારી અંગત માલિકીના છે. મારાં લોહી, હાડ, માંસરૂપ છે. આવું ભાન થતાં સામર્થ્ય યોગ પ્રગટે છે, સાધકને તેના સ્વાત્મના રત્નનિધિમાં જ સર્વ સામર્થ્ય મળતું લાગે છે.

આ બધાં રહસ્યો સ્વાનુભવના પ્રકાશમાં સમજાય છે,
સ્વાનુભવ સાધનાથી આવે છે.

મંત્રાધિરાજના અક્ષરામૃતને આંખની પાંપણીએ અડાડવામાં જ નહીં, નવકારમહામંત્રના સતત જાપમાં જ સાધના છે. સર્વ પ્રકારના શુભધ્યાનોનો રસાસ્વાદ માણવાનો ઉપાય સતત જાપ કરતાં રહેવું છે. મંત્રાધિરાજના જાપ દ્વારા દરેક પ્રકારનું શુભ ધ્યાન કરવાનું ફળ મળી શકે છે. ધ્યાનના મૂળમાં આત્મતત્ત્વનું શોધન અને અનુસંધાન છે. સર્વ ધ્યાનોનું ધ્યાનપણું તેની આત્મમયતાને લીધે પામે છે. શુદ્ધ આત્મતત્ત્વમાં લય થવાનો સરળ, સહજ અને સત્વર પંથ એક માત્ર શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન છે. આત્મમયતાનું સર્વોચ્ચ બિંદુ એકમાત્ર મહામંત્ર જ છે. મહામંત્રની સાધનાથી આત્માના શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમાં સાહજિક ઉલ્લાસથી લય સાધી શકાય છે.

o

Samadhi is the state of equality of the individual soul and the supreme soul. This is known to be vacuity which is devoid of Dhyana etc.

## ચિત્તપ્રસન્નતા

દુનિયાના કોઈ પદાર્થની તાકાત નથી કે
તે તમને ચિત્તપ્રસન્નતા આપી શકે.
ચિત્તપ્રસન્નતા જગતના સ્થૂલપદાર્થો-પરિસ્થિતિઓમાંથી
નથી આવતી પણ સાક્ષાત્ આત્મપદાર્થમાંથી વહી આવે છે.
ચિત્તપ્રસન્નતા આપનાર શ્રી નમસ્કાર મહામંત્ર જેવો
સાત્ત્વિક પદાર્થ બીજો એક પણ નથી, કેમકે
તે શુદ્ધ આત્મપદાર્થનો જ ભરેલો ભંડાર છે.
સાધનાનું સાચું-અનંતર ફળ એક ચિત્તપ્રસન્નતા જ છે,
સાચા સાધકને તે સિવાયના બીજા ફળ
મળશે કે નહિ તેની જરા ચિંતા હોતી નથી.
સાચો સાધક ભવિષ્યની સલામતી કે સુખ-સગવડને
ઇચ્છતો નથી પણ તેની ઝંખના તો માત્ર વર્તમાન ક્ષણનો
આત્મિક અને સાત્ત્વિક આનંદ લૂંટવાની જ હોય છે.
તે ભાવિની સફળ વ્યવસ્થામાં દેવલોકને શોધતો નથી.
તે તો માત્ર એટલું ઝંખે છે કે હમણાં આ જે ક્ષણ
પસાર થઈ રહી છે, તે ચિત્તપ્રસન્નતાપૂર્વક પસાર થાય.
બાહ્યપરિસ્થિતિ પરિવર્તનશીલ છે,
તેના ઉપર કોઈની પણ ઇચ્છા સ્વાર થઈ શકતી નથી.

પ્રભુ કહે છે કે મારું શાસન આંતરવૃત્તિ ઉપર છે.
તે જો પ્રસન્નતાપૂર્ણ પસાર થાય તો બસ છે.
આંતરસ્થિતિની પૂર્ણ કળા અને
શ્રેષ્ઠ સ્થિતિ તે છે ચિત્તપ્રસન્નતા.
તે છે બાહ્યપરિસ્થિતિથી નિરપેક્ષ એવી પ્રસન્ન આંતરદશા.
તે જ નિત્ય-નવીન પ્રભાવ છે.

o જેના જીવનમાં સંયમ છે,
જે ઇચ્છાઓ, વાસનાઓ અને ઇંદ્રિયોનો ગુલામ નથી
અને જે પરમાત્માને - સ્વાત્માને આધીન છે,
તે જ ખરેખરો સ્વતંત્ર અને સ્વાધીન છે.
વાસનાનું ઔષધ ઉપાસના છે.
તૃપ્ત માનવના શિર ઉપર ત્રિભુવનપતિનું છત્ર છે,
તૃષ્ણાવાનના શિર ઉપર નિર્દયતાથી છુંદતું કાળચક્ર છે.
જીવમાંથી અહંભાવ ન જાય અને ભક્તિ-નમ્રતા ન આવે,
ત્યાં સુધી ધર્મનું ખરું સ્વરૂપ સમજાશે નહિ.
તે માટે સત્સંગ જરૂરનો છે, તે પ્રભુકૃપાથી મળે છે.
એના પ્રદેશમાં પહોંચવા માટે શબ્દ અને સુરતાને,
પક્ષી અને લગનીને એક કરવા પડે છે.
સહજ સાધે સહજને મળવાનું છે.

## સાધનાનું સ્વરૂપ

સત્સંગ, સ્વાધ્યાય, સત્કર્મ, સદ્ગુરુભક્તિ,
પ્રવાહપતિત કર્મ ઈત્યાદિ સાધનાનું સ્વરૂપ છે.
સાધના વિના સિદ્ધિ હોતી નથી.
એવા એક પળ જાગૃત રહ્યા ન હોવા જોઈએ કે જેમાં
‘ઈશ્વર મારામાં છે અને તે બધું દેખી રહ્યા છે’
એવું સતત ભાન બુદ્ધિને ન રહે.
આત્મસિદ્ધિ એ સિદ્ધ થઈ શકે છે.
નિઃશંકતામાંથી નિષ્ઠા, નિષ્ઠામાંથી શ્રદ્ધા અને
શ્રદ્ધામાંથી ભક્તિ ઉદય પામે છે.
બુદ્ધિ = સત્ત્વોદય, ઈંદ્રિયજય = સત્ત્વોત્કર્ષ,
ભક્તિ = સત્ત્વસંશુદ્ધિ.
આત્માભિમુખ બુદ્ધિ = પ્રજ્ઞા.
બુદ્ધિનાશ = બુદ્ધિની આત્માભિમુખતા નષ્ટ થવી.
આત્માભિમુખ બુદ્ધિ સાત્ત્વિક અને નિશ્ચયકારી હોય છે.

o

Meditation is a retiring into the quiet of the soul & relaxing into a peace & rest in which the Spirit within can come forth & speak to the mind.

# શ્રી નવકાર મંત્રનો છંદ

મન શુદ્ધે જપતાં મયણાસુંદરી, પામી પ્રિય સંયોગ,
ઈણે ધ્યાન થકી ટળ્યો કુષ્ટ ઉંબરનો, રક્તપિત્તનો રોગ;
નિશ્ચેશું જપતાં નવનિધિ થાયે, ધર્મ તણો આધાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૧)
ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત;
પરમેષ્ઠિ પ્રભાવે હાર ફુલનો, વસુધામાંહી વિખ્યાત,
¹કમળાવતીએ પિંગળ કીધો, પાપ તણો પરિહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(૨)
ગયણાંગણ જાતી રાખી ગૃહિણી, પાડી બાણ પ્રહાર,
પદ પંચ સુણતાં પાંડુપતિ ઘર, તે થઈ કુંતા નાર;
એ મંત્ર અમુલખ મહિમા મંદિર, ભવદુઃખ ભંજણહાર,
સો ભવિયાં ભક્તે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીએ નવકાર.(3)

ૐ ગ્રન્થ પન્થ સબ જગત કે, બાત બતાવત તીન;
રામ હૃદય મન મેં દયા, તન સેવા મેં લીન. (૧)
લેને કો હરિ નામ હૈ, દેને કો અન્ન દાન;
તરને કો આધીનતા, ડૂબને કો અભિમાન. (૨)
સુખ કે માથે સાલ પડી, જો નામ હૃદય સેં જાય;
બલિહારી વો દુઃખ કી, જો પલ પલ નામ જપાય. (3)

૧ = કળાવતી.

## <u>મહાવીર સ્વામીનું સ્તવન</u>

મહાવીર સ્વામી મોક્ષે સિધાવ્યા ગૌતમ એમ બોલે રે,
ગુરૂની વાતો વાત સંભારી, હૈયું પોતે ખોલે રે. (૧)
વીર વીર તેં આ શું કીધું, શું વિરતાનું પગલું લીધું,
ટળવળતો તરછોડ્યો મુજને, ભૂમિને તે શોધે રે. (૨)
'હે ભગવંત' શબ્દો ફરી કોને સંબોધીશ પ્રભુજી પ્યારા?
'ગોયમ-ગોયમ' મીઠી વાણી, હવે ઈમ કોણ બોલે રે. (૩)
મારી શંકા કોણ નિવારે અથવા ચરણા કોણ ઉતારે?
નાથ વિના જગને આનંદમાં રાખી કોણ હિંચોળે રે. (૪)
મધુરી વાણીથી બોલાવ્યો, શંકા ટાળી શિષ્ય બનાવ્યો,
તો હવે એકલો મૂકી જતાં, ભેરૂ એ શું બોલે રે. (૫)
ભવ ભાગ્યો રહેજે છેડો પકડું કાં તો માંગીશ શિવરમકડું,
એકલા મોક્ષમાં જઈને બેઠા, મૌનપણે અબોલે રે. (૬)
હે વીર હે વીતરાગી, હા હવે સમજ્યો તું વિતરાગી,
પ્રભુ એક પક્ષીયો રાગ જ મારા મનને તે ડોળે રે. (૭)
વિતરાગી છો સાચા સ્વામી, હવે હું સમજ્યો અનુભવ પામી,
મોહ વિશે મેં અવળું ધાર્યું, રાગ નહીં મન બોરે રે. (૮)
એમ વિતરાગી સ્વરૂપ પિછાની, કેવળજ્ઞાની ગૌતમસ્વામી,
અનિત્ય ભાવના ભાવતા <u>ચારિત્રદર્શન</u> જય જય બોલે રે. (૯)

## વીતરાગને વિનંતિ

મનમાં આવજો રે નાથ, હું થઈ આજ સનાથ. (૧)

આદિ પ્રભુ અનુપમ તું, અપ્રભુ કીધાં દૂર;
ભવભ્રમ સહિ ભાંગી ગયાં, તું હી ચિદાનંદ ભરપૂર. (૨)

જય જિનેશ નિરંજણી, ભંજણી ભવદુઃખરાશ,
રંજણી સહિ ભવિચિત્તનો, મંજણી પાપનો નાશ. (૩)

વીતરાગ ભાવ ન આવહી, જ્યાં લગે મુજને દેવ,
તિહાં લગે તુમ પદકમલની, સેવના રહેજો એ ટેવ. (૪)

યદ્યપિ તુમે અતુલ બલી, યશવાદ અમ કર્યોવાદ,
પણ કળજે આવ્યા મુજ મને તે સાહિબ ન જવાય. (૫)

મન મનાવ્યા વિણ માહરૂં, બંધનથી ન છૂટાય,
મનવાંછિત દેતાં થકાં કાંઈ, પાલવડો ન ઝલાય. (૬)

ટઠ બાળનો ઈંધ આતરી, તે ભણી છો જિનરાજ,
ઝાઝું કહાવે શું હોવે, ગાઈઆ ગરીબનિવાજ. (૭)

ભાવવિમલ ગુરુથી ભણી, સહિ ભવિજનના ભાવ,
તો આનંદસુખ લીલા દિયો જેમ ઈહ સુજશ જમાવ. (૮)

૦ બુરા દેખન કો મૈં ચલા, બુરા ન દીસા કોય;
જો દિલ ખોજા આપના, મુજ સેં બુરા ન કોય.

- કબીર

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૬)**
સચ્ચિદ્ બ્રહ્મ સાક્ષાદ્ ગુરૂ છે, પૂજ્ય છે અને હંમેશા સેવ્ય છે. રામ-કૃષ્ણ વગેરે દેવોના સદ્ગુરૂ બ્રહ્મ તારક છે. જગત જ ગુરૂ છે, ગુરૂ એ જ જગત્ છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૭૯)**
અંતરાત્મામાં જે સુખ, પ્રસન્નતા અને પ્રકાશનો અનુભવ કરે છે, તે આત્મરૂપ થયેલો યોગી બ્રહ્મ - નિર્વાણ - મોક્ષને પામે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૯૭)**
જે વિષય ચાલુ નથી, તેનું ખંડન કરતો અને જે વિષય ચાલે છે, તેને પ્રગટ કરતો હોવાથી નિક્ષેપ ફલવાળો છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૯૯)**
દૂર થઈ ગયો છે મોહ જેનો એવો જીવ પોતાના આત્માને સારી રીતે મેળવે છે. જે રાગ-દ્વેષનો ત્યાગ કરે, તે પોતાના શુદ્ધ એવા આત્માને પામે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૦૨)**
વીરપ્રભુને નમસ્કાર કરીને પંડિત પુરૂષોમાં ચંદ્રમા સમાન પૂજ્ય ગુરૂ યશોદેવસૂરિજીને નમસ્કાર કરીને શ્રી વર્ધમાન વિદ્યાકલ્પને જિનેશ્વર ભગવાનની ભક્તિથી હું કહીશ.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૧૧)**
જેઓનું મુખ પ્રસન્નતાનું ઘર, હૃદય દયામય, વાણી અમૃત જેવી મીઠી તથા કાર્ય પરોપકારી હોય, તેઓ કોને વંદનીય ન હોય? મહાત્માઓને મન-વચન-કાયામાં એક જ વસ્તુ હોય છે, દુરાત્માને મન-વચન-કાયામાં અલગ અલગ વસ્તુઓ હોય છે.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૫૬)**
આત્મા જ પોતાનો બાંધવ છે, આત્મા જ પોતાનો શત્રુ છે. હે તાત! કલ્યાણ કરનાર કોઈ દુર્ગતિમાં જતું નથી. મોહ નાશ પામ્યો, સ્મૃતિ મેળવાઈ, તારું વચન હું કરીશ.

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૭૧)
ગીતઃ = જણાયા છે કૃત્યાકૃત્ય સ્વરૂપ અર્થ જેમના વડે તે ગીતાર્થ બહુશ્રુતવાળા સાધુ ભગવંત હોય છે. તેમની સાથે જોડાયેલા હોવાથી ગીતાર્થઃ.

- પ્રવચન સારોદ્ધાર વૃત્તિ, દ્વાર-૧૦૩

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૭૬)
પ્રણવવાચ્ય શંભુના ધ્યાન-જાપથી શ્રેષ્ઠ એવી સિદ્ધિ નિસંશય શીઘ્ર મળે જ છે.

- શ્રી લિંગપુરાણ

### પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૭૭)
માયાને પ્રવર્તાવનાર વિષ્ણુને વિશે અત્યંત ભક્તિમાન મનુષ્યને તે દીપકની જેમ પ્રકૃતિથી ભિન્ન એવા પોતાને (સ્વઆત્માને) સુખેથી બતાડે છે.

### પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૭૯)
જેઓ મને ભક્તિપૂર્વક ભજે છે, મારામાં તેઓ છે અને તેઓમાં હું પણ છું. - ગીતા

આ પ્રમાણે ખેદરહિત મનનો નિરોધ કરે છતે પરમ ધર્મમાં પ્રવર્તતા યોગીઓ ઉપર ઈશ્વર અનુગ્રહ કરે છે. - જીવન્મુક્તિ વિવેક

### પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૮૩)
પ્રભુ! મારાથી કહેવાયું કે શુભ-અશુભ કાર્યોમાં હું આત્માથી સર્વથા અકિંચિત્કર છું.

### પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૮૪)
'અવિધિથી કરવા કરતાં ન કરવું શ્રેષ્ઠ છે. એ વચન અસૂયાવાળું છે' એમ સર્વજ્ઞ ભગવંત કહે છે, કારણકે ન કરવામાં મોટું અને ખોટું કરવામાં ઓછું પ્રાયશ્ચિત્ત છે.

### પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૯૨)
આત્માની વાતો કરવામાં હોશિયાર પણ વ્રત વિનાના અને રાગવાળા એવા અનંત આત્માઓ છે અને તેઓ સંસારમાં આવે છે અને જાય છે.




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૮ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# નવકારમાં પરમેષ્ઠિ વિદ્યા




નવકારના પ્રત્યેક અક્ષર ઉપર ૧૦૦૮ વિદ્યા રહેલી છે.
'અરિહંત - સિદ્ધ - આચાર્ય - ઉપાધ્યાય - સાધુ'
આ સોળ અક્ષરને પરમેષ્ઠિ વિદ્યા કહે છે.
આ સોળ અક્ષરમાંનો દરેક અક્ષર
જગતને પ્રકાશ કરનારો છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in